# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**

**પુસ્તક : 17 • પ્રકરણ : 08 • સળંગ અંક : 200** **26 નવેમ્બર 2011** **ડિજિટલ અવતાર – વીસ**


## રોજ-બ-રોજની લોકશાહી

**• ઋતુલ જોશી**

- શું આપણે લોકશાહીના નાટકમાં પ્રેક્ષક છીએ?
- શું આપણે લોકશાહીના વરઘોડામાં જાનૈયા છીએ?
- શું આપણે લોકશાહીના ટ્રાયલમાં આપણે બચાવ પક્ષ છીએ?
- શું આપણે લોકશાહીની રાહત છાવણીમાં આપણે લૂંટ-ઝૂંટ કરતાં લાભાર્થી છીએ?
- શું આપણે લોકશાહીના મોલમાં મન ફાવે ત્યારે લટાર મારી આવતા ગ્રાહક છીએ?
- આપણો લોકશાહી સાથે સંબંધ શું છે? રોજબરોજના જીવનમાં લોકશાહીની વ્યવસ્થા કેવી રીતે ગોઠવી શકાય?

*

જન-લોકપાલ આંદોલન ચાલ્યું. કોઈક તેને વળગી પડ્યું તો કોઈ તેના પર વરસી પડ્યું. જે વળગી પડ્યા તેમને વરસી પડેલા ન ગમ્યા અને જે વરસી પડ્યા તેમને વળગી પડેલા ન ગમ્યા. સરકારે આદતવશ ખંધાઈ કરી, મીડિયાએ આદતવશ સમાચારને મેલોડ્રામા રૂપે રજૂ કર્યા. કોઈ છવાઈ ગયું, કોઈ ચવાઈ ગયું અને કોઈ સંતાઈ ગયું. કોઈક દિલથી આંદોલનમાં જોડાયું, કોઈ દેશભક્તિનો દેખાડો કરવા માટે તો કોઈ બીજાને દેશદ્રોહી ચીતરવા માટે. સરકારે ખોરી દાનતને 'બંધારણ-વાદ' વડે ઢાંકવાનો પ્રયત્ન કર્યો તો સામે પક્ષે 'સિવિલ સોસાઈટી'ના સીમાડા કોણ નક્કી કરે અને તેમાં સહેલાઈથી કોણ-કોણ પ્રવેશી શકે તેવા પ્રશ્નો પણ ઊભા થયા. એકંદરે કંઈક નવું બનવા તરફના પ્રયાણ છે પણ તેનાં ફળ કેવા પાકે છે તે સમય જ જણાવશે.




મૂળ મુદ્દો અહીં ભ્રષ્ટાચારનો છે અને તેની સામે ગોઠવવા યોગ્ય વ્યવસ્થાનો છે. આ વ્યવસ્થા સંસદીય લોકશાહીના માળખામાં કેવી સુલભ રીતે ગોઠવાઈ શકે તે અંગેના ભિન્ન મત છે અને તેની જ આ લડાઈ છે. લોકશાહી અને ભ્રષ્ટાચાર એકબીજાના પૂરક નથી. સાચી લોકશાહી દ્વારા 'મતદાર'નું 'નાગરિક' તરીકે થતું સશક્તિકરણ ભ્રષ્ટાચારની સામે લડવા માટે અને સમાજની અસમાનતા ઓછી કરવા માટે અકસીર ઈલાજ નીવડી શકે તેમ છે - જે વિવિધ દેશોના અનુભવથી સાબિત થાય છે. તેથી સંસદીય લોકશાહીના માળખાને મજબૂત કરવાના ઉપાયોની વાત કરવાનો આ બહુ સાચો સમય છે. ખરેખરમાં જો આ અંદોલન 'બીજી સ્વતંત્રતાની ચળવળ' હોય તો પછી તેના ભાગરૂપે ભ્રષ્ટાચાર અને તેને લગતા વિવિધ કાયદા, વહીવટી વ્યવસ્થામાં સુધારણા અને તેમાં નાગરિકો પ્રત્યેની પ્રતિબધ્ધતાનું સંયોજન, ચૂંટણી પ્રક્રિયામાં સુધારણા, ન્યાયિક પ્રક્રિયામાં સુધારણાનું આયોજન થવું જ જોઈએ. જેના સંકેત અણ્ણાના છેલ્લા વ્યક્તવ્યમાં જોવા મળેલા અને કંઈક અંશે વિવિધ માધ્યમોમાં તે અંગે ચર્ચા પણ ચાલી. આવી ચર્ચાઓ થોડી તૈયારી અને સંશોધન માંગી લેતી હોવાથી (અને કદાચ ઓછો ટીઆરપી મેળવતી હોવાથી) ટીવી માધ્યમોએ તેને બહુ મહત્ત્વ નથી આપ્યું.

ચૂંટણી પ્રક્રિયામાં સુધારણામાં 'વૈકલ્પિક મત' (Alternative Vote or Ranked Choice Voting) અને 'પાછા બોલાવવાનો હક' (Right to Recall) અને ના-મત (No Vote or Reject all candidates) જેવા વિચારો આગળ પડતા છે. ભારતમાં વૈકલ્પિક મત જેવી જટિલ પ્રક્રિયા રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અને વિધાન પરિષદની ચૂંટણીઓમાં વપરાય છે પણ લોકસભા-વિધાનસભામાં નહિ. જે કરવાથી ડમી ઉમેદવાર જેવા દૂષણો દૂર થઈ શકે અને સર્વ-સામાન્ય બહુમતી-વાદની જગ્યાએ એવી વ્યવસ્થા ઊભી થાય કે જ્યાં ઉમેદવાર પોતાના વિસ્તારમાંથી વધુ અને વધુ લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતો થાય, માત્ર પોતાની પરંપરાગત વોટબેંકનું જ નહિ. જો કે બ્રિટનમાં લિબરલ ડેમોક્રેટ્સ નામનો પક્ષ કન્ઝર્વેટીવ (ટોરી) પક્ષ સાથે ગઠબંધન સરકારમાં છે, તેણે આવા અનેક ચૂંટણી સુધારા કરવાના વાયદા કરેલા પણ આવા નવા વિચારોની લોકપ્રિયતા ન હોવાથી આ અંગે રેફેરેન્ડમ કર્યા બાદ તેમને બહુ સફળતા મળી નથી. ભારતમાં પણ આવા નવા વિચારો વિષે ખુલ્લા મને ચર્ચા થવી જોઈએ અને જો સાનુકુળ આવે તો તેમનો અમલ થવો જોઈએ. તે સિવાય, ભારતમાં ઉમેદવારોની મિલકત અંગે, ચૂંટણીના ખર્ચ અંગે પારદર્શિતા અને સજા પામેલા અપરાધીઓના ચૂંટણીમાં ભાગ લેવા અંગેના મસમોટા યક્ષપ્રશ્નો તો છે જ.

આ બધી રાષ્ટ્રીય સ્તરની નીતિવિષયક ચર્ચાઓમાં એક પાયાની વાત ભૂલાઈ જતી હોય છે - સ્થાનિક સ્વરાજ્યની, સ્થાનિક સ્તર પર લોકશાહીની અને લોક-ભાગીદારીની. છેક ૧૯૯૨માં થયેલા ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારા પ્રમાણે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે શહેરી (મહા) નગરપાલિકા, નગર પંચાયત અને ગ્રામ પંચાયત પાસે પોતાના નાણાંકીય સ્ત્રોત, આયોજન અને અમલીકરણ કરવાની સત્તા વગરે હોવું જોઈએ. આજે વીસ વર્ષ પછી એ માહોલ છે કે મોટાભાગની નગરપાલિકાઓ રાજ્ય સરકાર પર નાણાં, ટેકનિકલ મદદથી માંડીને નાનાં-મોટા વિકાસનાં કામો કરવા માટે સંપૂર્ણ આધારિત છે. નથી તેમની પાસે તાલીમ પામેલો સ્ટાફ કે નથી વિકાસનાં કામ કરવા માટેની સાધન-સંપત્તિ અને અધૂરામાં પુરું તેઓ રાજ્ય સરકારના 'ઉપકાર' પર આધારિત હોય છે, તો પછી પોતે સ્વ-રાજ્યની તરફ કેવી રીતે જઈ શકે. પાલનપુરથી પોરબંદર સુધીના નાનાં-મધ્યમ નગરોમાં પાણી, ગટર, રસ્તા,

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મેલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------


•

**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

**e.mail :**
**vipoolkalyani.opinion@btinternet.com**

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

**Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004**

**e.mail : bharti_parekh@hotmail.com**
**સંપર્ક : ભારતીબહેન પારેખ**


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

ટ્રાફિક, કચરાનો નિકાલ વગેરે જેવી મૂળભૂત સુવિધામાં ધાંધિયા છે તો પછી બાગ-બગીચા, સ્ટ્રીટ લાઈટ કે લાંબા ગાળાના શહેરી આયોજનની વાત તો ક્યાં કરવી!

આપણા આસ-પડોશના વિસ્તારમાંથી કચરાનો નિયમિત નિકાલ થાય, બાળકોને રમવાની, વૃદ્ધોને ગોષ્ઠી કરવાની વ્યવસ્થા થાય, થોડાં ઘણાં ઝાડ-પાન-ફૂલ રોપાય, રસ્તા સુધારે, પાણી મળે, ગટર ના ગંધાય તેવી વ્યવસ્થા ઊભી કરવાની મુખ્ય જવાબદારી સ્થાનિક પંચાયત/પાલિકાની હોય છે. સાથે-સાથે જે તે પડોશ, મોહલ્લા, શેરીમાં રહેતા નાગરિકો પણ સજાગ, સતર્ક થાય અને વ્યવસ્થા જાળવી રાખવામાં સહકાર કરે તો આદર્શ વ્યવસ્થા ઊભી થાય. હવે મૂળ પ્રશ્ન એ છે કે આ આદર્શ વ્યવસ્થા ઊભી કેવી રીતે કરવી? જો જે તે વિસ્તારના નાગરિકો મળીને ક્યાંક ફૂટપાથ કે બેઠક વ્યવસ્થા કરવા માંગે કે તે વિસ્તારમાં કોઈ પણ વિકાસલક્ષી કામ કરવા માંગે તો સ્થાનિક પાલિકા-પંચાયત પાસે એવા કોઈ ભંડોળ ખરા? શું આ કામ કોઈનો 'ઉપકાર' લીધા વગર, 'ચેરિટી'ના રસ્તે સ્થાનિક ફંડ-ફાળો ભેગો કર્યા વગર પાલિકા-પંચાયતમાં ઊભી કરેલી વ્યવસ્થા દ્વારા થઈ શકે? બીજું કે, જે તે વિસ્તારમાં જે કંઈ વિકાસના નામે થાય તેમાં રહીશોની સંમતિની જરૂર ખરી કે નહિ? પાલિકા-પંચાયતમાં વિસ્તાર પ્રમાણે વિકાસનું બજેટ હોઈ શકે તેમાં જે-તે વિસ્તારના નાગરિકોની બહુમતીથી તેનો શો ઉપયોગ થાય તે નક્કી કરી શકાય? શું આવી કોઈ લોક-ભાગીદારીથી સ્થાનિક બજેટ નક્કી ન કરી શકાય? લોકભાગીદારીથી થતું બજેટીંગ (Participatory Budgeting ) અને તે પ્રમાણે અમલીકરણ તે લોકશાહી અને સરકારને ઘર-આંગણે લઈ આવવાની વાત છે. લોકો જો પોતાની આસ-પાસનું વાતાવરણ સુધરતું જોશે તો તેમને લોકશાહીની ધીમી અને કંટાળાજનક પ્રક્રિયાઓના ફાયદા જણાશે અને લોકશાહી શબ્દાર્થમાં લોકો માટે, લોકો દ્વારા ચાલતી વ્યવસ્થા લાગશે અને તેના ફળસ્વરૂપે સ્થાનિક વહીવટમાં પારદર્શિતા આવશે.

મોહલ્લા સમિતિ કે એરિયા સભાઓ રચવાના નિર્દેશ લગતા-વળગતા કાયદાઓમાં હોવા છતાં તે કાગળ પર જ રહે છે. JNNURM (જવાહરલાલ નેહરુ નેશનલ ઉર્બન રીન્યુઅલ મિશન) જેવા સૌથી મોટા શહેરી મિશન મોટા-મોટા પ્રોજેક્ટ શહેરોમાં કરાવી શકે છે પણ તે મિશન હેઠળના 'લોકભાગીદારી ભંડોળ' (Community Participation Fund)નું અમલીકરણ સ્થાનિક સ્તરે કરાવી શકતા નથી. વળી, મોટા-મોટા પ્રોજેક્ટો વખતે ફરજિયાત કરવી પડતી પબ્લિક મિટીંગ શાનદાર હોટેલોમાં ટેકનિકલ જાણકારો વચ્ચે પૂરી થઈ જાય છે, તેમાં લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન નથી હોતો કે ઈચ્છા પણ નથી હોતી. બીજું કે, લોકો વચ્ચે સુમેળ સાથે કામ પાર પાડી શકે તેવો સ્થાનિક પાલિકા-પંચાયતનો સ્ટાફ જોઈએ કે જે લોકોના ગમા-અણગમાને સર્વસંમતિ સુધી સીફતતાથી પહોંચાડી શકે. સરકારી અમલદારો પોતાની જાતને કોઈ મોટા સિંહાસન પર આરૂઢ માનતા હોય તો અને મગજમાં ભરાઈ ગયેલી 'ગવર્નમેન્ટાલીટી'માંથી બહાર ન નીકળી શકતા હોય તો પછી તે લોકો પાસે જઈને એક-બે સારી યોજના વિષે વાત કેવી રીતે કરશે. આવા મૂળભૂત પ્રશ્નોને લીધે એવું થયું છે કે સરકાર અને લોકો વચ્ચે કોઈ સંવાદ જ નથી રહ્યો અને લોકશાહીની યાદ દર પાંચ વર્ષે ચૂંટણી વખતે જ આવે છે. રોજબરોજની સ્થાનિક લોકશાહીના યંત્રો કામ કરતા નથી અને સ્થાનિક સ્તર પર લોકશાહી લઈ જવાની ન કોઈ રાજકીય ઇચ્છાશક્તિ છે કે ન કોઈ વહીવટી ઇચ્છાશક્તિ.

સારું પારદર્શી વહીવટી તંત્ર સ્થાપવા માટે અને નાગરિકોને તેમના હક-ફરજ બંને અદા કરતા કરવા માટેની મજલ બહુ લાંબી છે. જો આમ થાય તો સ્થાનિક સ્તર પર ભ્રષ્ટાચાર આપોઆપ દૂર થશે. આ અશક્ય એટલા માટે નથી કારણ કે દુનિયાના ઘણા વિકાસશીલ અને વિકસિત દેશો લોકતંત્રને શેરી-મહોલ્લા સુધી લાવી ચૂક્યા છે અને તેની આંટી-ઘૂંટીના ઇન્ટરનેશનલ કેસ-સ્ટડી ઢગલાબંધ મળી શકે તેમ છે. બીજું કે, મુદ્દો અહી બધું જ જાહેર ક્ષેત્ર કરે કે ખાનગી ક્ષેત્ર કરે તે નથી. જાહેર ક્ષેત્ર લોકશાહીનું માળખું ગોઠવી શકે અને પછી તેમાં સેવાઓ આપવાનું કામ ખાનગી કંપની કરે કે સરકારી એજન્સી કરે તેનાથી બહુ ફરક પડતો નથી - આખરે કામ થવું જોઈએ. પ્રાઈવેટ સ્કૂલમાં ભણતા, પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેતા, પ્રાઈવેટ કંપનીઓમાં કામ કરતા, નવા મધ્યમવર્ગ માટે અને સરકારોએ જેની સંભાળ લેવાનું છોડી દીધું તે તેવા ગરીબ વર્ગ માટે સંસદ-લોકશાહી-સરકાર તે પ્રતિક માત્ર જ હોય છે. જો લોકશાહીના મૂળિયાં ઊંડા રોપવા હશે તો પછી સંસદ-લોકશાહી-સરકારે લોકોના રોજબરોજના જીવનમાં લાગુ પડતા મુદ્દાઓમાં લોકો સાથે શેરી-મહોલ્લાઓમાં સંવાદ સાધતા શીખવું પડશે.

'The cure for the evils of democracy is more democracy!

—H. L. Mencken, 1926.

(સોમવાર, 5 સપ્ટેમ્બર, 2011)

**(સદ્‌ભાવ : http://charkho.blogspot.com/)**


e.mail : joshirutul@gmail.com


પાંદડું એક લીલું ખરે છે
ને પછી ડાળ ડૂસકે ચઢે છે
એક ને એક અગિયાર કરવા
એ ગણિત અમને ક્યાં આવડે છે ?
બાકી દુનિયામાં બીજું તો છે શું ?
તારા લીધે જ દુનિયા ગમે છે
એને ખુદને ખબર એ નથી કે –
કેમ એ મારી સાથે લડે છે ?
આ બધાં અહીંયાં ખોવાયેલાં છે
કોણ કોને અહીં સંઘરે છે ?
જ્યાં જઈ આપણે ખુદને મળીએ
એ જગા તો અહીં ક્યાં મળે છે ?
છે 'અદમ' ટાંટિયા પણ કબરમાં
મોત પણ માથા ઉપર ભમે છે

– 'અદમ' ટંકારવી

(સૌજન્ય : અદમ ટંકારવીકૃત ૧૦૮ ગઝલો; ક્રમાંક ૭૭)



ભૂપેન હઝારિકા

બિસ્તિરન પારો રે, અહંખ્ય જાનો રે, હાહાકાર હુમિયો નિઃશબ્દે નિરવે,
ભૂરાલ હૂઈ તુમ્હી, ભૂરાલ હૂઈ ભુવોઁ કી ઓર …

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …
વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

નૈતિકતા નષ્ટ હુઈ, માનવતા ભ્રષ્ટ હુઈ
નિર્લજ્જ ભાવ સે બહેતી હો ક્યૂં ? …

ઇતિહાસ કી પુકાર, કરે હુંકાર,
ઓ ગંગા કી ધાર, નિર્બલ જન કો,
સબલસંગ્રામી, સમગ્રોગામી, બનાતી નહીં હો ક્યૂં ?

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

અનપઢજન, અક્ષરહીન, અનગિનજન, ખાદ્યવિહીન
નિદ્રવિહીન, દેખ મૌન હો ક્યૂં ? …

ઇતિહાસ કી પુકાર, કરે હુંકાર,
ઓ ગંગા કી ધાર, નિર્બલ જન કો,
સબલસંગ્રામી, સમગ્રોગામી, બનાતી નહીં હો ક્યોં ?

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

વ્યક્તિ રહિત, વ્યક્તિ કેન્દ્રિત, સકલ સમાજ, વ્યક્તિત્વ રહિત
નિષ્પ્રાણ સમાજ કો છોડતી ન ક્યૂં ? …

ઇતિહાસ કી પુકાર, કરે હુંકાર,
ઓ ગંગા કી ધાર, નિર્બલ જન કો,
સબલસંગ્રામી, સમગ્રોગામી, બનાતી નહીં હો ક્યોં ?

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

શ્રુતસ્વિની ક્યૂં ન રહી, તુમ નિશ્ચય, ચિંતન નહીં,
પ્રાણો મેં પ્રેરણા પ્રેરતી ન ક્યૂં ? …

ઉન્મદ અવની, કુરુક્ષેત્ર બની, ગંગે જનની,
નવભારત મેં, ભીષ્મરૂપી સૂત સમરજયી, જનતી નહીં હો ક્યૂં ? …

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

વિસ્તાર હૈ અપાર, પ્રજા દોનો પાર, કરે હાહાકાર, નિઃશબ્દ સદા
ઓ ગંગા ! તુમ, ઓ ગંગા ! … બહેતી હો ક્યૂં ? …

ગંગા બહેતી હો ક્યૂં ? …

# ઓહ મૅન રિવર …
# … ગંગા બહેતી હો ક્યૂં ?

માણસને માણસ જોડે સતત જોડતો રાખતો, તાજગી ઓરતો અવાજ સદાને માટે વિરમી ગયો. હિમાલયની વિશાળ પર્વતમાળાઓ વચ્ચેથી, ઈશાન ભારતમાંથી આવતો આ અવાજ દેશની રાષ્ટ્રીય એકાત્મકતા સારુ દીવાદાંડી શો અવાજ બની રહ્યો. સિનેમા, તક્તો, સંગીત વાટે અસમિયાને ઊંચકીને જગતને ચોક એમણે મૂકી આપેલી.

અમેરિકામાંના ઉચ્ચ અભ્યાસ-કાળ દરમિયાન, મુઠ્ઠી ઊંચેરા આફ્રો-અમેરિકી માનવતાવાદી ગાયક પૉલ રોબસન સાથે પરિચયમાં આવ્યા અને એમની અસર હેઠળ, ભૂપેન હઝારિકાએ શિખરો પે શિખર સર કરી જાણ્યા. જુઓને, ઓસ્કાર હેમરસ્ટાઇન બીજાએ ગઈ સદીની પહેલી પચીસી વેળા, Oh Man River નામક રચેલા આ પ્રભાવશાળી ગીતને અનેક અવતાર મળ્યા, પણ તેને જગપ્રસિદ્ધિ આપી પૉલ રોબસને. મિસિસિપી નદીને વહેતી રહેવા દઈ, આપણા આ બ્રહ્મપુત્રના ગાયકે, કવિએ, ‘બિસ્તિરન પારો …’નો નાદ જગાવ્યો અને પછી, કવિ ગુલઝાર અવતરિત ‘ગંગા બહેતી હો ક્યૂં ? …’ વાટે આપણને દરેકને હચમચાવતા રહ્યા.

•

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય સર્જનને ક્ષેત્રે એક ગરવો અવાજ પણ મૉસ્કો ઠામે તાજેતરમાં ટાઢો પડ્યો. અનુવાદોને ક્ષેત્રે અતુલ સવાણીની બરોબરી કરી શકે તેવા અહીં કે તહીં કેટલા ને કોણ ? તેમાં આ દુકાળ પડ્યો છે. પિસ્તાળીસ સાલનું એ તપ આપણે જોયુંજાણ્યું છે.

અતુલભાઈએ વિદાય લીધી તેની આગળપાછળ, ગુજરાતી આલમને જામનગર મધ્યે દુષ્યન્ત પંડયાની, અમદાવાદ ખાતે મંગુભાઈ આર. પટેલની તેમ જ વલસાડવાસી મોટા ગજાના કવિ નટવરલાલ પંડ્યા ‘ઉશનસ્’ની વિદાય સહેવાની બની છે. ગુજરાતનું જાહેર જીવન આ દરેકની વિદાયે રાંક બન્યું છે. વિલાયતની ‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ના સાંપ્રત પ્રમુખ અનિલભાઈ કાગળવાળાનું અવસાન પણ ભારે આંચકો આપનારું છે. એ તબીબ નખશિખ સજ્જન હતા.

“ઓપિનિયન” આ દરેકને વિદાય વંદના પાઠવે છે.



પૉલ રોબસન

Dere's an ol' man called de Mississippi
Dat's de ol' man dat I'd like to be
What does he care if de world's got troubles
What does he care if de land ain't free

Ol' man river, dat ol' man river
He mus' know sumpin', but don't say nuthin'
He jes' keeps rollin'
He keeps on rollin' along

He don' plant taters, he don't plant cotton
An' dem dat plants' em is soon forgotten
But ol'man river
He jes' keeps rollin' along

You an' me, we sweat an' strain
Body all achin' an' wracked wid pain,
Tote dat barge! Lif' dat bale!
Git a little drunk an' you lands in jail

Ah gits weary an' sick of tryin'
Ah'm tired of livin' an' skeered of dyin'
But ol' man river
He jes' keeps rolling' along

Niggers all work on de Mississippi**
Niggers all work while de white folks play**
Pullin' dose boats from de dawn to sunset
Gittin' no rest till de judgement day

(Don't look up an' don't look down)
(You don' dar'st make de white boss frown)
(Bend your knees an' bow your head)
(An' pull dat rope until you're dead)

Let me go 'way from the Mississippi
Let me go 'way from de white man boss
Show me dat stream called de river Jordan
Dat's de ol' stream dat I long to cross

(Ol' man river, dat ol' man river)
(He mus' know sumpin', but don't say nothin')
(He just keeps rollin')
(He keeps on rollin' along)

Long, low river
Forever keeps rollin'

(Don' plant taters, he don' plant cotton)
(And dem dat plants' em is soon forgotten)
(But ol' man river
(He jes' keeps rollin' along)

Long low river
Keeps singin' dis song

You an' me, we sweat an' strain
Body all achin' and wracked wid pain
Tote dat barge! Lift dat bale!
Git a little drunk and ya lands in jail

Ah gits weary an' sick o' tryin'
Ah'm tired o livin' an' skeered o' dyin'
But ol' man river
He jes' keeps rollin' along!

## 'ગ્રેટ સોલ : મહાત્મા ગાંધી ઍન્ડ હીસ સ્ટ્રગલ વીથ ઈન્ડિયા'ના લેખક

# જોસેફ લેલિવેલ્ડને પત્ર

• દીપક ધોળકિયા

("ઓપિનિયન"ના ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૧ના અંકથી આગળ)

(૭)

25/9/2011

પ્રિય ભાઈ લેલિવેલ્ડ,

આજે ઘણા વખત પછી પત્ર લખું છું, એટલે સીધો વિષય પર જ આવું. આજે આપણે તમારા પુસ્તકના બીજા ભાગના, બીજા પ્રકરણની ચર્ચા કરીશું. શીર્ષક છે: Unapproachability. આ પ્રકરણમાં તમે અસ્પૃશ્યતાના પ્રશ્ન, 'વાઈકોમ સત્યાગ્રહ' અને ગાંધીજીના વલણ વિશે ચર્ચા કરો છો.

તમારું કહેવું છે કે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયાઓ સાથે કામ કર્યું તેની અસર હેઠળ એમના અસ્પૃષ્યતા વિશેના વિચારો ઘડાયા. આ સાચું હોવા છતાં, પૂરતું નથી. આપણે જો એમના આશ્રમ જીવનના સ્વાશ્રયના પ્રયોગો જોઈએ, તો એમાં શ્રમનું ગૌરવ વર્તાય છે અને ત્યાં સંડાસ જાતે સાફ કરવાના એમના આગ્રહમાંથી જ એમના અસ્પૃશ્યતા વિશેના વિચારોનું પોત બંધાયું. માનવમાત્રની અને દરેક પ્રકારના કામની સમાનતા, આ બે એમના મૂળભૂત વિચારો હતા. અસ્પૃશ્યતાનો એમનો વિરોધ આ બે મૂળ સિદ્ધાંતોમાંથી પ્રગટે છે. ગિરમીટિયાઓ સાથે કામ કરવાથી એમના કરતાં પણ બદતર જીવન જીવતા શૂદ્ર અને અતિ-શૂદ્રોની સ્થિતિનો ગાંધીજીને નક્કર ખ્યાલ મળ્યો, એ બરાબર છે, તે ઉપરાંત, ભારતની વર્ણ વ્યવસ્થા અને જાતિપ્રથાની પકડનો અંદાજ પણ એમને અહીં આવ્યા પછી જ આવ્યો હોય એ શક્ય છે. આમ અસ્પૃશ્યતા નાબૂદી એમની Struggle with Indiaનો એક ભાગ છે. અસ્પૃશ્યતા નાબૂદીનું કામ સહેલું નથી, એ વાત એમને સમજાઈ હશે અને એમ પણ લાગ્યું હશે કે દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયાઓના અને અન્ય હિન્દીઓના અધિકારો માટેના સંઘર્ષમાં એમણે જે હથિયારો વાપર્યાં, તેનો ઉપયોગ, અહીં, નવા સંજોગોમાં નવી રીતે કરવો પડશે. એમણે અસ્પૃશ્યતા નાબૂદીને એમના સ્વાધીનતાના કાર્યક્રમમાં પાયાનું સ્થાન આપ્યું હતું; પરંતુ, અસ્પૃશ્યતા સામેના સંઘર્ષ માટે જુદી સ્ટ્રૅટેજીની જરૂર જણાઈ હોય, એમાં નવાઈ નથી.



દિલ્હી-એ-દરબાર ! – વાતોમાં મશગૂલ લેખક દીપક ધોળકિયા, દિવંગત કુદ્સિયાબહેન સવાણી તેમ જ પૂનમબહેન ધોળકિયા

લેલિવેલ્ડભાઈ, તમારી ખૂબી એ છે કે તમે આ બધું સમજો છો, તેમ છતાં ગાંધીની દ્વ્યુપચુ નીતિ, જુદા જુદા સમયે જુદી જુદી વાતો કરવી કે અવારનવાર નવા દૃષ્ટિબિન્દુથી પોતાના મતનો બચાવ કરવાની એમની કહેવાતી તરકીબ વગેરે વાતો કરીને તમારી બધી શક્તિ ખર્ચો છો. આ પ્રકરણ આખું જ 'વાઈકોમ સત્યાગ્રહ'ને લગતું છે એટલે પહેલાં તમારી નજરે ગાંધીજીની ભૂમિકાનું સીધું નિરૂપણ કરવાનું યોગ્ય થશે :

**પૃષ્ઠભૂમિ :** પહેલાં તો 'વાઈકોમ સત્યાગ્રહ' શું હતો, એનાં કારણો શાં હતાં તે જોઈએ : કેરળમાં કોચિન(કોચીન)ની દક્ષિણ-પશ્ચિમે (નૈઋત્ય ખૂણે) વાઈકોમ એક નાનું શહેર છે. એનું શિવ મંદિર પ્રખ્યાત છે. આ મંદિરમાં અછૂતોના પ્રવેશ માટે ૧૯૨૪માં સત્યાગ્રહ થયો. મંદિરનો કારભાર ચાર નામ્બુદિરી બ્રાહ્મણ કુટુંબોના હાથમાં હતો. કેરળમાં નામ્બુદિરીઓ સર્વોચ્ચ બ્રાહ્મણ ગણાય છે. અને જ્ઞાતિ વ્યવસ્થામાં એમને શિખરે મૂકવામાં આવે છે. એમ માનો કે આ મંદિર એમના હાથમાં જ હતું અને એ વખતના ત્રાવણકોર રાજ્યે આ વ્યવસ્થા સ્વીકારી લીધી હતી. અસ્પૃશ્યતા એટલે કે Untouchability તો વ્યાપક હતી જ, પરંતુ ત્રાવણકોર રાજ્યમાં સ્પર્શ તો દૂર, ઉચ્ચ વર્ણની નજીક આવવા બાબતમાં પણ નિયમો હતા. એળવા કોમના માણસે બ્રાહ્મણથી ચાળીસ ડગલાં દૂર રહેવાનું હતું અને પુળયાએ સાઠ ડગલાં. પરંતુ બ્રાહ્મણને આભડછેટ ન લાગી જાય તેની કાળજી પણ એળવા, તિયા અથવા પુળયાએ લેવી પડતી. એમણે હાથમાં ઘંટ રાખવો પડતો, જેથી એના આવવાની ઉચ્ચ વર્ણના લોકોને ખબર પડી જાય. અમુક રસ્તા પર તો આ લોકો આવી જ ન શકે (અંગ્રેજોએ શિમલામાં અમુક રસ્તા પર હિન્દુસ્તાનીઓને ચાલવાની મનાઈ કરી જ હતી ને!) આ જાતિઓ માટે જીવન કપરું હતું. આથી તમે unapproachability અને unseeability શબ્દ વાપર્યા છે તે તો બરાબર જ છે. ગાંધીજીને આવી દારુણ સ્થિતિનો ખ્યાલ નહોતો, એમ તમારા સંશોધનો પરથી જણાય છે.

જો કે એળવા તો નારાયણ ગુરુ જેવા સમાજ સુધારકને કારણે ઊંચે આવવા લાગ્યા હતા, પરંતુ, તિયા અને પુળયાની સ્થિતિ તો ખરાબ જ હતી. નારાયણ ગુરુએ 'એક જાતિ, એક ધર્મ, એક ઈશ્વર'નો સંદેશ આપ્યો અને એળવા સમાજમાં સુધારાના પ્રયાસ કર્યા એની અસર નીચે એળવાઓમાં જાગૃતિ આવી હતી. મંદિરમાં પ્રવેશ માટે મૂળ માગણી એમની જ હતી; પુળયાઓ એમાં સક્રિય નહોતા, કારણ કે આ જાતિપ્રથાના પિરામિડમાં એળવાઓ પોતે પણ પુળયાને હલકા વરણના માનતા હતા! નારાયણ ગુરુ આ બાબતમાં ટકોર કરતા ખરા કે તમે તમારાં મંદિરોમાં તો અસ્પર્શ્યોને આવવા નથી દેતા, પણ નામ્બુદિરીઓ એમનાં મંદિરો તમારા માટે ખોલી નાખે એવી માગણી કરો છો! શરૂઆતમાં નારાયણ ગુરુ આ આંદોલનમાં સાથે નહોતા, પરંતુ પછી એમનો પણ ટેકો મળ્યો.

ખરું જોતાં, આ મંદિરમાં જઈને પૂજા કરવાના અધિકારની લડાઈ નહોતી. સ્થિતિ એ હતી કે મંદિર તરફ જતા રસ્તાઓ પર પણ અછૂત મનાતી જાતિઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો, અને ક્યાં સુધી એ લોકો આવી શકે એની હદબંધી નક્કી કરી દેવાઈ હતી; જરૂરી બોર્ડો પણ લગાડી દેવાયાં હતાં. આ બોર્ડની આગળ જનાર એળવા કે પુળયા અપરાધી મનાતો. આ સંયોગોમાં મંદિરપ્રવેશનું આંદોલન વ્યવહારમાં તો માત્ર મંદિરની પાસેના રસ્તાઓ પર ચાલવાના અધિકાર માટેનું આંદોલન હતું.

**ગાંધીજીની ભૂમિકા :** ગાંધીજીના આભડછેટ વિશેના વિચારોથી પ્રેરાઈને જ ૧૯૨૧માં નારાયણ ગુરુના એક અનુયાયી ટી. કે. માધવને ગાંધીજીનો સંપર્ક કર્યો અને ૧૯૨૪માં કોંગ્રેસની અસ્પૃશ્યતા કમિટીની રચના થઈ. એ વખતે મૌલાના મહંમદ અલી કોંગ્રેસ પ્રમુખ હતા અને માધવન આ કમિટી રચાવાથી એટલા બધા આભારવશ થઈ ગયા કે એમણે પોતાના પુત્રનું નામ પણ મહંમદ રાખ્યું! માધવનના કુટુંબમાં આ નામ સ્વીકારવા કોઈ તૈયાર ન થયું અને એના કારણે મનદુ:ખ વધી ગયું હતું ,એટલે ગાંધીજી જ્યારે વાઈકોમ ગયા ત્યારે એમને લોકોએ વિનંતિ કરી અને ગાંધીજીના કહેવાથી બાળકનું નામ વિજયનાથ રાખ્યું. આ ઘટનાનું મહત્ત્વ આમ તો કંઈ નથી, પરંતુ, પરંપરાથી હટવાથી જો પરંપરા મજબૂત બનતી હોય, તો એ વિદ્રોહ નકામો છે, એવો ગાંધીજીનો દૃષ્ટિકોણ આમાંથી દેખાય છે.

વાઈકોમ સત્યાગ્રહ બાબતમાં ગાંધીજીએ જે વલણ લીધું તેની તમે વિગતે ચર્ચા કરી છે, જેના મુખ્ય મુદ્દા જ અહીં આપું છું : ગાંધીજીએ આ સત્યાગ્રહમાં ભાગ લેવાની બિન-હિન્દુઓને મનાઈ કરી. બીજું, એમણે કોંગ્રેસના કાર્યકરોને પણ બીજાં રાજ્યોમાંથી જઈને સત્યાગ્રહમાં જોડાવાની ના પાડી. એમણે વાઈકોમ સત્યાગ્રહને 'લોકલ પ્રોબ્લેમ' બનવા દીધો અને રાષ્ટ્રીય

સ્તરે ન લઈ ગયા પોતે પણ સત્યાગ્રહ શરૂ થયો તે પછી લગભગ એક વર્ષ સુધી વાઇકોમ ન ગયા. એમણે ઉચ્ચ વર્ણના હિન્દુઓની લાગણી ન દુભાય એવા સમાધાનકારી રસ્તા લીધા. મંદિર પ્રવેશના સત્યાગ્રહના ભાગ રૂપે જ્યારે એમની સમક્ષ ત્યાંના આગેવાનોએ ઉપવાસનું સૂચન કર્યું ત્યારે ગાંધીજીએ એની ચોખ્ખી ના પાડી દીધી. એમણે આના માટે જે તર્ક આપ્યો તે આજે પણ મહત્ત્વનો છે. માગણી મનાવવા માટે દબાણ કરવા ઉપવાસનો હથિયાર તરીકે ઉપયોગ ન કરાય. ઉપવાસ વિરોધી સામે નથી કરવાના. ઉપવાસ પોતાના માણસોના હૃદયપરિવર્તન માટે કરવાના છે અને જેની સામે ઉપવાસ કરતા હોઈએ એના પ્રત્યે દ્વેષભાવ હોય તો એ માત્ર અનૈતિક હથિયાર છે.

ગાંધીજી વાઇકોમ ગયા અને એમણે મંદિરના પુરોહિતોને મળવાની ઇચ્છા દેખાડી તો નાંબુદિરીઓએ એમને મંદિરમાં ન આવવા દીધા, કારણ કે એ તો વૈશ્ય હતા! એમની સાથે મંદિરના બાગમાં મુલાકાત ગોઠવાઈ અને ગાંધીજી પાછા ગયા તે પછી એ સ્થાનની પણ શુદ્ધિ કરવામાં આવી. પુરોહિતો સાથેની વાતચીતમાં પણ ગાંધીજી એમની પોતાની અમુક માન્યતાઓને કારણે દબાયેલા રહ્યા અને પુરોહિતોની દલીલોનો બરાબર જવાબ ન આપી શક્યા. દાખલા તરીકે, પુરોહિતોએ જાતિ અને વર્ણવ્યવસ્થા વિશે પૂછ્યું તો ગાંધીજી એમની સાથે સંમત થયા. એમણે ગાંધીજીને પૂછ્યું કે તમે કર્મ પ્રમાણે જન્મ મળે એમ માનો છો કે નહીં? ગાંધીજીએ એની પણ હા પાડી. બ્રાહ્મણોએ કહ્યું કે કર્મનો સિદ્ધાંત સાચો હોય તો જે કંઈ થાય છે તે બધું બરાબર છે. આ તબક્કે ગાંધીજીએ માત્ર ધ્યાન દોર્યું કે કર્મના સિદ્ધાંતને કારણે અમુક જાતિઓ નીચી છે એમ ક્યાં સાબીત થાય છે? કર્મના સિદ્ધાંતને કારણે આ જાતિઓને સજા કરવાનો બ્રાહ્મણોને શી રીતે અધિકાર મળે છે? પુરોહિતો પાસે આના જવાબમાં માત્ર તુંડમિજાજી હતી. ગાંધીજીએ કબૂલ કર્યું કે એમનું મિશન નિષ્ફળ રહ્યું હતું.

**અસ્પૃશ્યતા અને બે મહાત્માઓ :** ગાંધીજીના ખિલાફત આંદોલનમાં પ્રખર સમાજસુધારક સ્વામી શ્રદ્ધાનંદે સંપૂર્ણ સાથ આપ્યો હતો. દિલ્હીની જામા મસ્જિદમાંથી લોકોને સંબોધન કરનારા તેઓ એક માત્ર હિન્દુ સંન્યાસી હતા અને છે. સ્વામી શ્રદ્ધાનંદ જાતિ પ્રથા અને અસ્પૃશ્યતાના કટ્ટર વિરોધી હતા. ગાંધીજીએ અસ્પૃશ્યતા હટાવવાના મુદ્દાને સ્વરાજના કેન્દ્રમાં મૂક્યો હતો પણ સ્વામી શ્રદ્ધાનંદને લાગ્યું કે હવે ગાંધીજી એમાંથી પાછા હટે છે અને અસ્પૃશ્યતાને બદલે મુસલમાનોના પ્રશ્નને તેઓ વધારે મહત્ત્વનો માને છે. ગાંધીજીએ સ્વામીને કહ્યું કે અસ્પૃશ્યતાનો મુદ્દો હિન્દુઓનો છે અને બ્રિટિશ હકુમત સામેની લડાઈમાં આ મુદ્દાને રાજકીય સ્તરે લેવાથી લડાઈ નબળી પડશે. એ વખતે ખિલાફતના આંદોલનની અસર હતી અને હિન્દુ-મુસ્લિમ નેતાઓ નજીક આવવા લાગ્યા હતા. લેલિવેલ્ડભાઈ, તમે એક નોંધ લીધી છે કે આજે પણ ભારતનાં ગામડાંઓમાં હિન્દુઓ અને મુસલમાનો સંપૂર્ણ સુસંવાદિતા સાથે રહે છે, અને ૧૯૨૦ના અરસામાં પણ રહેતા હતા. સવાલ માત્ર નેતાઓને નજીક લાવવાનો હતો (શું આજે પણ એ જ આવશ્યકતા નથી?) અને ખિલાફત પછી નેતાઓ નજીક આવીને કામ કરે એવી સ્થિતિ પેદા કરવામાં ગાંધીજીને સફળતા મળી હતી.

તમે બહુ સ્પષ્ટ રીતે દેખાડો છો કે સ્વામી શ્રદ્ધાનંદ અસ્પૃશ્યતા બાબતમાં વધારે દૃઢાગ્રહી હતા. સ્વામી ગાંધીજી સાથે અસંમત થતા પરંતુ આંદોલનના નેતૃત્વ માટે એમને જ યોગ્ય માનતા હતા. આમ છતાં, જ્યારે એમને લાગ્યું કે ગાંધીજી સ્વરાજની 'પ્રથમ શરત'ને મહત્ત્વ નથી આપતા ત્યારે એમણે પોતાનો અલગ રસ્તો પકડ્યો અને હિન્દુ મહાસભામાં જોડાઈ ગયા. ત્યાં પણ એમણે સમજાવવાની કોશિશ કરી કે આભડછેટ દૂર ન થાય ત્યાં સુધી હિન્દુ સમાજ ઊંચો નહીં આવી શકે અને અછૂતો ઇસ્લામ ધર્મ અંગિકાર કરી લેશે તો હિન્દુઓ ભારે મુશ્કેલીમાં આવી જશે. હિન્દુ મહાસભા પર તો બ્રાહ્મણોનું જ વર્ચસ્વ હતું. એ તો વધારે કટ્ટરપંથી હતા. સ્વામી એકલા પડી ગયા હતા. ગાંધીજીએ એમના આર્યસમાજી શુદ્ધિ કાર્યક્રમનો વિરોધ કર્યો - શુદ્ધિ શા માટે? સ્વામી જાતિ પ્રથાના ઉપાય તરીકે અછૂતોને શુદ્ધ કરવામાં માનતા હતા, જ્યારે ગાંધીજી માનતા કે અસ્પૃશ્યતા નાબૂદ થાય તો જાતિઓનો પણ કાળક્રમે અંત આવી જશે.

જામા મસ્જિદ પરથી વિશાળ જનમેદનીને સંબોધનાર આ સ્વામીએ મહંમદ પયગંબરની ટીકા કરી અને એ પછી તેઓ મુસલમાનોની નજરે મિત્રમાંથી દુશ્મન બની ગયા અને એક મુસલમાને સ્વામીના નિવાસમાં ઘુસીને એમનું ખૂન કરી નાખ્યું. ખૂનીને ફાંસીની સજા થઈ ત્યારે મુસલમાનોએ ખૂનીને શહીદ ઠરાવ્યો અને એને સ્વર્ગ મળે એના માટે ખાસ નમાજો અદા કરી. બીજી બાજુ, ગાંધીજીએ સ્વામીજીને શહીદ તરીકે ઓળખાવ્યા અને કહ્યું કે આ મોતથી હું દુઃખી થવા નથી માગતો. મોત મળવાનું હોય તો આવું જ મળવું જોઈએ! લેલિવેલ્ડભાઈ, તમે પણ એ વાતની નોંધ લીધા વિના નથી રહી શક્યા કે ગાંધીજીને પણ એ જ મોત મળ્યું. ખરું જોતાં, બન્ને મૃત્યુ સમયચક્રને અધીન હતાં. સ્વામી શ્રદ્ધાનંદજીની હત્યા હિન્દુ-મુસલમાનને રાજકીય ક્ષેત્રે નજીક લાવવાના ગાંધીજીના પ્રયત્નની નિષ્ફળતાનું પ્રતીક હતી અને એ વખતે મુસલમાન અપરાધી હતો. એ જ વૈમનસ્ય ચાલુ રહ્યું અને અંતે સ્વામી શ્રદ્ધાનંદની અંતિમ આશા સમાન હિન્દુ મહાસભાના એક સભ્યના હાથે ગાંધીજીની હત્યા થઈ.

**વાઇકોમનું પરિણામ અને ગાંધીજી :** લેલિવેલ્ડભાઈ, તમને કદાચ સંતોષ થશે કે અસ્પૃશ્યતા વિશે ગાંધીજીના 'ઢીલા વલણ' વિશે ચર્ચા કરવામાં તમને અન્યાય થાય એવું મેં કંઈ નથી લખ્યું. હવે તમે જે રીતે લખ્યું છે તેના જ આધારે વાઇકોમ સત્યાગ્રહના પરિણામ વિશે ચર્ચા કરીએ તો?

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની એમની રીત મુજબ બહુ જ નાનાં સમાધાનો કરી લીધાં. તમે કહો છો કે એમણે અંગ્રેજ પોલિસ કમિશનર સાથે કરેલી સમજૂતીની ભાષા જાણી જોઈને અસ્પષ્ટ રાખવામાં આવી. સમજૂતી આ પ્રમાણે હતી : મંદિરની આસપાસના રસ્તાઓ પરથી પોલિસની વાડબંધી હટાવી લેવી; સામે પક્ષે સત્યાગ્રહીઓ પોતાની મેળે જ એપ્રોચ રોડથી દૂર રહેશે. પરંતુ એપ્રોચ રોડ પર એમના પ્રવેશ સામે બંધી છે તે રદ્ કરવામાં આવશે, પરંતુ એના પર ચાલવાનો કોનો અધિકાર છે અને કોનો નહીં, તે સ્પષ્ટ કરવામાં નહીં આવે!

આની ધારી અસર થઈ. રૂઢિચુસ્તો સમજી ગયા કે હવે રસ્તા પર કોઈ પણ માણસ આવી શકશે. આવવું કે નહીં તે એ માણસ પોતે નક્કી કરશે. મંદિરમાં પ્રવેશ તો ન થયો પરંતુ બધા રસ્તા, બધી જાતિઓ માટે ખુલ્લા થઈ ગયા. નાંબુદિરીઓએ આ વાસ્તવિકતા સ્વીકારી લીધી. વાઇકોમ પછીના એક જ દાયકામાં, ત્રાવણકોર રાજ્યનાં બધાં મંદિરો, બધી જાતિઓ માટે ખુલ્લાં થઈ ગયાં નાંબુદિરી બ્રાહ્મણોએ પહેલાં તો કહ્યું હતું કે તેઓ મંદિરમાં પૂજા-અર્ચના મૂકી દેશે, પરંતુ એમણે એવું કંઈ ન કર્યું. કદાચ ઘરાકી વધી જવાના સંજોગોમાં કામ ન છોડવામાં જ એમને શાણપણ દેખાયું હશે!

**ગાંધીનો દૃષ્ટિકોણ :** લેલિવેલ્ડભાઈ, તમે એવા નિષ્કર્ષ પર પહોંચો છો કે આ હતો દ્વન્દ્વાત્મક ગાંધી. જેને રસ્તે ચાલવાનો અધિકાર ન હોય તેને એ અધિકાર અપાવવા માગે છે પણ એમને રોકનાર વર્ગની સંમતિથી! એ માણસ માત્ર આંદોલનો જ નહોતો કરતો, એની નજર સમક્ષ આંદોલનનો એક નકશો હતો. અસ્પૃશ્યતા માત્ર હિન્દુઓનો વિષય છે એવા એમના આગ્રહમાં કંઈ જ ખોટું નહોતું. કોંગ્રેસ કાર્યકરોને એમણે વાઇકોમ ન જવા દીધા એ પણ સમજી શકાય એવું છે. ત્રાવણકોર બ્રિટિશ પ્રદેશ નહોતું, એક અલગ રાજ્ય હતું. એમાં કોંગ્રેસ જેવી સર્વધર્મી રાષ્ટ્રીય સંસ્થાને જોતરવાનું એમણે ટાળ્યું, કારણ કે એ રાજકીય મુદ્દો હતો જ નહીં અને એમને ખાતરી હતી કે બ્રિટિશ સરકારનું વલણ આ બાબતમાં અછૂતોની તરફ રહેશે. આ સંયોગોમાં કોંગ્રેસને જોતરવાનું યોગ્ય નહોતું. તમે ઉદાહરણ આપો છો કે અન્ય સ્થાનોએ તો એમણે કોંગ્રેસને સામેલ કરી જ હતી. એ સાચું છે, પરંતુ એવાં સ્થળો સીધાં જ બ્રિટિશ હકુમત હેઠળ હતાં. હિન્દુઓ સિવાયના નેતાઓ સત્યાગ્રહમાં ભાગ લે તેથી ફાયદા કરતાં નુકસાન થવાનો સંભવ વધારે હતો.

તે ઉપરાંત, એમણે ખિલાફતનું આંદોલન વધારે વિશાળ વર્ગને બ્રિટિશ શાસન સામે ઊભો કરવા માટે ચલાવ્યું હતું. લોકોને વધારે સંગઠિત કરવાનો એમનો ઉદ્દેશ હતો, તોડવાનો નહીં. અસ્પૃશ્યતાની નાબૂદીને એમણે સ્વરાજની પ્રથમ શરત માની, પણ એ શરત સ્વરાજને જ આડે આવે એ ન ચાલે.

માધવનના પુત્રનું નામ બદલવા પાછળ જે દૃષ્ટિકોણ હતો તે જ મોટા પાયે પણ રહ્યો છે. કોઈ પણ આંદોલન લોકોને જોડવાને બદલે તોડે, તેનો મહાત્માને ખપ નહોતો.

**... અને અંતે :** તમે અંતે માલ્કમ મગરિજનો હવાલો આપીને એક પ્રસંગ ટાંકો છો. ગાંધીજી વાઇકોમ આવતા હતા ત્યારે રસ્તામાં અલ્વાયે (અલુવા) સ્ટેશને ટ્રેન અટકી ત્યારે સમાજના અગ્રણીઓ એમના સ્વાગત માટે ઊભા હતા. ગાંધીજીએ જોયું કે દોરડાની વાડ પાછળ પણ કેટલાક માણસો અલગ ઊભા છે. એ ઉતર્યા, એમની વચ્ચે ગયા અને એમની સાથે મળીને કંઈક ગીત ગાવા લાગ્યા. ફૂલહારો સાથે આવેલા મહાનુભાવો છોભીલા પડી ગયા!

તમારી વાત સાચી છે - અનેક જાતના શબ્દો, પરસ્પર વિરોધી, બન્ને બાજુ ચાલે એવી અને સતત બદલાતી વાતો વચ્ચેથી એવું આચરણ ટપકી પડે છે જે વધારે સશક્ત હોય છે. સાચી વાત છે. એ જ ગાંધી છે. કર્મવીર. હું તમારી સાથે સંમત છું.

કુશળ હશો.

લિખિતંગ
દીપક ધોળકિયા

**(૮)**

28/9/2011

પ્રિય ભાઈ લેલિવેલ્ડ,

ગાંધીના જીવનમાં ઘણુંબધું હતું અને વાઇકોમ સત્યાગ્રહ વખતે એમની નજરમાં બીજી બાબતો પણ હતી, એ આપણે જોઈ લીધું. આ સંયોગોમાં ૩૫૦ પાનાંના મૂળ પાઠમાં (સંદર્ભો વગેરેનાં પાનાં બાદ કરતાં) ૮૩ પાનાં ભરીને ત્રણ પ્રકરણ(૭, ૮, ૯)માં તમે માત્ર અસ્પૃશ્યતાની દૃષ્ટિએ જ ચર્ચા કરો એ વધારે પડતું નથી લાગતું? ખાસ કરીને તમારે મુખ્યત્વે સંદર્ભગ્રંથોના આધારે જ લખવું પડ્યું છે તે જોઈએ તો તમે બીજા ઘણા વિષયો હાથમાં લઈ શક્યા હોત. મારે કહેવાનું તો એ છે કે બીજી ગોળમેજી પરિષદને પણ તમે માત્ર અસ્પૃશ્યતાના દૃષ્ટિકોણથી જૂઓ છો. એ બહુ મહત્ત્વનો મુદ્દો રહ્યો અને ગોળમેજી પરિષદ પર પણ એનો પ્રભાવ રહ્યો, પરંતુ એની સમગ્ર અસર ભારત પર પડવાની હતી, એમાં માત્ર દલિત વર્ગોનું ભાવિ નક્કી થવાનું નહોતું. આજના આ પત્રમાં આઠમાં (Hail, Deliverer) પ્રકરણ પર ચર્ચા કરવા માગું છું.

મારા ધ્યાનમાં એક વાત તો પહેલા જ પત્રથી આવી હતી કે તમે ગાંધીનાં નબળાં પાસાં શોધવા માટે બહુ સક્રિય છો. તમે બીજા સંદર્ભોને તરત માની લો છો અને ગાંધીએ કંઈ કહ્યું હોય તો એને સો ગળણે ગાળો છો. મારે કહેવું જોઈએ કે આઠમાં પ્રકરણમાં આના માટે અવકાશ ઓછો રહ્યો છે, કારણ કે એનું વિષયવસ્તુ એ પ્રકારનું છે. બીજી બાજુ, નવમાં પ્રકરણમાં જુદા જ લેલિવેલ્ડ મળ્યા! એમાં, ગાંધી સાથેના સંઘર્ષમાં તમે પણ એનાં સબળ પાસાં પર તટસ્થ લેખકને શોભે એવી રીતે જોતા થઈ ગયા છો. પણ એ નવમાં પ્રકરણની ચર્ચા વખતે જોઈએ તો વધારે સારું થશે; હમણાં તો આઠમું પ્રકરણ.

***તત્કાલીન ભારતનું રાજકીય દૃશ્ય :*** ૧૯૨૨માં ગાંધીજીને છ વર્ષની સજા થઈ હતી. પરંતુ, માત્ર બે વર્ષ પછી એમને છોડી મૂકવામાં આવ્યા. એમને તબિયતના કારણસર છોડવામાં આવ્યા હોવાથી સજાની મુદ્દત ખરેખર પૂરી ન થાય ત્યાં સુધી રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવાનો ગાંધીજીએ નિર્ણય જાહેર કર્યો. તમારું અર્થઘટન એવું છે કે ગાંધીજીને એવું સમજાઈ ગયું હતું કે એમના હાથમાંથી નેતૃત્વનો દોર સરકી ગયો હતો. ખિલાફતના આંદોલને એમના નેતૃત્વને સ્થાયિત્વ આપ્યું હતું, પરંતુ, હિન્દુ-મુસ્લિમ એકતાનો જુવાળ ઓસરી ગયો હતો. કોંગ્રેસ કાર્યકરો અને નેતાઓએ ગાંધીજીને ખુશ કરવા પૂરતો જ ચરખો અપનાવ્યો હતો. આમ, ગાંધીજી માટે વ્યક્તિગત રીતે આ નિરાશાનો સમય હતો. જો કે, એમનાં ઘણાં વિધાનો એવાં પણ છે, જે સંકેત આપે છે કે ગાંધીજી અનુકૂળ સમયની રાહ જોતા હતા.

આ વખતે મોતીલાલ નહેરુએ બંધારણીય સુધારાનો રિપોર્ટ રજૂ કરતાં કોંગ્રેસની અંદર ભારે વિવાદ શરૂ થઈ ગયો હતો. રિપોર્ટમાં ભારતને ડોમીનિયન સ્ટેટસ આપવાની માંગ કરવામાં આવી હતી. આ સંદર્ભમાં ૧૯૧૨ના અરસામાં કોંગ્રેસે મુસલમાનોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવાનું વચન આપ્યું હતું પણ મોતીલાલ નહેરુના રિપોર્ટમાં એવું કંઈ નહોતું. આ રિપોર્ટના આધારે કોંગ્રેસ સરકાર સમક્ષ માગણી મૂકવાની હતી. ઝીણા આ રિપોર્ટથી બહુ નિરાશ થયા હતા. ૧૯૨૮ના અંત ભાગમાં કલકત્તામાં સર્વ પક્ષી સંમેલન મળ્યું તેમાં ઝીણાએ મુસલમાનોને ૩૩ ટકા સીટો આપવાનો સુધારો રજૂ કરતાં કહ્યું કે 'આપણે એક જ ભૂમિનાં સંતાન છીએ, આપણે સાથે જ જીવવાનું છે.'

બીજી બાજુ, જવાહરલાલ નહેરુ, સુભાષચન્દ્ર બોઝની નવી પેઢી સંપૂર્ણ સ્વરાજની હિમાયતી હતી એટલે આ રિપોર્ટનો વિરોધ કરતી હતી. આ સંયોગોમાં વચલો રસ્તો શોધી આપે એવા કોઈ જણની જરૂર હતી. અને આવો જણ ગાંધીજી સિવાય કોણ હોઈ શકે? તમારી દૃષ્ટિએ, ગાંધીજીને ફરી નેતાગીરી હાથમાં લેવાની તક મળી. એમણે રસ્તો કાઢ્યો કે બ્રિટનને એક વર્ષનો સમય આપવો. ૧૯૨૯ના અંત સુધીમાં જો ડોમીનિયન સ્ટેટસ ન મળે તો સંપૂર્ણ આઝાદી માટે કોંગ્રેસ સંઘર્ષ કરે. આ એક વર્ષ દરમિયાન કોંગ્રેસ ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ હાથ ધરે. વર્ષના અંતે પણ બ્રિટને કંઈ કર્યું નહીં એટલે કોંગ્રેસે ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ને સ્વતંત્રતા દિન જાહેર કર્યો અને આંદોલનની તૈયારી શરૂ કરી દીધી.

**દાંડી યાત્રા :** લેલિવેલ્ડભાઈ, તમારી અવળવાણીમાંથી પણ એક વાત છતી થાય છે કે બધાની નજર ગાંધીજી પર હતી. એમણે જણેજણને સામેલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તમારા શબ્દોમાં કહીએ તો જ્યારે સૌને એકસૂત્રે સાંકળી લે એવો કાર્યક્રમ આવ્યો ત્યારે 'એમાં મૂળભૂત વિજ્ઞાનના ક્ષેત્રમાં શોધ થાય ત્યારે પહેલી વારમાં એમાં જે કલાત્મક દૃષ્ટિકોણની સુંદરતા અને સાદાઈ હોય છે તે એમાં હતી'. સૌને સ્પર્શે એવો મુદ્દો એટલે મીઠા ઉપરનો વેરો.

સાબરમતી આશ્રમથી ૭૮ સાથીઓ સાથે ગાંધીજીએ પગપાળા દાંડી સુધીની યાત્રા શરૂ કરી અને છઠ્ઠી એપ્રિલ ૧૯૩૦ની વહેલી સવારે એમણે સમુદ્રકાંઠે જઈને મીઠું ઉપાડ્યું. એમની સાથે સરોજિની નાયડુ હતાં; એમણે કહ્યું 'મુક્તિદાતાનો જય હો' ('Hail, Deliverer' જે આ પ્રકરણનું શીર્ષક છે. પરંતુ સરોજિની નાયડુએ આવું કહ્યું હોવામાં પણ તમને શંકા હોય એમ એક નાનું વાક્ય પણ જોડો છો - Or so the legend has it. તમને લાગે છે કે આ પણ માત્ર કપોળકલ્પિત કથા હોઈ શકે!)

ત્યાં સુધી સરકારને આ વામન ડગલું વિરાટ દેશને આવરી લેશે એવી કલ્પના નહોતી. ઠેરઠેર લોકો મીઠું પકવવા માટે ઉમટી પડ્યા. દેશ ખરેખર આઝાદ થઈ ગયો હતો. આખા પ્રકરણમાં દુનિયાના ઈતિહાસના આ નવતર પ્રયોગ માટે તમારી પાસે અઢી પાનાંથી વધારે જગ્યા નથી! પાંચમી મે ૧૯૩૦ના ગાંધીજીને પકડી લેવાની સરકારને ફરજ પડી તે પહેલાં જ એમણે ધરાસણામાં મીઠાની ફૅક્ટરી પર અહિંસક છાપો મારવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો અને સરોજિની નાયડુને એની નેતાગીરી સોંપી હતી. માણસો સામી છાતીએ ગયા, પોલીસના ડંડા ઝીલ્યા, લોહીલુહાણ થઈને પડ્યા, આખો દિવસ સરકારી હિંસાનું દમન ચક્ર ચાલતું રહ્યું. તમારા પુસ્તકમાં આ ઘટનાને માત્ર પાંચ-છ લાઇન મળી છે. જો કે એવું નથી કે તમે એનું મહત્ત્વ સ્વીકારતા નથી. જવાહરલાલ નહેરુએ અલ્હાબાદ જેલમાંથી ગાંધીજીને પત્ર લખીને 'નવા ભારત'ને જન્મ આપવા બદલ અભિનંદન આપ્યાં અને તમે પણ એનો ઉલ્લેખ કરો છો તેમ છતાં, નવા ભારત પર તમારું ધ્યાન નથી જતું. તમે હજી ગાંધી સામેની સમસ્યાઓની ગૂંચમાં જ રાચો છો. એ જ કારણે બીજી ગોળમેજી પરિષદમાં અસ્પૃશ્યતાકેન્દ્રિત ગાંધી-આંબેડકર વિવાદ તમારા માટે મહત્ત્વનો બની રહે છે.

**ગોળમેજી પરિષદ :** મીઠાનો કાયદો તોડવાના સત્યાગ્રહ પછી સરકાર અને કોંગ્રેસ વચ્ચે ખાઈ પહોળી થઈ ગઈ હતી. બધા નેતાઓ જેલમાં હતા અને વાતચીત માટે વાતાવરણને હળવું બનાવવાની જરૂર હતી. વાઇસરૉય લૉર્ડ ઈર્વિને ગાંધીજીને છોડવાનો આદેશ આપ્યો અને ભારતને સ્વશાસન આપવા માટે કંઈક કરવાની તૈયારી શરૂ કરી. ગાંધીજી અને ઈર્વિન વચ્ચે આઠ બેઠકો

યોજાઈ અને તે પછી ગાંધી-ઈર્વિન પૅક્ટ થયો. એની શરતો પ્રમાણે કોંગ્રેસ નાગરિક અસહકાર આંદોલન બંધ કરવા અને પરિષદમાં ભાગ લેવા સંમત થઈ. સામે પક્ષે ઈર્વિને મીઠા પરનો કર નાબૂદ કરવા અને બીજા વટહુકમો રદ્દ કરવાની ખાતરી આપી. લેલિવેલ્ડભાઈ, આ વિગતો આપવામાં તમે કેમ આળસ કર્યું તે સમજાતું નથી, કેમ કે ગાંધી-ઈર્વિન કરારને કારણે જ, 'ઈનર ટેમ્પલમાંથી પાસ થયેલો એક રાજદ્રોહી વકીલ, હવે અર્ધો નાગો, સમ્રાટના પ્રતિનિધિના સમોવડિયા તરીકે વાત કરવા માટે વાઇસરૉયના મહેલનાં પગથિયાં ચડતો હોય' એ ચર્ચિલ માટે અસહ્ય થઈ પડ્યું હતું. તમારો બચાવ છે જ, કે બહુ જાણીતી વાતો પર તમે લખવા માગતા નહોતા. સવાલ વાત કેટલી જાણીતી છે તે નથી, તમારો દૃષ્ટિકોણ એ બાબતમાં શું છે તે જાણવામાં વાચકને રસ હોય છે. તમે આ સમજૂતી વિશે એટલી જ ટિપ્પણી કરો છો કે બ્રિટિશ હકુમત આપ-લેનો સોદો કરતી હતી, પરંતુ એ બન્ને પક્ષમાં વધારે સશક્ત હોય એવું નહોતું. હકીકત તો એ છે કે એ જ વર્ષની શરૂઆતમાં, પહેલી ગોળમેજી પરિષદ મળી એમાં પણ ભારતને સ્વશાસન આપવા વિશે ચર્ચા થઈ હતી, પરંતુ કોંગ્રેસે એનો બહિષ્કાર કર્યો હતો એટલે બીજી પરિષદમાં એ જોડાય તેની બ્રિટનને પણ ઘણી જરૂર હતી.

બીજી ગોળમેજી પરિષદની પશ્ચાદ્‌ભૂમિકા તરીકે બ્રિટનની ઘરઆંગણાની સ્થિતિનો તમારો ખુલાસો તર્કયુક્ત છે. ૧૯૨૯માં અમેરિકાનાં શેરબજારો તૂટતાં મહામંદી ફેલાઈ અને એની અસર દુનિયાના બધા દેશો પર પડી. બ્રિટનની આર્થિક સ્થિતિ પણ કથળી. ૧૯૨૯ સુધી કલ્યાણ રાજ્યની અવધારણાનો પણ વિકાસ નહોતો થયો એટલે સરકાર પાસે લોકોને ટકાવી રાખવાના કાર્યક્રમો પણ નહોતા. કરોડો લોકો કામધંધા વિનાના થઈ ગયા હતા અને એ બ્રિટન માટે યક્ષપ્રશ્ન બની ગયો હતો. પૌંડ આંતરરાષ્ટ્રીય ચલણ હતો પણ એની સ્થિતિ ડામાડોળ હતી. ગોલ્ડ સ્ટૅન્ડર્ડ અમલમાં હોવાથી સરકાર સોનાના કુલ જથ્થાનાં મૂલ્યનું ચલણ જ બજારમાં મૂકી શકતી હતી. અર્થતંત્રને ફુગાવાની જરૂર હતી અને એમાં ગોલ્ડ સ્ટૅન્ડર્ડ આડે આવતું હતું. આમ બ્રિટનની સરકારમાં ભારત પર કબજો ચાલુ રાખવો એ બોજારૂપ હોવાની લાગણી પણ હોય એ શક્ય છે. તે ઉપરાંત, એ વખતે રામ્સે મૅકડૉનલ્ડની લેબર પાર્ટીની લઘુમતી સરકાર હતી. એ પાર્ટી રૂઢિચુસ્તોની સરખામણીએ ઓછી સામ્રાજ્યવાદી હતી. એક બાજુથી લઘુમતી સરકાર ચલાવવાનું દબાણ અને બીજી બાજુથી આર્થિક ભીંસ. આ બે પરિબળો ઉપરાંત ભારત પર કબજો જમાવી રાખવાની ઈચ્છા પણ નબળી હોય તો એ દિશામાં મેકડૉનલ્ડ સરકાર વિચારે એમાં નવાઈ નહોતી. (પરિષદ શરૂ થાય તે પહેલાં બોલતાં ગાંધીજીએ બ્રિટનની નબળી આર્થિક હાલત પર ટોણો મારતાં કહ્યું કે આ સ્થિતિમાં ખર્ચનો બોજ ઘટાડવા માટે ભારતને આઝાદી આપવી એ પણ એક ઉપાય છે!)

જો કે, તમારી આ વાત સામે બીજો પક્ષ પણ રાખી શકાય છે. તમે કહો છો એટલી હદે બ્રિટનની સ્થિતિ ખરાબ હોવાનો સંભવ નથી દેખાતો કેમ કે તે પછી ભારતને આઝાદી આપવામાં એને બીજાં સોળ વર્ષ લાગ્યાં અને તે વખત બીજું વિશ્વયુદ્ધ પણ દુનિયાએ જોઈ લીધું હતું.

પરિષદ માટે કોંગ્રેસે એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીને મંત્રણાઓ અને નિર્ણયના બધા અધિકાર સાથે મોકલવાનું નક્કી કર્યું. બીજી બાજુ, મુસ્લિમ લીગ તરફથી મહંમદ અલી ઝીણા અને 'ડિપ્રેસ્ડ ક્લાસિસ'(દલિત વર્ગો)ના પ્રતિનિધિ તરીકે ભીમરાવ આંબેડકર હતા. આ ઉપરાંત હિન્દુ મહાસભા, અને શીખોના પ્રતિનિધિઓ હતા. આખી સૂચી દર્શાવે છે કે કોંગ્રેસને નબળી પાડવા માટે બધી વ્યવસ્થા તૈયાર હતી.

**ગાંધી વિ. આંબેડકર :** તમે બહુ વિગતે આ મુદ્દાની ચર્ચા કરી છે. આ બાબત મહત્ત્વની પણ છે કારણ કે ગાંધીજી અને કોંગ્રેસનું માનવું હતું કે એક બાજુથી કોમી ધોરણે મુસ્લિમોને અલગ કર્યા પછી, સરકારે ગાંધીજીએ જેમને 'હરિજન' નામ આપ્યું હતું તે વર્ગને પણ અલગ કરવાની ચાલ ચાલી હતી. ગાંધીજીની દલીલ હતી કે દલિત વર્ગો હિન્દુ ધર્મના ભાગ છે. હિન્દુ મહાસભાને પોતાના એજન્ડા પ્રમાણે આંબેડકરની ડિપ્રેસ્ડ ક્લાસિસને અલગ ગણવાની માંગ સામે વાંધો નહોતો કારણ કે સવર્ણોનું વર્ચસ્વ ટકી રહે તે માટે ડિપ્રેસ્ડ ક્લાસિસ અલગ થઈ જાય, એ તો એના માટે ભાવતું'તું અને વૈદે બતાવ્યા જેવું હતું. ઝીણા અને શીખોને તો આ મુદ્દો સ્પર્શતો પણ નહોતો અને કોઈ પણ રીતે એમ સાબીત થાય કે કોંગ્રેસ કોઈ વર્ગનું પ્રતિનિધિત્વ નથી કરતી, એમાં ઝીણાને લાભ જ હતો.

આંબેડકરની માંગ દલિત વર્ગો માટે અલગ મતદાર મંડળની હતી. આંબેડકર પોતાને હિન્દુ માનવા તૈયાર નહોતા. ગાંધીજીએ આનો વિરોધ કર્યો અને કહ્યું કે ડિપ્રેસ્ડ ક્લાસિસ હિન્દુ સમાજના ભાગ છે એટલે એમના માટે અલગ સીટો ન હોવી જોઈએ. વળી કોંગ્રેસ સમાજના બધા વર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે અને ડિપ્રેસ્ડ ક્લાસિસ પણ એમાં બાકાત નથી. આંબેડકરે દાવો કર્યો કે આ વર્ગોના તેઓ એકમાત્ર પ્રતિનિધિ છે. લેલિવેલ્ડભાઈ, તમે કહો છો તેમ, હકીકત એ હતી કે આંબેડકર એ વખતે નેતા તરીકે આગળ આવતા હતા એમના પોતાના પ્રદેશની બહાર એમનું નામ દલિત વર્ગોમાં પણ જાણીતું નહોતું થયું. બ્રિટિશ હકુમતે એમને આમંત્રણ આપ્યું એને કારણે એમનો દરજ્જો ઊંચો થયો. તમે કહો છો તે પ્રમાણે, ગાંધીજી આ સ્થિતિ પર આડકતરી રીતે ધ્યાન દોરવા માગતા હતા અને એમણે જીવનમાં કદી ન કર્યો હોય એવો પડકાર ફેંક્યો કે દેશના કોઈ પણ નેતા કરતાં અસ્પૃશ્યો સાથે અને અસ્પૃશ્યો માટે કામ કરવામાં એમની બરાબરી કોઈ કરી શકે એમ નથી અને આજે પણ દલિતોમાં મતદાન કરાવાય તો પોતે સૌથી વધુ મત મેળવશે. તમારો મત છે કે દલિતોમાં જાગૃતિનું સ્તર ખૂબ જ નીચું હોવા છતાં ગાંધીનાં કામ અને નામથી પણ અપરિચિત હોય એવો ભાગ્યે જ કોઈ જ દલિત હશે, એટલે ગાંધીજીનો આ દાવો સાચો હતો.

**ગોળમેજી પરિષદની ફળશ્રુતિ :** ગાંધી-આંબેડકર વિવાદની બધી વાતોની અહીં હું ચર્ચા નહીં કરું અને ગોળમેજી પરિષદના પરિણામ પર સીધો જ આવું છું. રામસે મૅકડૉનલ્ડે પોતાની પાર્ટીમાં જ ભાગલા પાડી દીધા હતા અને હવે એમને રૂઢિચુસ્તોની મદદથી સરકાર ચલાવવાની હતી. આથી, પરિણામ કોંગ્રેસ માટે સારું નહોતું. દલિત વર્ગો માટે અલગ સીટો ફાળવવાનો પણ નિર્ણય લેવાયો. અલબત્ત, અલગ પ્રતિનિધિત્વ માટેનો અધિકાર માત્ર વીસ વર્ષ માટે જ આપવામાં આવ્યો હતો. આમ કોંગ્રેસ માટે આ બેઠકનું પરિણામ સારું નહોતું,

પરંતુ ગાંધીજીએ એમાંથી બહુ આશા પણ નહોતી રાખી. લેલિવેલ્ડભાઈ, આ પરિણામની બાબતમાં ગાંધીજીને પહેલાં પણ આશા નહોતી. તમે ગુજરાતી જાણતા હોત તો અમારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ

## મિડલ-ઈસ્ટ ક્રાઈસીસ

• પંચમ શુક્લ

ઢાંકણીમાં પાણી કે પાણીમાં ઢાંકણી એ કળવું ઘણું મુશ્કેલ છે,
આ કોયડો છે એટલો કાતિલ કે એનો ના સહેલો ઉકેલ છે!

રેતીમાં મૃગજળ ને મૃગજળમાં ઊભી છે આભ અડે એવી ખજૂરી;
પડછાયા ચાવે છે ઊંટના અઢાર જેવી વાયરાને વળગેલી ધૂરી,
એકીટશે જોઈ રહી નિર્જળ આંખોમાં મરૂભૂમિનું શોણ રેલમછેલ છે!
ઢાંકણીમાં પાણી કે પાણીમાં ઢાંકણી એ કળવું ઘણું મુશ્કેલ છે!!

તણખામાં ભડકો ને ભડકામાં વિશ્વ ખાખ થવાની ના કોઈને ધારણા;
હાથ પગ તાપી ને ઓઢી રજાઈ એ'ય! સૂવાની સહુને છે એષણા,
મીંઢી કહો કે પછી મસ્તરામ અલગારી, નિયતિ નરી વંઠેલ છે!
ઢાંકણીમાં પાણી કે પાણીમાં ઢાંકણી એ કળવું ઘણું મુશ્કેલ છે!!

e.mail : spancham@yahoo.com

મેઘાણીનું ગીત તમે અવશ્ય સાંભળ્યું જ હોત, જે એમણે ગાંધીજીની વિદાય વખતે ગાયું: 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ, સાગર પીનારા અંજલી નવ ઢોળજો, બાપુ!' જે આ ગીત વિશે જાણે છે તે એ પણ જાણે છે કે લોકોમાં બીજી ગોળમેજી પરિષદ વિશે શી ભાવના હતી. ખેર! તમને કે બીજા કોઈને એમ લાગ્યું હોય કે ગાંધીજીને બુદ્ધુ બનાવવામાં બ્રિટિશર ફાવી ગયા, તો એમને મારે એટલું જ કહેવાનું છે કે એ માણસ તો ત્યાં ગયો જ હતો, ઝેરનો કટોરો પીવા!

ગાંધીજીની ખરી સફળતાની નોંધ તો જ્યૉર્જ ઑરવેલે જેવા લેખક-વિવેચકે લીધી, અને તમે ઉલ્લેખ પણ કર્યો છે. જ્યૉર્જ ઑરવેલે કહ્યું કે એમને 'હિન્દુસ્તાનની આઝાદી માટે સહાનુભૂતિ રાખતા અભિપ્રાયોનો સંપુટ બ્રિટનમાં જ ઊભો કરવામાં સફળતા મળી.' ભાઈ લેલિવેલ્ડ, આ વાણિયો કોથળો વેચીને જે મળે તેને જ નફો માનીને સંતોષ કરી લેનારો હતો - અને એ જ એની રાજકીય સ્ટ્રૅટેજી રહી.

ઑરવેલ કહે છે તેવી ગાંધીજીની સૌથી મોટી સફળતાના એક ઉદાહરણનો તમે પણ ઉલ્લેખ કરી શક્યા હોત, પણ તમે નથી કર્યો. એમના પરદેશી કાપડની હોળીના કાર્યક્રમને કારણે માંચેસ્ટરની કાપડ મિલોના કામદારો બેકાર થઈ ગયા હતા. ગાંધીજી એમને મળ્યા અને એમને ભારતની આઝાદી, શોષણ અને મજૂર વર્ગની ભૂમિકા વિશે પ્રભાવિત કરી આવ્યા. આની તો ફિલ્મ પણ બની છે, તમને જોવા ન મળી? આ સફળતા માત્ર ગાંધીજી માટે જ નહીં, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને મજૂર વર્ગની આંતરરાષ્ટ્રીય એકતાની દૃષ્ટિએ મહત્ત્વની હતી. આમ છતાં, તમે વ્યક્તિગત ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં ચૂક નથી કરી. દાખલા તરીકે તમારું કહેવું છે કે ગાંધીજી ચાર્લી ચૅપલિનને મળ્યા પણ પહેલાં એના વિશે કશું જાણતા નહોતા. પોપે એમને મળવાનો ટાઇમ ન આપ્યો, ચર્ચિલે પણ પોતાની વ્યસ્તતા દેખાડી અને બન્ને વચ્ચે મુલાકાત ન થઈ, મુસોલિનીને મળ્યા તે પછી ગાંધીજી મુસોલિનીએ પોતાના દેશવાસીઓ માટે જે કંઈ કર્યું તેનાથી પ્રભાવિત થયા અને એવું લખ્યું પણ. ગાંધીજીના મિત્ર અને પ્રશંસક રોમ્યાં રોલાંએ આનો સખત વિરોધ કર્યો, વગેરે વાતો તમે ચૂક્યા નથી. અમારે શું સમજવું?

જે હોય તે. નવમાં પ્રકરણમાં તમારી કબૂલાતો સાથે હવે પછીના પત્રમાં મળીશ.

કુશળ હશો.

લિખિતંગ

દીપક ધોળકિયા

## (૯)

01/10/2011

પ્રિય ભાઈ લેલિવેલ્ડ,

આજે હું તમારી સાથે નવમાં પ્રકરણ -Fast unto Death (આમરણ ઉપવાસ) - વિશે ચર્ચા કરવા માગું છું.

પ્રકરણની શરૂઆત તમે (ઉત્તર પ્રદેશનાં સાંપ્રત મુખ્ય પ્રધાન) માયાવતીએ ગાંધીજીની કરેલી ટીકાથી કરી છે, જેમનો આક્ષેપ છે કે દલિતોની આજની સ્થિતિ માટે જાતિપ્રથા જવાબદાર છે અને ગાંધીજી એને ટેકો આપતા હતા. ગાંધીજી દલિતોના સમર્થક નહીં, પણ વિરોધી હતા અને એમને 'હરિજન' નામ આપીને એમણે દલિતોનું અપમાન કર્યું છે. તમે કહો છો કે દલિત વેબસાઇટો પર ગાંધીજીને 'દુશ્મન નં. એક' તરીકે ઓળખવામાં આવે છે તેના માટે આંબેડકરનું એક કથન જવાબદાર છે, પરંતુ એ લોકો એ વાત ભૂલી જાય છે કે એ જ આંબેડકરે ગાંધીજીને 'ભારતના મહાનતમ પુરુષ' તરીકે પણ ઓળખાવ્યા છે.

મેં આઠમા પ્રકરણની ચર્ચા આટોપતાં કહ્યું હતું કે નવમા પ્રકરણમાં તમારી કેટલીક કબૂલાતો છે, તેનું કારણ આ છે : માયાવતીના શબ્દો ટાંકીને હવે તમે કહો છો કે અસ્પૃશ્યતા અને જાતિ પ્રથા વિશેની ચર્ચામાં મહાત્માની વિરુદ્ધ એમનો જ હવાલો આપવાનું જરાય અઘરું નથી. અર્ધી સદીથી વધારે સમય દરમિયાન એમણે આ બાબતમાં જે કંઈ લખ્યું તે હૃદયપૂર્વક લખ્યું પરંતુ (અને આ 'પરંતુ' બહુ અગત્યનું છે) એમને જુદા જુદા સ્થળે, જુદા જુદા સમયે પોતાની 'ટેક્ટિક્સ' બદલવી પડતી હતી.

આગળ તમે કહો છો કે ગાંધી હંમેશાં એક જ સ્વરમાં નથી બોલ્યા એમ કહેવું તે એમને આરોપી બનાવ્યા બરાબર નથી, પરંતુ એનો હેતુ એ દેખાડવાનો છે કે એ રાજકારણી હતા અને એમનું લક્ષ્ય રાષ્ટ્રનું નિર્માણ કરવાનું, અથવા ક્યારેક તો એને માત્ર એક તાંતણે બાંધી રાખવાનું હતું.

એટલેસ્તો, ચાર્લ્સ એન્ડ્રૂઝે એમને અસ્પૃશ્યતાની નાબૂદીને એક માત્ર ધ્યેય બનાવવા લખ્યું તો ગાંધીજીએ જવાબ આપ્યો કે 'મારું જીવન અવિભાજ્ય છે' એમની સામે ઘણાં લક્ષ્યો હતાં : સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ, હિન્દુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા ... અને તમે ઉમેરો છો કે એમાં ગાંધીજી બીજાં ધ્યેયો પણ ઉમેરી શક્યા હોત, જેમ કે, આહાર, માતૃભાષા દ્વારા શિક્ષણ, નશાબંધી, સફાઈ, સ્ત્રીઓના અધિકાર, વિધવા પુનર્લગ્ન, બાળલગ્નોનો વિરોધ. એમણે એન્ડ્રૂઝને લખ્યું : 'હું સંપૂર્ણપણે અસ્પૃશ્યતા પાછળ જ લાગી જાઉં અને હિન્દુ-મુસ્લિમ એકતા અથવા સ્વરાજને વિસારે પાડી દઉં એ ન બની શકે.'

તમે પહેલી વાર આટલા સ્પષ્ટ શબ્દોમાં ગાંધીના સમર્થનમાં ઊભા રહ્યા છો! હાલ લગીના મારા બધા જ પત્રોમાં મારો પ્રયાસ એ જ દેખાડવાનો રહ્યો કે ગાંધીને એક ખૂણેથી આખો જોઈ નહીં શકાય. 'ગાંધી-સમગ્ર'ને જોયા વિના ચાલશે નહીં. તમે પુસ્તકની શરૂઆતમા જ તમારું આ દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ કરી દીધું હોત તો? તમારા વિવરણ પર લાગેલાં નકારાત્મક જાળાં આ પ્રકરણમાં દૂર થઈ જતાં એ વિશુદ્ધ વર્ણન તરીકે ઉપસી આવે છે.

ગોળમેજી પરિષદમાંથી પાછા ફર્યા પછી એકાદ અઠવાડિયામાં ગાંધીજીને પકડીને યરવડા જેલમાં મોકલી દેવાયા હતા. તે પછી સાત મહિને ગોળમેજી પરિષદનો નિર્ણય સત્તાવાર રીતે અમલ માટે આવ્યો. દલિતો માટે અલગ મતદાર મંડળો બનાવવાનો નિર્ણય લેવાયો હતો, જે વીસ વર્ષ સુધી અમલમાં રહેવાનો હતો. આ એક જ માણસ દેશમાં ઉધમ મચાવશે એવી સરકારને બીક હતી એટલે અગાઉથી જ એને રસ્તામાંથી હટાવવો, એમ નક્કી કરીને જ ગાંધીજીને પકડી લેવાયા હતા, હવે એ કંઈ કરી શકે એવી સ્થિતિમાં નહોતા - અથવા, તમે લખો છો તેમ, બ્રિટિશરોએ એમ માની લીધું કે ગાંધી કંઈ નહીં કરી શકે, એ તો આપણા કબજામાં છે. જો કે ગાંધીજીએ પાંચ મહિના પહેલાં જ સર સૅમ્યૂઅલ હૉઅરને પત્ર લખીને કહી દીધું હતું કે એમણે લંડનમાં જે કંઈ કહ્યું હતું તે ક્ષણિક ઊભરો નહોતો કે માત્ર વાણીવિલાસ નહોતો. અને આ દલિતોને અલગ કરવાનો નિર્ણય અમલમાં મુકાશે તો મારે આમરણ ઉપવાસ કરવા જ પડશે. પરંતુ અંગ્રેજ હકુમતે પાંચ મહિના સુધી આ વાતને ગંભીરતાથી ન લીધી. ગાંધીજીએ દસમી સપ્ટેમ્બરથી ઉપવાસ શરૂ કરવાનું લખી નાખ્યું હતું પણ બ્રિટને એના પર છેક સુધી ધ્યાન ન આપ્યું. ઉપવાસને આડે માત્ર એક જ અઠવાડિયું રહ્યું ત્યારે લંડનમાં ગાંધીજીના પત્રો પ્રસિદ્ધ થતાંવેંત દેશમાં જાણે આગ લાગી ગઈ.

જેલમાં ગાંધીજી પર ખાસ બંધનો નહોતાં, પરંતુ સીધી રાજકીય પ્રવૃત્તિ ન કરે એનું જ ધ્યાન રાખવામાં આવતું, દેશમાં ફેલાયેલા આક્રોશને કારણે હવે તો એમાં પણ ઢીલ મૂકવી પડી. દેશમાં જે વાતાવરણ પેદા થયું તેમાંથી આંબેડકર પણ બાકાત ન રહી શક્યા. લેલિવેલ્ડભાઈ, તમે લખો છો કે બધું ગાંધીએ ધારેલી સ્ક્રિપ્ટ પ્રમાણે જ બનતું ગયું! તમારી સાથે સંમત થયા વિના રહી જ શકાય નહીં.

તમારું આ વિશ્લેષણ પણ સારું છે : મૂળ મુદ્દો દલિતો સાથે સત્તામાં ભાગીદારીનો હતો પણ ગાંધીજી આ રાજકીય માંગને ધાર્મિક સ્વરૂપ આપવામાં સફળ થયા. એમની નજરે આ હિન્દુ સમાજમાં સુધારણા લાવવાનો મુદ્દો હતો. વર્ણોની પિરામિડ જેવી સંરચનાને સ્થાને સર્વકલ્યાણવાદી હિન્દુઇઝમની સ્થાપનાનું એમનું લક્ષ્ય હતું. એટલે જ એમણે મૅક્ડૉનલ્ડ ઍવૉર્ડના માત્ર એક ભાગ, દલિતોની અલગ સીટોના મુદ્દા પર અનશન કરવાનો નિર્ણય કર્યો અને તે પછી પણ એમણે હિન્દુ ઉચ્ચ વર્ણોની મનોવૃત્તિ બદલવા પર ભાર મૂક્યો. એમણે મહાદેવભાઈ અને સરદાર વલ્લભભાઈને કહ્યું કે હિન્દુઓને shock treatment

આપવાની જરૂર છે. આ ઉપવાસ એ હેતુ માટે હતા. ગાંધીજીને દેખાતું હતું કે અસ્પૃશ્યતાની સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ભવિષ્યમાં 'રક્તપાત' થશે. માત્ર એક જ મુદ્દા પર ઉપવાસ કરવા, એ મહાદેવભાઇને ગળે નહોતું ઉતરતું. એમણે ગાંધીજીને કહ્યું પણ ખરું કે વ્યાપક રાજકીય એજન્ડા પર એમને બ્રિટનના વડા પ્રધાનને પત્ર લખવો જોઈએ. પરંતુ, ગાંધીજીનો જવાબ હતો કે મૅકડોનલ્ડ શું જાણે, ગુજરાતનાં ગામડાંમાં શું થાય છે? દલિતો રહેંસાઈ જવાના છે!

ગાંધીજી અહીં 'માસ્ટર ટેક્ટીશિયન' પુરવાર થાય છે. ઉપવાસનું નિમિત્ત તો મૅકડોનલ્ડ ઍવૉર્ડમાં દલિતોની અલગ સીટો રાખવામાં આવી તે હતું, પણ એનું નિશાન સવર્ણ હિન્દુઓ છે! વાઇકોમ સત્યાગ્રહ વખતે ઉપવાસ માટે મનાઈ કરનારા ગાંધીજી આ વખતે જાતે જ ઉપવાસ કરે છે. આની અસર એ થઈ કે કૉંગ્રેસ આ મુદ્દા પર સક્રિય બને છે. હજી ગાંધીજી અપીલ કરે છે એવી ખબર પડતાં જ કેટલાંય સ્થાનોએ સવર્ણ હિન્દુઓએ મંદિરો દલિતો માટે ખોલી નાખ્યાં! બનારસ હિન્દુ યુનિવર્સિટી જેવી રૂઢિચુસ્ત જગ્યાએ દલિતો સાથે સમૂહભોજનના કાર્યક્રમો યોજાયા. મુંબઈમાં સવર્ણ સંમેલને અસ્પૃશ્યતા નાબૂદીનો ઠરાવ પસાર કર્યો. આ તબક્કા સુધી કૉંગ્રેસ સામાજિક કાર્યક્રમ પ્રત્યે ઉદાસીન રહી હતી. બીજી બાજુ આંબેડકર પહેલાં તો આ ઉપવાસને નિરર્થક અને સવર્ણ તરફી માનતા હતા, પણ જેમ જેમ દિવસો નીકળતા ગયા તેમ તેમ એમના પર પણ એનો પ્રભાવ પડ્યો. ગાંધીજી સાથેની મંત્રણામાં આંબેડકર અલગ મતદાર મંડળો માટેનો આગ્રહ પડતો મૂકવા સંમત થયા, પરંતુ એમણે કહ્યું કે 'મને બદલો જોઈએ'. આખરે બન્ને વચ્ચે સમજૂતી થઈ કે સહિયારું મતદાર મંડળ હોય અને દલિતો માટે સીટો અનામત રાખવી.

ગાંધીજીએ ઉપવાસનાં પારણાં કર્યાં તેનાં પાંચ જ અઠવાડિયામાં મદ્રાસ પ્રાંતિક ધારાસભાએ ઠરાવ કર્યો કે સવર્ણોની બહુમતી દલિતોના પ્રવેશ માટે સંમત હોય એ મંદિરમાં એમને આવતાં રોકવા એ અપરાધ ગણાશે. આમ ગાંધીજી હવે મંદિર પ્રવેશને પ્રાધાન્ય આપતા થઈ ગયા હતા, બીજી બાજુ, આંબેડકર આના માટે ઝુંબેશ ચલાવતા હતા, પરંતુ એમને લાગવા માંડ્યું હતું કે મંદિર પ્રવેશને કારણે સવર્ણો એમના કૂવેથી પાણી ભરવાની છૂટ નહીં આપે. ગાંધીજી માનતા હતા કે એ પણ સમય આવી જશે. ખરેખર એ સમય આવ્યો છે? સ્વતંત્ર ભારતમાં પણ આજે ય આ સવાલનો જવાબ નકારમાં જ છે. જો કે, એક બાજુથી ગાંધીજી અને બીજી બાજુથી આંબેડકરના પ્રયાસોને કારણે સ્થિતિમાં સુધારો તો થયો જ છે, પરંતુ, આજે આર્થિક ઉદારીકરણને કારણે જાતિપ્રથામાં માનતા મધ્યમ વર્ગના હાથમાં પણ બજારમાં જવા લાયક પૈસા આવતાં જાતિ અભિમાન વધારે પ્રબળ બન્યું છે એ પણ સત્ય છે. બીજી બાજુ, દલિતોમાં જાગૃતિ આવી છે પરંતુ, એમના પર ગુજારાતા દમન માટે પણ એ જાગૃતિ કારણ બની ગઈ છે.

મૂળ કથા પર પાછા આવીએ તો, ગાંધીજીને ખ્યાલ હતો કે એમના ઉપવાસને કારણે લોકોમાં જે જોશ આવ્યું હતું તે ઠંડું પડી જવાનું છે. મંદિર પ્રવેશના આંદોલનમાં પણ વાંધા નડતા હતા. ૧૯૩૩ના મે મહિનામાં એમણે ફરી ઉપવાસ કર્યા, પરંતુ, આ વખતે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર અને બીજા નેતાઓએ એનો વિરોધ કર્યો. જવાહરલાલ નહેરુએ અલ્હાબાદ જેલમાંથી સંદેશો મોકલ્યો કે જે મુદ્દો હું સમજતો નથી એમાં હું શું કહી શકું?!

ગાંધીજી સમક્ષ સમસ્યા એ હતી કે રાષ્ટ્રીય આંદોલનને કેમ આગળ ચલાવવું અને એની સાથે અસ્પૃશ્યતાના મુદ્દાને કેમ સાંકળી લેવો. એ વખતે કૉંગ્રેસના ઘણાખરા નેતાઓ જેલમાં હતા. એમને હરિજન પ્રશ્ન પર ધ્યાન આપવાની કોશિશ કરી તો સુભાષચન્દ્ર બોઝે ગાંધીજીને લીડર તરીકે ભૂલી જવા લોકોને હાકલ કરી. બીજી બાજુ દેશમાં રાજકીય સભાસરઘસો પર પ્રતિબંધ હતો. એમણે આના વિરોધમાં નાની કૂચ કરી તો સરકારે એમને ફરી યરવડા જેલમાં મોકલી દીધા. આ વખતે "હરિજન" પત્રિકા માટે પણ એમને કામ કરવાની છૂટ ન મળી અને સાદા કેદી જેમ રાખવામાં આવ્યા. ગાંધીજીએ વાંધો લીધો તો જવાબ મળ્યો કે "હરિજન"નું કામ કરવું હોય તો તેમને અમુક શરતોએ છોડી મુકાશે. ગાંધીજીએ તક ઝડપી લીધી અને બહાર આવ્યા. હવે હરિજન સેવક સંઘ માટે ફંડ ઊભું કરવા માટે એમણે આખા દેશનો પ્રવાસ શરૂ કરી દીધો. સરકારને આની કલ્પના પણ નહોતી! એમણે એકઠું કરેલું ફંડ કૉંગ્રેસને ન મળે તેનું ધ્યાન રાખવા સરકારે જિલ્લાઓના વડાઓને ખાસ હુકમો આપ્યા. પણ એવી ગેરરીતિ તો થવાની જ નહોતી. ગાંધીજી આમ રાજકારણથી દૂર રહેવાની વાત માનીને પણ જનતાના સંપર્કમાં તો રહ્યા જ.

આમ છતાં આંબેડકરની વાતમાં વજૂદ હતું કે કૉંગ્રેસીઓ ગાંધીજી હોય ત્યાં સુધી જ આ બાબતમાં સક્રિય હતા, એમના જવા પછી નહીં. કદાચ ગાંધીજીનું પોતાનું તારણ પણ એ જ હોઈ શકે છે, કારણ કે એમણે પ્રવાસ પૂરો કર્યા પછી કૉંગ્રેસમાંથી નિવૃત્ત થવની જાહેરાત કરી. એમણે ઘણાં કારણો આપ્યાં, તેમાં એક એ પણ હતું કે કૉંગ્રેસ કરોડો મૂંગા લોકો માટે બોલવા તૈયાર નથી. એમણે એ સાથે જ સેગાંવ - સેવાગ્રામ - માં આશ્રમ સ્થાપવાનો નિર્ણય કરી લીધો, જેથી જાતિવિહીન ગ્રામ વ્યવસ્થાનો સજીવ નમૂનો દેશ સમક્ષ રજૂ કરી શકે. પરંતુ, એ દસમાં પ્રકરણનો વિષય છે.

લેલિવેલ્ડભાઈ, અહીં પત્રનું સમાપન કરતાં તમારી એક વાતનો ઉલ્લેખ કરવાની ઇચ્છા થાય છે. તમે આંબેડકર માટે લખ્યું છે કે ગાંધીજી સાથે પૂના પૅક્ટ થયા પછી પણ તેઓ સ્વતંત્ર રીતે રાષ્ટ્રીય સ્તરના નેતા તરીકે સ્વીકૃતિ ન પામ્યા. તેઓ આઝાદી પછી બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ બન્યા. એમનું નામ, જેમનો તેઓ વિરોધ કરતા રહ્યા, એ ગાંધીજીએ જ સૂચવ્યું હતું! આંબેડકરે એમને શા માટે હરીફ માની લીધા તે સમજાતું નથી. હું તમારા એ વિચાર સાથે પણ સંમત છું કે એક બાજુથી ગાંધીજી સવર્ણ હિન્દુઓની માનસિકતા સુધારવા કોશિશ કરતા રહ્યા હોત અને બીજી બાજુથી આંબેડકર દલિતોના અધિકાર માટે લડતા રહ્યા હોત. શ્રમવિભાજનનો સિદ્ધાંત આંબેડકરે કેમ ન સ્વીકાર્યો અને ગાંધીજીનાં કાર્યને કેમ નાનું કે નિરર્થક અથવા દલિત વિરોધી માનતા રહ્યા એ આશ્ચર્યની વાત છે.

તો, ભલે, હવે મળશું ત્યારે સેવાગ્રામ જશું.

લિખિતંગ

દીપક ધોળકિયા

(વધુ હવે પછી)

e.mail : dipak.dholakia@gmail.com

## ગોલ્ડન એઈજ

• હરનિશ જાની

ઉમ્મર વધે, શરીર કળે, એમ પણ બને.
મનમાં તો ય જુવાની ફૂટે, એમ પણ બને

વાંદરો જેટલો ઘરડો, ગુલાંટ તેટલી મોટી,
બુઢ્ઢો ભોંયે પછડાય, એમ પણ બને.

બરબાદ કરી જવાની જેની પાછળ, સામી મળે
'કેમ છો, બહેન?' પુછાય, એમ પણ બને

કરવટેં બદલતે રહે, સારી રાત ભર,
પ્રેમ નહીં, પેટમાં ગેસ હોય, એમ પણ બને.

હિયરીંગ એઈડ વાપરો છો?'ના આપણને ન મળે
'ફિયરીંગ એઈડ?' સંભળાય, એમ પણ બને.

નવાઈની વાત, પડોશણ કરતાં પત્ની રુપાળી લાગે
ચશ્માં ન પહેર્યાં હોય, એમ પણ બને.

' ઓલ્ડ એઈજ ઈઝ ગોલ્ડન' કહેનારને મારવા
હાથે ય ન ઉંચકાય, એમ પણ બને.

**પ્રેષક : ચેતન ચોક્સી**

e.mail : choksi@diminco.com

# ચંદુની ચા(હ)

• અશોક મોઢવાડિયા

આમ તો ઘણાં વર્ષ વહી ગયાં, પરંતુ એ ઘટના હજુ યાદ છે. એ વર્ષે હું નવરોધૂપ થયો હતો, ખાસ કશું કામ હતું નહીં, બસ પરીક્ષા માટે થોડુંઘણું વાંચન કરવાનું રહેતું. તે સરકારની એક યોજનામાં રોજમદાર તરીકે જોડાયેલો, ગામડાઓમાં, એકદમ ગરીબ અને પછાત લોકો માટે, સરકારી ખર્ચે નાના નાના મકાનો બંધાતા. મારે ભાગે શહેરથી પોણી કલાકને અંતરે આવેલા એક ગામડાની આ આવાસ યોજનાના દેખરેખકર્તા તરીકેનું કામ આવેલું. રોજ સવારે ઘેરથી જમી અને બસ પકડતો તે ગામના પાદરમાં ઊતરી ત્યાંથી લગભગ બે'ક કિલોમિટર છેટે આવેલી આ સાઈટ પર જવાનું, ટિફીન વગેરે ફાવે નહીં તેથી સવારે જમ્યો તે છેક રાત પડે પાછાં ઘેરે પહોંચી જમવાનું. આમાં વચ્ચે ચા-પાણીની સગવડ થાય તે કેવી સોના સરીખી લાગે તે તો ભૂખ્યાજનો જાણતા જ હશે.

કામમાં આમ તો બહુ કંઈ મહેનત નહીં, બસ દરરોજ કામે આવતા શ્રમિકોની હાજરી નોંધવાની અને બાંધકામ માટે આવતા માલ-સામાનની નોંધ રાખવાની. દર અઠવાડિયે તાલુકા મથકથી શ્રમિકોના મહેનતાણાની રકમ લાવી હાજરી પ્રમાણે વહેંચવાની, જેની દફતરે નોંધ લઈ અને સામે જે તે વ્યક્તિની સહી (મોટાભાગે તો અંગૂઠાની છાપ) કરાવવાની. આમાં અમુક રકમથી વધુ હોય તો રેવન્યૂ સ્ટેમ્પ લગાવી સહી લેવાની. હવે આ લોકો પાસે તો રેવન્યૂ સ્ટેમ્પ ક્યાંથી હોય ? અમે સૂપરવાઈઝર લોકો સ્ટેમ્પ સાથે લાવતા, મારા જેવા ઘણાં એ ખર્ચ જાતે ઊઠાવતા તો અમુક લોકો ૨૦ પૈસાના એક બે રૂપિયા લઈ ટિકિટભાડુંએ કાઢી લેતા. એકંદરે આવા નાના ભ્રષ્ટાચારને બાદ કરતાં, કામ બહુ નિયમાનુસાર ચાલતું. મોટા સાહેબ, ઈજનેર સાહેબ, માયાળુ અને નીતિનિયમ પ્રમાણે ચાલનાર માણસ, તે કામ ઝડપી થતું અને શ્રમિકોમાં તેમને માટે માનપાન પણ ઘણું.



**સૌજન્ય : ઈન્ટરનેટના માધ્યમે મેળવાઈ છબિ**

આગળ વાત કરી તેમ ગામ થોડું દૂર અને ત્યાં એક નાનકડી હોટલ ખરી પણ સાઈટ પરથી આટલે દૂર ચાલીને જવાનું પોસાય નહીં અને અહીં બધા શ્રમિકો સાથે મળી ત્રણ-ચાર વખત જાતે ચા બનાવે, આ શ્રમિકો બધાં જેને આપણે પછાત કે અંત્યજ ગણીએ તે વર્ગનાં, તેઓ પોતાને વણકર વગેરેથી ઓળખાવે, મને તો ત્યારે પણ આવા કોઈ આભડછેટ વગેરેનાં સંસ્કાર મળેલા નહીં તે હું પણ તેઓના જનરલ તપેલે બનેલી ચા મજેથી ઢીંચતો ! (એ ય પાછી મફત !) આ પચાસેક લોકોની ચા સાથે બને તેમાં બહુ સારાવાટ તો ના મળે, પણ ના મામા કરતાં કાણો મામો શું ખોટો ? તેમાં ત્યાં હાજર થયો ત્યારનો જોતો કે એક ચંદુ હતો, આ બધામાં સૌથી ગરીબ, તે ચાનું ટાણું થાય એટલે થોડે દૂર અલગ ગોઠવેલા મંગાળા (ત્રણ પથ્થર ગોઠવી રચેલો કામચલાઉ ચૂલો) પર પોતે એકલાંની ચા જાતે બનાવે અને મજેથી ઠપકારે !

એક દહાડો મેં મારા સૌ શ્રમિકોને પૂછ્યું કે, 'આ ચંદુ કેમ આમ નોખો નોખો ચા બનાવે છે ? આપણી સાથે ભળતો નથી ? કંઈ મનદુ:ખ છે કે ?'

તો એક જણ કહે, 'સાહેબ, ઈવડો ઈ ભંગી છે, ચમારકામ કરે છે, અધૂરાંમાં પૂરુ ગામની ભામ રાખે છે. અમારે ચૂલે એને ન ભેળવીએ !'

મને જો કે આમાંનું કશું સમજાયું નહીં પણ એટલું સમજાયું કે તે આ લોકોથી હલકી જાતનો હોઈ મામલો કાં તો આભડછેટનો છે અને કાં તો તેનો ધંધો કોઈક દૃષ્ટિએ અસામાજિક પ્રકારનો હોઈ, આ લોકો તેને દૂર રાખે છે.

પણ આ પાણી જેવી ચા અને પેલાંના મંગાળેથી રગડા જેવી ચાની ફોરમ આવે તે કયા ચા પ્રેમીનો જીવ ઝલાયેલો રહે ? મને અન્ય કશો છોછ તો ના મળે પણ પેલી ભામની ચોખવટ કેમે કરી થાય નહીં અને અન્ય કોઈને પૂછવામાં અજ્ઞાની હોવાનું જાહેર થાય તો સાહેબ હોવાની પોઝિશનમાં પંચર પડવાનો ભય રહે ! (આમ તો સાહેબ શેનો ? પણ આ ગરીબ લોકો વળી આટલું માનપાન આપે. બાકી હું એ તેઓની જેમ રોજમદાર. તેઓ પાવડો ચલાવે અને હું પેન, બસ એટલો ફરક !)

તે એક દહાડો ચંદુને જ પૂછી લીધું કે, 'લ્યા તું ભામનો ધંધો કરે છે તે મારે જોવું જાણવું છે !'

ચંદુ મુંઝાયો, કહે, 'સાહેબ તમ જેવા માણહનું એ કામ નહીં, બહુ સુગાળવું કામ કે'વાય'.

તોયે મેં તંત લીધો કે ના ના મને તું સાથે લઈ જા, તો જ હા !

અંતે થાકીને કહે કે, 'સારું, હું તમને બોલાવીશ'.

બે-ત્રણ દહાડા પછી સવારે આવ્યો તે કહે, 'સાહેબ આજે મારી ગેરહાજરી રાખજો, અને બપોરે આ રસ્તે જ થોડા આગળ ચાલ્યા આવજો તમને મારો ધંધો દેખાડવો છે'.

હું તો બપોરના ખાણાની રજા પડતા વેંત જ ઊપડ્યો, એકાદ કિલોમિટર ચાલ્યો ત્યાં ચંદુ રસ્તા પર ઊભેલો, કપડાં પર ઘેરા રાતાં અને ચીકણા ડાઘા ને આખો ગંધાય !

મને જરાતરા ફાળ પડી પણ હિંમત કરીને પૂછ્યું, 'અલ્યા આ શું ? કોઈનું ખૂન કરી આવ્યો કે શું ?'

તો કહે, 'ના ના સાહેબ આ તમારે મારો ધંધો જોવો હતો ને, તે આજે જ ગામમાં એક ઢોર મરી ગયું તેને ઢસડી અહીં બાજુની ખાડમાં લાવ્યો છું અને હવે તેનું ચામડું ઊતરડું છું.'

ત્યારે મને ઝબકારો થયો કે ઓ'તારી ! આ ભામ રાખવી અર્થાત્ ગામમાં જે ઢોર મરી જાય તેને લઈ જવું અને તેનું ચામડું વગેરે ઉપયોગી વસ્તુઓ કાઢી લઈ બાકીનો નિકાલ કરવો. જો કે મેં પણ અગાઉ વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે દેડકાઓ ચીર્યા હોઈ મને ખાસ અજુગતું ના લાગ્યું પણ અન્ય લોકો ચંદુને ભેળવતા શા માટે નથી, તેનું કારણ (બીજું એક કારણ ! પહેલું તો તેની ગણાતી નીચાંમાં પણ નીચી જાત !) સમજાયું.

પણ મને ચંદુ સામે જે વાંધો હતો, તેના કોઈ ગેરકાનૂની વ્યવસાય હોવા અંગેનો, તે દૂર થયો. અને હવે પેલી ફર્સ્ટ ક્લાસ ચા માત્ર નાકમાં જ ભરવાથી સંતોષ માણવાપણું રહેતું ન હતું ! આથી ચંદુને કહ્યું કે હવેથી તું બે રકાબી ચા બનાવજે, દૂધ-ખાંડ-ચા વગેરેનો અડધો ખર્ચ હું આપીશ. થોડી આનાકાની પછી તે માની ગયો અને મને હવે કોંટો ચઢે તેવી ચા મળતી થઈ. પણ મારા બાકીના સાથીઓથી આ જોયું ન ગયું ! જો કે તેમને કોઈ દુર્ભાવ નહીં પણ એક સવર્ણનું ખોળિયું સાવ ચમારની ચાએ અભડાય તે કદાચ વાજબી નહીં લાગતું હોય ! (અને હું વળી સરકારમાન્ય પછાત ગણાઉ તે તેઓ નહીં જાણતા હોય અને તેઓ વળી સવર્ણલોકો જેને પછાત ગણે તે !!) તે અમારા ઈજનેર સાહેબ (જે વળી બ્રાહ્મણ) અને તાલુકાના એક મોટા સાહેબ (જેઓ વળી ગુજરાત બહારનાં ક્યાંકના બ્રાહ્મણ) અઠવાડિક મુલાકાતે આવ્યા તેમની પાસે રાવ ખાધી.

ઈજનેર સાહેબ કહે, 'કેમ અલ્યા, તું આ ચંદુની ચા પીવે છે ?'

મેં કહ્યું, 'સાહેબ, મફત નથી પીતો, ભાગે પડતા પૈસા ચૂકવું છું'.

સાહેબ કહે, 'પણ આ બધા તને દરરોજ મફત ચા પિવડાવતા હતા તે નાહક શા માટે ખર્ચો કરે છે !'

મેં કહ્યું, 'સાહેબ, ચંદુ નકરા દૂધની ચા બનાવે છે અને માંહે ઘેરથી આણેલો આદુનો કટકો બટકો વગેરે નાખી બહુ તબિયતની ચા બનાવે છે'.

# તેન ત્યક્તેન ભુંજીથા: કે સર્વે ભુંજીત્વા ભુંજીથા:?

• આશા બુચ

'તેન ત્યક્તેન ભુંજીથા: મા ગૃધ ક્સ્ય ચિત્ ધનમ'. એનો ગુજરાતીમાં અનુવાદ કંઈક આવો થઈ શકે : 'ત્યાગીને ભોગવી જાણો વાંછો મા ધન અન્યનું.' હિંદુ ધર્મના પવિત્ર ગ્રંથોના શ્લોકો રૂપી મણિઓમાં આ શ્લોક કોહિનૂર સમાણો છે. ગાંધીજીએ કહેલું, 'હિંદુ ધર્મના બધા ગ્રંથો નાશ પામે અને માત્ર આ એક શ્લોક બચવા પામે તો ય હિંદુ ધર્મ તરી જશે'. જ્યારે આજે તો 'સર્વે ભુંજીત્વા ભુંજીથા: આમ ક્સ્ય ચિત્ ધનમ' કે જેનો અર્થ આવો ઘટાવી શકાય : 'તે સર્વ (સંપત્તિને) ભોગીને ભોગવી જાણો (હું) વાંછું ધન અન્યનું', એનું રટણ થતું જોવા મળે છે. હિંદુ ધર્મનો મર્મ ભૂલાવા લાગ્યો છે, એવો ભાસ થાય છે અને એટલે એનું અસ્તિત્વ જોખમાયું છે એવું પ્રતીત થાય છે.

જરા વિચાર કરતાં જણાશે કે ઉપરોક્ત શ્લોકનું અર્થઘટન આપણા પૂર્વજોએ આ પ્રમાણે કરેલું : ખપ પૂરતું પેદા કરો, જરૂરિયાતો સીમિત રાખો અને એટલાનો જ ભોગવટો કરો, કોઈ કુદરતી કે માનવ સર્જિત સંસાધનોનો વ્યય ન કરો અને પોતાની જરૂરિયાતો પૂરી કરવા બીજાની સંપત્તિ કે મજૂરી પર અધિકાર ન કરો. આ બોધનું અનુસરણ કરવાથી આપોઆપ need and greed એટલે કે જરૂરિયાતો અને ખાઉધરી લોભ વૃત્તિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ થઈ જાય. અને આમ જુઓ તો આખી માનવ જાતને પૂરતું થઈ રહે એટલી સંપત્તિ આ દુનિયામાં ક્યાં નથી પડી? પણ આજે 'વિકસિત' દેશો આ સિધ્ધાંતથી વિરુધ્ધ દિશામાં દોડે છે અને 'વિકાસ પામતા' કે 'અવિકસિત' દેશો પેલા 'વિકસિત' દેશોને હંફાવવા બમણા જોરથી ભોગવટા રૂપી રાક્ષસની પાછળ પાગલ થઈને દોડે છે. અને તે પણ 'વિકાસ'ના નામે!!

માનવ માત્રનું શરીર પંચમહાભૂતનું બનેલું છે. જીવન એ પાંચ ઉર્જાઓથી બને છે, ટકે છે અને અંતે એમાં ભળી જાય છે. આવી સીધી સાદી વાત સમજી-જાણીને આપણા વેદ-ઉપનિષદના ઉદ્દ્ગાતાઓએ ઉપરોક્ત પંક્તિ આપીને જીવન કઈ દિશામાં અને કેવી રીતે જીવવું જોઈએ, એ ચીંધી આપ્યું છે. પૃથ્વી, પાણી, તેજ (અગ્નિ), વાયુ અને આકાશ એ મૂળ પ્રાકૃતિક સ્રોતો થકી માનવે અગણિત વસ્તુઓ પેદા કરી છે. આપણે ભૂલી કેમ જઈએ છીએ કે ઈશ્વરે હાથીને મણ અને કીડીને કણ મળી રહે તેવી ગોઠવણ કરી છે? અને જો આ સમજાય તો પેટનો ખાડો પૂરવા એક મહિનામાં વાપરી શકીએ એટલી વસ્તુ એક અઠવાડિયામાં શા માટે ખરીદ કરીએ છીએ?

ઉપર લખ્યા તે પાંચે પાંચ સ્રોતોનો માનવી કેવો ઉપયોગ કરે છે તેના પરથી તેની સમૃદ્ધિ કે વિનાશનો માર્ગ નક્કી થાય છે. આદિ માનવ માંસાહારી હતો, પછી ખેતી કરતાં શીખ્યો ત્યારથી માનવ દયા, પશુઓ પ્રત્યે કરુણા, કણમાંથી મણ પેદા કરીને તેનું વિતરણ કરવા જેવા ગુણો કેળવાયા. અને ત્યારથી એ વધુ અહિંસક બન્યો કહેવાય. આજે 'મારે હજુ વધુ જોઈએ' એવી ભુખાળવી વૃત્તિને કારણે વધુને વધુ સામિષ અને નિરામિષ વસ્તુઓ પેદા કરવા કૃત્રિમ ખાતરો વાપરે છે. પછી ભલેને તેને માટે હજારો રૂપિયા ઉછીના લેવા પડે, દેવામાં ડૂબવું પડે અને દેવું વધી જાય તો આત્મહત્યા પણ કરવી પડે. એક ફાસ્ટ ફૂડની કંપની બીફ બર્ગરનું વેચાણ વધે તે માટે ગાયોને તગડી બનાવવા ચારણ જમીનનો વધારો કરવા જંગલો કાપી નાખે અને છતાં ય તેના પર નભતી આદિમ જાતિઓ કે અન્ય આધારિત ઉદ્યોગ-ધંધા વાળા એક હરફ પણ ન ઉચ્ચારી શકે કેમ કે દેશના કાયદે આઝમોની અય્યાશી ભરી જીવન રીતિ નિભાવવા એ ફાસ્ટ ફૂડની કંપની વાળા જ નાણાં પૂરાં પાડે છે, મારા ભાઈ. આ બધું 'સર્વે ભુંજીત્વા ભુંજીથા:'ની વૃત્તિનું સીધું પરિણામ છે.

તનને ઢાંકવા અને સુરક્ષિત રાખવા વલ્કલથી માંડીને સુતરાઉ કાપડ બનાવવા તરફની પ્રગતિ એ કુદરતી પેદાશોનો કુશળતાથી ઉપયોગ કરવાની માનવીય શક્તિનો પરિચય કરાવે છે. પણ તે પછી માનવ સર્જિત રેસાઓમાંથી ઢગલાબંધ કાપડ મિલોમાં પેદા કરવાનું કોણે કહ્યું? કપડાં સસ્તાં મળતાં થયાં તો શું ગરીબોના તન ઢંકાયાં કે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકોના કબાટો ભરાયા? 'દિ ઊઠે 'ને SALEનાં પાટિયાં ઝૂલે, એ જોઈને પાછા ગ્રાહકો પોતાના કબાટની સિલક જોયા વગર દુકાનો ભણી દોટ મૂકે, પછી ન જોઈતાં ઢગલાબંધ કપડાં 'ચેરિટી'માં આપીને 'દાન' કર્યાનો સંતોષ મેળવે. એ ખરીદી ઘેલી પ્રજાને ખબર છે કે વધુ માલ પેદા કરીને વેચતા મિલ માલિકો અને કપડાં સીવીને વેચતા વેપારીઓ તો પોતાના બંગલા, ગાડી અને વિદેશ ફરવા જવાના શોખ પૂરા કરવા માટે ઉત્પાદન વધારે છે. એ નફામાંથી મિલોમાં કામ કરતા મજૂરોનાં રહેઠાણ, શિક્ષણ અને સ્વાસ્થ્ય પાછળ કેટલું ખર્ચ થતું હશે, એ જાણીએ તો આપણો ભ્રમ ભાંગે. આમ જરૂર કરતાં વધુ માલ પેદા કરે તેથી વેપારીઓ તેને 'કુનેહ'થી વેંચવાના પેતરા કરે, જે ખરેખર તો વેપારની આક્રમક અને હિંસક રીત જ છે. પશ્ચિમના દેશોમાં ઝરી-સતારા ભરેલ અને જુદી જુદી ડિઝાઈનનાં વસ્ત્રો પહેરવાનો શોખ ઓછી આવક ધરાવતા લોકો પણ પૂરો કરી શકે. એટલે પૂર્વના દેશોના કપડાં બનાવનારા વેપારીઓ પોતાનાં જ બાળકોનું બાળપણ ગીરવે મૂકીને એમની પાસે કાળી મજૂરી કરાવીને વેપાર કરે છે. આનાથી વધુ લાલચુ વૃત્તિનું વરવું ઉદાહરણ ક્યાં જોવા મળે?

ઘાસ-માટીનાં ઝૂંપડામાં રહેતો માનવી ઈંટો અને કોંક્રીટ બનાવતાં શીખીને વધુ સલામત ઘરોમાં રહેતો થયો, એ તો સુખદ પરિવર્તન થયું. એની અંદરનું રાચરચીલું જીવનને સુગમ-સરળ બનાવવાના હેતુથી વસાવતા હતાં અને ત્યાં જ એ પ્રગતિ અટકી ગઈ હોત તો સારું હતું. પણ આજે તો બજારુ માલના વૈભવની ઝંખના દરેકે દરેક માણસના મનમાં એટલી તો વ્યાપક બની છે કે ક્ષણિક સુખ આપતી, પ્રતિષ્ઠામાં વધારો કરતી, બીજા પાસે હોય એવી વસ્તુઓ મેળવવા એ લાંચ-રુશ્વત લઈ-દઈને, હલકટ ઉપાયો અજમાવીને પણ જોઈતું મેળવીને જ જંપે છે.

રોટી, કપડાં અને મકાન જેવી પાયાની જરૂરિયાતો સંતોષવા નેકીથી કમાણી કરવાને સ્થાને લોભ અને અમર્યાદિત ભોગવટા જેવા દુષિત વિચારોને કારણે માનવ જાત કેવી નીચ કક્ષા પર ઉતરતો જાય છે એ હમણાંથી વધુ સ્પષ્ટ થતું જાય છે. હજુ આ ઓછું હોય તેમ ખાસ કરીને પૂર્વના દેશોમાં બે, ત્રણ કે ચાર પગાળા વાહનો વસાવવા, દર વર્ષે પ્રવાસ-પર્યટને જવું, અતિ ખર્ચાળ મનોરંજનના સાધનો વસાવવા વગેરે પશ્ચિમી ઢબની ઘેલછાઓ છપ્પર ફાડીને વધતી જાય છે. આ 'પ્રગતિ' પાછળની દોડથી પશ્ચિમના દેશો હરખાય છે કેમ કે

---

**(અનુસંધાન પાનાં 10 પરેથી)**

આખરે સાહેબ પણ મારા જ ને ! લલચાયા !! કહે, 'ચંદુને કહે આજે ચાર-પાંચ રકાબી ચા બનાવે ! પૈસા થાય તે હું આપીશ, ભલે આજે તો તાલુકાના સાહેબો પણ જમાવટ વાળી ચા પીવે !'

મેં કહ્યું, 'પણ સાહેબ આ આભડછેટ ?'

સાહેબ કહે, 'મારા વાલીડાવ, બધાંને આ બચાડાઓનાં લોહી ચૂસવામાં આભડછેટ નથી લાગતી અને એ જ પાણી, એ જ દૂધ, ચા-ખાંડ પણ એ જ, માત્ર તપેલું ચૂલે ચઢાવનાર હાથની આભડછેટ લાગે છે ?'

અને પછી બાકીના શ્રમિકોને પણ ચંદુની ચાના કોંટામાં આવી જબ્બર ભાષણ ઠપકારી દીધું તે પેલાંઓ પણ જરા શરમાયા. સૌ હવે પછી ચંદુને પણ ચા પીવામાં સામેલ કરવા રાજી થયા, પરંતુ મેં અને ચંદુએ સાભાર અમારો નોખો ચોકો ચાલુ રાખ્યો. એકાદ વર્ષ આ પ્રોજેક્ટ ચાલ્યો પણ સાહેબ લોકોમાં ચંદુની ચા પ્રસિદ્ધ થઈ ગઈ ! (અને મારે નાહક ચાનો ખર્ચો વધ્યો તે નફામાં !)

પછી તો ચંદુ શહેરમાં આવે ત્યારે મારે ઘેરે જમવા પણ આવતો, કહે, 'સાહેબ, તમને ચામાં હું ભાગ લેતો અને તમે મને મફત જમાડો છો, એટલો તમ મોટા માણહ અને અમ ગરીબમાં ફેર !'

મેં કહ્યું, 'એવું નથી, આ આર્થિક રીતે પરવડવા, ન પરવડવાની વાત છે. તારી સ્થિતિ મુજબ તેં મારી ઘણી આગતા સ્વાગતા કરી છે, મારી સ્થિતિ મુજબ મારે કરવી જોઈએ.'

ચંદુ મહેનતુ જણ, હાથનો અને દિલનો એ ચોખ્ખો. તે પછી તો બહાર નોકરીધંધાનો મેળ પણ પડ્યો ને બે પાંદડે થયો. પણ મારા મોંમાં તેની ચાનો સ્વાદ રહી ગયો છે.

(આ સત્યઘટના આધારિત છે)

સદ્દભાવ : http://vanchanyatra.wordpress.com/2011/10/19/ચંદુની-ચાહ/

e.mail : ashokmodhvadia@gmail.com

# સામાજિક નિસબત ધરાવતા સર્જક-શિક્ષકની વિદાય

• પ્રફુલ્લ દવે

ચરિત્રાત્મક નિબંધો, વિશ્વની કેટલીક ઉત્તમ સાહિત્યકૃતિઓના અનુવાદો તથા રામકૃષ્ણ-વિવેકાનંદના જીવન અને બોધને ગુજરાતી ભાષામાં રજૂ કરનાર દુષ્યન્તભાઈ પંડ્યાનું ટૂંકી માંદગી દરમિયાન, ૯૬ વર્ષની વયે, તા. ૭મી ઑક્ટોબરે જામનગર ખાતે અવસાન થયું.

હજુ ૨જી ઑક્ટોબરે 'કસ્તૂરબા સ્ત્રી વિકાસગૃહ'ના સ્થાપનાદિનના કાર્યક્રમમાં એ પ્રમુખસ્થાને હાજર રહેલા. બે કલાક બરાબર હાજરી આપેલી તથા દશ મિનિટ વક્તવ્ય પણ આપેલું. યુનોએ ગાંધીજયંતીને 'વિશ્વ અહિંસા દિન' તરીકે જાહેર કર્યો છે તે અંગે તેઓએ જણાવેલું કે સમગ્ર વિશ્વ આજે વૈકલ્પિક દર્શન ઇચ્છે છે. હિંસા-આતંકવાદ-ઉપભોગવાદ-ગરીબી-બેરોજગારી જેવા પ્રશ્નો વિશ્વને પીડી રહ્યા છે, તેનો ઉકેલ ગાંધીવિચારમાંથી જ મળે તેમ છે, તે તેઓએ જણાવેલું.

આ ઉંમરે તેઓને શરીરથી નબળા પડેલા, કફ, ઉધરસ, ચામડીની તકલીફો વગેરે વારેવારે પરેશાન કરતાં, પણ ચિત્તથી ખૂબ સ્વસ્થ હતા. સમાજના સાંપ્રત પ્રશ્નો પરનું તેઓનું નરવું ચિંતન "નિરીક્ષક"માં નિયમિત રીતે પ્રગટ થતું, તો સાહિત્યિક લેખો પણ નિયમિત રીતે "ઉદ્દેશ"માં તથા "પરબ"માં આવતા.

દુષ્યન્તભાઈએ અડગ નિર્ધાર અને પ્રબળ પુરુષાર્થથી પોતાનું ઘડતર કરેલું. માત્ર ત્રણ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવેલું. પતરાળાં અને પડિયા બનાવીને ગુજરાન ચલાવતાં તેમનાં નાનીમાએ તેઓનો ઉછેર કર્યો. કોઈ અભાવ વર્તાવા ન દીધો. સાથે સ્વાવલંબન અને સ્વાભિમાનના પાઠ ભણાવ્યા.

જામનગરમાં મેટ્રિક થયા પછી જૂનાગઢ-સુરતમાં થોડો સમય અભ્યાસ કર્યા પછી નાસિક અભ્યાસ અર્થે ગયેલા. ૧૯૩૮માં મુખ્ય વિષય અંગ્રેજી તથા ગૌણ વિષય ગુજરાતી સાથે બી.એ. થયા. મુંબઈમાં એમ.એ. શરૂ કર્યું, પરંતુ આર્થિક મુંઝવણે અધૂરો અભ્યાસ છોડીને કરાંચી ગયા. ત્યાં શારદામંદિરમાં મનસુખરામ જોબનપુત્રાએ તેમનું હીર પારખીને શિક્ષક તરીકે રાખી લીધા. ત્યાંના વાતાવરણે તેઓને કેટલીક જીવનનિષ્ઠાઓ અને શિક્ષકધર્મની સમજ આપી. ત્યાં જ શિક્ષણશાસ્ત્રી ડોલરભાઈ માંકડનો જૂનો સંબંધ તાજો થયો. દુષ્યન્તભાઈએ સાહિત્યકાર બ.ક.ઠા.ના ભણકાર પુસ્તક અંગે નોંધ તૈયાર કરેલી તે જોઈને ડોલરભાઈએ તેઓને સીધું પીએચ.ડી. કરવાની સલાહ આપી. તે ન થયું પરંતુ તેઓએ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન નીચે 'સત્યભામારોષદિંશકાખ્યાન' વિષય પર પીએચ.ડી.ની ડિગ્રી મેળવી.

દુષ્યન્તભાઈએ વિવિધ શાળાઓમાં શિક્ષણકાર્ય કરેલું. તે બધી શાળાઓ પોતપોતાની રીતે વિશિષ્ટ હતી. શાળાઓની આગવી લાક્ષણિકતા સાથે દુષ્યન્તભાઈની શિક્ષણપ્રીતિ, અભ્યાસશીલતા તથા જીવનમાં પ્રામાણિકતા તથા નિખાલસતાને લીધે તેમની શિક્ષક તરીકે ગુણવત્તામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગયેલી. તેઓએ મુંબઈમાં પ્યુપિલ્સ ઓન સ્કૂલમાં તથા ગોદરેજની ઉદયાંચલ શાળામાં આચાર્ય તરીકે કામ કરેલું. મુંબઈની સરલા સદન શાળામાં પણ આચાર્યપદે રહ્યા પછી જામનગરની ડીસીસી હાઈ સ્કૂલમાં આચાર્ય થયેલા. ત્યાં શિક્ષણશાસ્ત્રી ડોલરભાઈ માંકડ તથા સમાજનિષ્ઠા ધરાવતા ઉદ્યોગપતિ

## સદ્‌ગત દુષ્યન્ત પંડ્યા

• પ્રકાશ ન. શાહ

આજે (૧૬મી ઑક્ટોબરે - "નિરીક્ષક"ના પ્રકાશન દિવસે) તો એ સૌ સહૃદયો વચ્ચે અમદાવાદમાં હોત અને ઉમાશંકર જોશીના સર્વાંગી દર્શન વિશે ને મિશે એમણે માંડીને વાત કરી હોત, જેમ કેટલીક વાર એ લાંબી લેખણે લખતા. 'ઉમાશંકર જોશીની વિચારયાત્રા' એ, એક રીતે વિરલ એવા શતાબ્દી ગ્રંથના વિમોચન નિમિત્તે થોડીએક વ્યાપક વાતો કરતાં લગભગ એક સદીને છેડે ઊભા રહી, બને કે, એમણે હંસગાન સરખો યોગ સાધ્યો હોત.

દુષ્યન્ત પંડ્યાને 'પેરિપ્લસ'થી વણમળ્યે જાણતો હતો. પહેલી વાર વાતો થઈ ચારેક દાયકા ઉપર જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી નિમિત્તે. 'પેરેડાઈઝ લૉસ્ટ'નો એક અનુવાદિત અંશ ખપમાં લેવાનો ખયાલ હતો. "અખંડ આનંદ" નવેસર શરૂ કરવામાં (એક અજાણ્યા મિત્રે કરેલા પ્રયોગ પ્રમાણે એના દ્વિજ અવતારમાં) નિમિત્ત બન્યો ત્યારે જે સન્માન્ય સાથીઓની કુમક મળી રહી એમાં આપણી પદસમૃદ્ધિના આસ્વાદલેખો થકી તેમ કેટલાક ચરિત્રલેખો થકી દુષ્યન્તભાઈનોયે હિસ્સો હતો.

અહીં ન તો એમની જીવનરેખા અને અક્ષરચર્યા આલેખવાનો ખયાલ છે, ન તો કોઈ સ્મરણલેખ કરવાનો. થોડીકેક રૂપરેખા આ અંકમાં પ્રફુલ્લ દવેએ અંજલિનોંધ રૂપે આપી છે. એમાં કોઈ વિશેષ ઉમેરો કરવા પણ ઇચ્છતો નથી. પણ હૃદયના આદરપૂર્વક એટલો એક મુદ્દો ખસૂસ કરવા ઇચ્છું છું કે છેલ્લા બે'ક દાયકામાં સાંપ્રદાયિકતા સંદર્ભે જેમને સુલઝેલા કહી શકાય એવા જે બહુ થોડાં વ્યક્તિત્વ ગુજરાતનાં બૌદ્ધિક-સાહિત્યિક-શૈક્ષણિક વર્તુળોમાં 'સ્ટેન્ડ અપ એન્ડ બી કાઉન્ટેડ'ના મિજાજથી ઊભરી રહ્યાં, દુષ્યન્તભાઈ તે પૈકી એક હતા. સ્પષ્ટ શબ્દોમાં તે વિશે લખવા અને બોલવામાં એમણે ન કોઈની શેહ ભરી, ન દિલચોરી કરી. "નિરીક્ષક"ના વાચકોને આ બાબતે વધારે કહેવાનું ન હોય.

એમની વિશેષતા એ વાતે હતી કે એ રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદમાં રમેલા હતા. ગાંધીસંસ્કાર પણ સાથેલગો અલબત્ત હતો જ. પણ ધર્મ કહેતાં જે બે ભયસ્થાનો રહે છે - એક તો મરાઠીમાં જેને બુવાબાજી કહે છે એવા દિમાગી ગરબડગોટાળાનું અને બીજું ધરમમજહબને નામે રાષ્ટ્રની વ્યાખ્યા એટલે કે ધોરી કોમવાદની સરળભોળી ઘેલછાનું - એ બેઉથી દુષ્યન્તભાઈ મુક્ત હતા.

ધર્મથી, બેશક બૌદ્ધિક પ્રતીતિપુરસ્સર જે સેક્યુલર મિત્રોએ છેડો ફાડવાપણું જોયું છે એમને માટે આદર અને ચોક્કસ સંદર્ભમાં બિરાદરી અનુભવતે છતે મને પોતાને આપણી ધર્મપરંપરા પરત્વે શોધનવિવેકપૂર્વક જે ખેંચાણ રહેલું છે એનો તાર આ વર્ષોમાં એમની સાથે જોડતો રહ્યો અને આવા બેતાર સંબંધોથી સ્તો વિજન વગડામાં પણ કદી એકલું લાગ્યું નથી.

જે જણ પોતાની ઈનિંગ્ઝ રમીને સહજ સંકેલાયું એને શાંતિ તો આપણે શું પ્રાર્થવાના ... માત્ર, જિક્ર ઉસ પરીવશ કા ઔર બયાં ફિર અપના.

(અનુસંધાન પાનાં 11 પરેથી)

તેમને વેપાર વધારવા માટે મોટું બજાર મળી રહે છે. માનવીની પાયાની જરૂરિયાતો ન હોય તેવી તમામ વસ્તુઓ બનાવવા અને વાપરવા માટે અનેક ગણા કુદરતી સ્રોતો વપરાય છે એ વિચારવાનું આપણે સામૂહિકપણે છોડી દીધું છે. ભારત જેવા દુનિયાના નવમા ધનિક દેશ ગણાવાનું ગૌરવ લેતા દેશમાં દિન-બ-દિન વધતી જતી મોટરકાર વાપરવાની ભૂખાળવી વૃત્તિ સંતોષવા તેને માટેનું એલ્યુમીનિયમ મેળવવા બોકસાઇટથી સમૃધ્ધ એવા પહાડોને ખોદી નાખીએ છીએ ત્યારે એને આધારે નભતી આદિવાસી પ્રજા, એમની સંસ્કૃતિ અને અન્ય જીવ સૃષ્ટિનો નાશ કરીએ છીએ એ મોટી મોટી આંતરરાષ્ટ્રીય કંપનીઓ કે એમને પ્રકૃતિનું શોષણ કરવાની પરવાનગી આપનાર સરકારોને અત્યારે નથી દેખાતું. જમીનમાંથી બોકસાઇટ કાઢનારા કે એલ્યુમીનિયમનાં પતરાં બનાવનારા કે ખુદ કાર બનાવનારા કંઈ મોટરમાં સહેલ કરવા નીકળી નથી શકવાના પણ એ લોકો ઉચ્ચ મધ્યમ વર્ગના લોકોની કારના ધુમાડાથી થતા રોગોના ભોગ બનીને ટોયોટા કે હોંડાના માલિકના દાનમાંથી બંધાવેલ હોસ્પિટલમાં હજારો-લાખો રૂપિયા ઉછીના લઈને સારવાર કરાવવા જશે. આ તે કેવી પ્રગતિ?

મૂડીવાદનો ભસ્માસૂર કરોડો લોકોના જીવન ખેદાન મેદાન કરીને તગડો થઈ ગયો છે. જરૂર છે સંયમ અને મર્યાદા નામની બે મોહિનીઓની જે પોતાના દેહ લાલીત્યથી તેને મોહિત કરીને અનુસરવા પ્રેરે અને પછી બહુજન હિતાય એક એવી યુક્તિ પ્રયોજે કે જેનાથી મૂડીવાદનો ભસ્માસૂર પોતાનો જ હાથ પોતાના શિરે મૂકે અને ભસ્મ બની જાય.

[71 Half Edge Lane, Eccles,
MANCHESTER M30 9AZ, U.K.]

કે.પી. શાહ સાથે કામ કરવાનું થયું. તેઓ દ્વારા વ્યવહારશુદ્ધિ, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો, અધ્યયનશીલતાનો વધુ ઉઘાડ થયો.

૧૯૬૫માં શિક્ષક વિનિમય કાર્યક્રમ હેઠળ ફુલબ્રાઈટ ગ્રાન્ટની સહાયથી એક વર્ષ અમેરિકાની શાળાઓમાં શિક્ષણકાર્યનો અનુભવ લાભદાયી રહ્યો. શિક્ષકોની શિક્ષણકાર્ય પ્રત્યેની નિષ્ઠા-પ્રામાણિકતા-ઉત્કટતાનો સ્પર્શ ત્યાં મળ્યો. ૧૯૭૬માં બ્રિટિશ કાઉન્સિલ તરફથી લીડ્ઝ યુનિવિસટીમાં ત્રણ માસ ટીચિંગ ઈંગ્લિશ એઝ એ સેકન્ડ લેન્ગવેન્જના સમર કોર્સમાં જોડાયા હતા. આ બધા અનુભવોએ તેઓને શિક્ષક તરીકે સમૃદ્ધ કરેલા. ૧૯૬૪માં તેઓને ઉત્તમ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ તત્કાલીન રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના શુભ હસ્તે પ્રાપ્ત થયેલો.

દુષ્યન્તભાઈ સદ્‌ભાગી અને આંતરિક સત્ત્વ પણ ખમીરવાળું તેથી અનેક મહાનુભાવો - સાહિત્યકારોના નિકટના પરિચયમાં આવ્યા. કરાંચીમાં માનસિક મૂંઝવણમાં હતા તે સમયે જ સ્વામી રંગનાથાનંદજીના સત્સંગનો લાભ મળ્યો. તેઓ સાથેનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો ગયો અને રામકૃષ્ણના ઘણા શિષ્યોના ચરિત્રો લખ્યાં, ઘણાં પુસ્તકોના અનુવાદો કર્યા, “રામકૃષ્ણ જયોત”માં પણ નિયમિત લખતા.



**દુષ્યન્ત પંડયા**
**07.03.1916 - 07.10.2011**

કરાંચીમાં સંત ગુરુદયાળ મલ્લિક સાથે નજીકના સંબંધમાં આવ્યા. મલ્લિકજી તો તેઓને રાજા દુષ્યન્ત કહીને જ બોલાવતા.

માદામ મોન્ટેસરી સાથે ત્રણ માસ કામ કરવાની તક મળેલી તેનાથી કેળવણી ક્ષેત્રે તેઓને નવી દૃષ્ટિ મળેલી, બાલવિકાસ અને મોન્ટેસરી પદ્ધતિ. પુસ્તક પણ લખ્યું જેને સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળેલું.

કરાંચીમાં જ રાલ્ફ વ્હીટલીંગ તથા અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જીમી કાર્ટરનાં માતા લિલિયન કાર્ટર સાથે પણ સંબંધ બંધાયેલો.

શિક્ષણની તેઓની સમગ્રતાભરી દૃષ્ટિને લઈને મહારાષ્ટ્રમા શિક્ષણ બોર્ડે ત્યાંની પાઠ્યપુસ્તકોની ચયનસમિતિમાં તથા એચ.એચ.સી. બોર્ડના પ્રાશ્નિકોના માર્ગદર્શક તરીકે લીધેલા. તેઓએ ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ના વ્યાકરણનાં પુસ્તકો લખેલાં, જેને ભાષાશાસ્ત્રી ભૃગુરાય અંજારિયાએ આવકારેલાં.

મુંબઈ નિવાસ દરમિયાન ત્યાંના અનેક સાહિત્યકારોના સંબંધમાં આવેલા. બ.ક. ઠાકોરે તેમને કહેલું. ‘તમે ઘણા વિષયોમાં, છબછબ કરો છો. ભવિષ્યમાં કો'ક દહાડો ઊંડા ઊતરવાના.’ એ ભવિષ્યવાણી સાચી પડી હતી. તેઓના ગદ્યમાં પ્રવાહિતા-પ્રાસાદિકતા, સચ્ચાઈ-પારર્દિશતાની ફોરમ અનુભવાય છે. તેઓએ વિશ્વપ્રસિદ્ધ પુસ્તકોના અનુવાદો કરેલા. જેમાં મિલ્ટનના ‘પેરેડાઈઝ લોસ્ટ’ના અનુવાદનો, ઈવાન ઈલીચના પુસ્તક ‘ડીસ્કુલીંગ સોસાયટી’નો (અમૃતલાલ યાજ્ઞિક સાથે) શાળામુક્ત સમાજ નામે કરેલો. પેરિપ્લસનો પણ અનુવાદ કરેલો.

તેઓએ સુંદર ચરિત્રો ‘સ્મરણક્યારાનાં સુમનો’ તથા ‘સ્મરણોની વીથિકા’માં આપ્યાં છે. એ જ રીતે અમેરિકાના જીવન વિશે ‘કોલંબસને કેડે’માં લખ્યું છે. ભજનોનો આસ્વાદ કરાવતું પુસ્તક ‘ભક્તિપદારથ’ લખ્યું છે. તો ઉમાશંકર જોશીનાં કેટલાંક કાવ્યોનું અંગ્રેજી અનુવાદ કરેલો છે. જે ગુજરાતી સાહિત્ય પરિષદે તાજેતરમાં જ પ્રકાશિત કરેલ છે.

તેઓ અંતિમ ઘડી સુધી પૂરા સક્રિય રહ્યા. તેઓ જામનગરમાં કેળવણીક્ષેત્રે કાર્યરત વિદ્યોત્તેજક મંડળના તથા ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીના અધ્યક્ષ હતા. તથા કસ્તૂરબા સ્ત્રી વિકાસગૃહના સ્થાપક સભ્ય તો હતા જ, આજે પણ તેની કારોબારી અને ટ્રસ્ટીમંડળના સભ્ય હતા અને યોગ્ય માર્ગદર્શન આપતા.

૨૪ કલાકની ટૂંકી માંદગીમાં તેઓએ વિદાય લીધી. ચાર પેઢી એક જ ઘરમાં સંવાદિતાથી રહેતી હતી. જીવનમાં પૂરો સંતોષ હતો. તેઓ પોતાનું જીવન કૃતાર્થ કરી ગયા. તેઓના જવાથી જામનગરના નાગરિક-બૌદ્ધિક જીવનમાં ખાલીપો ઊભો થયો છે. એટલું જ નહીં, ગુજરાતને પણ એક સ્વસ્થ નીડર વિચારકની ખોટ પડી છે.


(નાગર ચકલા, જામનગર ૩૬૧ ૦૦૧, ભારત)

# સદ્‌ગત અતુલ સવાણી

**• પ્રકાશ ન. શાહ**

અતુલભાઈ ગયા, અને મૉસ્કોની એમની સાથેની વિપુલભાઈની ને મારી સવારના નાસ્તા વખતની લાંબી વાતોની સ્મૃતિ ઝંકૃત કરતા ગયા ! કુદ્સિયાબહેન કહેતાં - ઔરતોં કા નહાના ઔર મર્દો કા ખાના (બ્રેકફાસ્ટ પર બાત કરના) કભી ખતમ નહીં હોતા !

ચારેક વરસ પર જવાનું તો થયું હતું યાસ્નાયા પોલ્યાનાની તોલ્સ્તોય ભૂમિની યાત્રાએ, પણ અતુલ સવાણી સાથેના મૉસ્કો રોકાણે અમારી રૂસ મુલાકાતને એકદમ મૂલ્યવર્ધિત કરી આપી. ક્યારેક જ્યાંથી ગુજરાતી સહિતની વિશ્વભાષાઓમાં જબ્બર અનુવાદપ્રવૃત્તિ ચાલી હતી - અને જે પ્રચારસાહિત્યમાં નહીં સમેટાતાં પ્રશિષ્ટ સાહિત્યને આંબવા કરતી હતી - એની સાથે સંકળાયેલું એ એક મોટું ગુજરાતી નામ હતા. મને તો એમના ઘરમાં એક બપોરે ગોળનું ગાડું જ મળી ગયું - મૂળ રૂસીમાંથી એમણે ઉતારેલી ગૉર્કીની ‘મા’ હાથમાં આવી, અને એમ જ આ હૃદ્ય નવલકથાની શતાબ્દી અનાયાસ ઉજવી.



**અતુલ સવાણી**
**16.11.1925 - 30.10.2011**

૧૬ નવેમ્બર ૧૯૨૫થી ૩૦ ઑક્ટોબર ૨૦૧૧ની એમની જીવનયાત્રા દરમ્યાન ૧૯૬૬થી પ્રગતિ પ્રકાશન (પછીથી રાદૂગા પ્રકાશન) સાથે મૉસ્કોમાં સ્થાયી થયેલા અતુલભાઈ (એમની જેમ જ ત્યાં કાર્યરત ભીષ્મ સહાની વગેરેની જેમ) મૂળે તો ભારતીય સામ્યવાદી પક્ષના એક સમર્પિત કાર્યકર હતા. વજુભાઈ શુક્લ અને કાકા ઈસ્માઈલ હીરાણી સરખાથી સરસાર્જ માહોલમાં, આ સ્વાતંત્ર્યસૈનિક યુવજન સારુ માર્ક્સવાદની દીક્ષા સહજ હતી. ભોગીભાઈ, ચંદ્રભાઈ, સ્વપ્નસ્થ, ધનવંતભાઈ વગેરેથી વયમાં દસપંદર વરસ પાછળ અતુલભાઈ સાથે સામ્યવાદી પક્ષના એમના અનુભવોની, મુસ્લિમોના ‘અલગ વતન’ની વિચારણા સામે પક્ષમાં એમણે (એક ખોજાએ) લીધેલી ઝીંકની, રણદીવેની નીતિએ સરજેલ ભંગાણની અને એવી ઘણીબધી વાતો

અમારે થતી. ગોર્બાચોફ-ઉત્તર રશિયામાં સામ્યવાદી પક્ષ ખુલ્લી ચૂંટણીઓમાં કેમ પ્રભાવકપણે બહાર આવી ન શક્યો એવા મારા પ્રશ્નનો એમનો ઉત્તર સાફ હતો કે સરકાર મારફતે ચાલતાં કલ્યાણકામોની આદત પડતી ગઈ તેમ તેમ પક્ષનો જનતા સાથેનો સીધો સંપર્ક છૂટતો ગયો. જો કે ગ્લાસનૉસ્ત ને પેરેસ્ત્રોઈકા બાબતે મારા ને વિપુલભાઈ જેવો સાનુકૂળ પ્રત્યાઘાત એમનો કદાચ નહોતો.

પણ એમના અનુવાદોનો વ્યાપ ! બાળ સાહિત્ય, પ્રશિષ્ટ નવલકથા તેમ દર્શન અને ચિંતન પણ. (અતુલભાઈને લાગતું કે મોહમ્મદ માંકડ અને વિપુલ કલ્યાણી સરખા અપવાદો બાદ કરતાં ગુજરાતી ભાષાસાહિત્યની દુનિયામાં એની ખાસ નોંધ લેવાઈ નથી.) દિલ્હીમાં પ્રેસ એનૂક્લેવ સ્થિત ઘરમાં એમણે એ સઘળાની એક એક નકલ હોંશથી વસાવી હતી, અને તબિયત જરી સરખી થયે આ વખતે મૉસ્કોથી પહેલાં અમદાવાદ થઈ જૂનાનવા મિત્રોને મળી - બને તો પ્રકાશનનું કંઈક ગોઠવી - દિલ્હી જવું એવો ખયાલ હતો, પણ …

**(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧૬.૧૧.૨૦૧૧)**

e.mail : prakash.nirikshak@gmail.com

# માંગલ્ય ને માધુર્યના અર્ક મંગુબાપાને અલવિદા !

**• મણિલાલ એમ. પટેલ**

ગુજરાતના જાણીતા ઈતિહાસવિદ્, સંશોધક, પાટીદાર સમાજનો વિશ્વસનીય ઈતિહાસ લખનાર તથા શિક્ષણ અને સાંપ્રત સમસ્યાઓનું ચિંતન-લેખન કરનારા બહુમુખી પ્રતિભા ધરાવતા એવા ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામના વતની મંગુભાઈ પટેલનું ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.



**મંગળદાસ આર. પટેલ**
**25.09.1937 - 27.10.2011**

સામાન્ય કિસાન પરિવારમાં ૧૯૩૭માં જન્મીને હાડમારીઓ વચ્ચે કડી સર્વ વિદ્યાલયમાં મેટ્રિક થઈ, ગુજરાત યુનિવર્સિટીમાં, ઈતિહાસના વિષય સાથે, એમ.એ.માં સર્વ પ્રથમ આવ્યા. ત્યાર બાદ ગુજરાત વિદ્યાપીઠ, વિવેકાનંદ કૉલેજ, સ્વામીનારાયણ કૉલેજ અને માણસા કૉલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી. ૧૯૯૭માં ગુજરાત યુનિવર્સિટીમાં ઈતિહાસ વિભાગના રિડર તરીકે સેવાઓ આપીને નિવૃત્ત થયા. ગુજરાત ઈતિહાસ પરિષદના પ્રમુખપદે વરાયા બાદ તેમણે પરિષદને ગૌરવ બક્ષે તેવી કામગીરી કરી.

પાટીદાર સમાજના સમાજસુધારક બહેચરદાસ લશ્કરી વિશેના તેમના મહાનિબંધ બદલ ગુજરાત યુનિવર્સિટીએ તેમને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી હતી. તેમના માર્ગદર્શન હેઠળ ૧૦ વિદ્યાર્થીઓ પીએચ.ડી. અને ૧૫ વિદ્યાર્થીઓ એમ.ફિલ. થયા છે.

અધ્યાપક તરીકે અધ્યાપકમંડળ થકી હંમેશાં અન્યાય સામે અવાજ ઉઠાવતા રહ્યા અને અધ્યાપકોનાં હિતોની ચિંતા સેવી. યુનિવર્સિટી સેનેટ અને સિન્ડિકેટમાં વર્ષો સુધી ઉચ્ચ શિક્ષણ જગતના પ્રશ્નો ઉઠાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી. ગુજરાતની રંગભૂમિ તેમના રસનો વિષય હતો. નાટ્યકાર - લેખક તરીકે તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. રંગભૂમિના જૂના કલાકારોનું 'રંગદૃષ્ટિ' નામનું સંગઠન બનાવીને તેમની ચિંતા સેવી. છગનભાઈ સ્થાપિત સર્વ વિદ્યાલયમ કડીના મંત્રી તરીકે પણ સેવાઓ આપી.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ તરફથી મંગુભાઈ પટેલનાં ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો અને તેના ઘડવૈયા, ફ્રેન્ચક્રાંતિ અને નેપોલિયન, આંતરરાષ્ટ્રીય સંબંધો, સરમુખત્યારશાહી નાઝીવાદ-ફાસીવાદ તથા ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિશ્વક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન, બહેચરદાસ લશ્કરી - ઔદ્યોગિક અને સામાજિક નેતા વગેરે પુસ્તકો પ્રગટ થયાં છે. ક્ષત્રિય પાટીદારો કા ઈતિહાસ, પાટીદાર ગૌરવગાથા, યુગપુરુષ સરદાર પટેલ, કર્મયોગી દાસકાકા, સાત પગલાં સાથે ઉમાદેશ, પાટીદાર, પાટીદાર પ્રગતિ અને પરિવર્તન, બાંધ્યા વિવાહ એક વિવાદ, સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભાઈ, બાપુભાઈ વી. ગામી - અલગારી આચાર્ય, અનોખા આચાર્ય - નાથુભાઈ દેસાઈ, કડવા પાટીદાર સભાઓમાં સુધારાનો અભિગમ, (૧૮૨૦-૧૯૨૦) યુવામંડળ અને જ્ઞાતિપંચોનો કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ (૧૯૧૮થી ૧૯૬૦) વગેરે પુસ્તકો પ્રગટ થયાં છે. વિવિધ સામયિકોમાં ઈતિહાસને લગતા શોધ-લેખો તથા પરિષદોમાં શોધ-નિબંધ રજૂ કર્યા છે.

અખિલ ભારતીય કૂર્મી ક્ષત્રિય સંગઠનના સચિવ તરીકે તથા અખિલ ભારતીય પાટીદાર સમાજ સંગઠન(મ.પ્ર.)ના સહસંયોજક તરીકે સેવાઓ આપી હતી. તેમણે ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી, દફતર ભંડાર, કલાકાર આર્થિક સહાય સમિતિ, સંગ્રહાલય સમિતિ, પુરાતત્ત્વ ખાતું વગેરેમાં સક્રિય સભ્ય તરીકે સેવાઓ આપી હતી. "ઉમિયાદર્શન" માસિકના તંત્રી તરીકે તેમનાં તંત્રીલેખો લોકપ્રિય બન્યા હતાં. વિલાયતની ગુજરાતી સાહિત્ય અકાદમીના આમંત્રણથી, સન ૧૯૯૪ દરમિયાન, યુનાઈટેડ કિંગડમ ખાતે જઈ વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

કાળીચૌદસના દિવસે ગોમતીબાના બેસણામાં જયંતીભાઈ પટેલ, પ્રકાશ ન. શાહ, બેચરભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, ત્રિકમભાઈ પટેલ, મંગુભાઈ પટેલ વગેરે અમે મળ્યા અને ગમ્મત તથા ગામગપાટાં માર્યાં ત્યારે કલ્પના ન હતી કે બે દિવસ બાદ, બેસતા વર્ષે, સવારે નવા વર્ષની સૌ પ્રથમ મંગુભાઈની સ્મશાનયાત્રામાં જોડાવાનું થશે. બેસતા વર્ષે મંગુભાઈને તેમની હાજરીને બદલે ગેરહાજરીમાં તેમના નશ્વરદેહને મળવાનું થયું. ૨૦૬૭ના વર્ષનો અંતિમ ચોપડો પૂર્ણ કરીને ૨૦૬૮નું નવું પ્રભાત ઊગે તે પહેલાં જીવનલીલા સંકેલીને અચાનક જ આ અણનમ ખેલાડી અને સામાજિક યોદ્ધા જીવનમાંથી આઉટ થઈ ગયો.

અખાના છપ્પા જેવા તેમના ચાબખા, મનમાં વાગે તેવી સ્પષ્ટ વાણી છતાં એટલા જ નિખાલસ અને સંવેદનશીલ, પાટીદાર સમાજના લેખક, સર્જક અને સંશોધક તરીકે તેમનો લડાયક મિજાજ જાણીતો છે. અન્યાય અને સ્વતંત્રતા પર કાપ જરા ય સહી લેવાની તેમનામાં વૃત્તિ કે બાંધછોડ નહીં. પાટીદાર સમાજના ઈતિહાસ અંગે તેમના જેવું વિશ્વસનીય અને આધારભૂત સંશોધન ભાગ્યે જ કોઈ સર્જક-સંશોધકે કર્યું હશે. સાંપ્રત ઘટનાઓ અને સામાજિક ખટપટો અંગેની 'ઉમિયાદર્શન"ના તંત્રી તરીકેની તેમની ધારદાર કટાર કે જેમાં વેદના, વ્યથા, વ્યંગ અને વિનોદ બધું જ હોય. સારી સમજવૃત્તિના તેઓ સ્વામી હતા.

હિતવર્ધક ટ્રસ્ટના ઈનામ વિતરણમાં શ્રોતાઓ આગ્રહ કરીને તેમને દેવીપૂજકની રામાયણ ભજવવાનું કહે અને મંગુભાઈનો અધ્યાપક આત્મા અદાકાર-કલાકાર તરીકે ખીલી ઊઠે. બે વર્ષ પહેલાં મેં કહ્યું કે મંગુબાપા, પેલી રામાયણ ભજવો. તો કહે કે ના યાર, હવે તમારાં કાકી ને છોકરાં ના પાડે છે ! મેં કહ્યું કે તમે ક્યાં કાકીથી ડરો છો. તો જવાબમાં કહે કે, આપણે ડરીએ નહીં પણ એમનું માન જાળવવું જોઈએ. એ ના કહે તો ન કરીએ.

પાટીદાર સમાજના મતભેદો અંગે, 'માડી, માથાં ફૂટ્યાં રે તારા ચાચર ચોકમાં' એવું વાગે તેવું લખી નાખે અને પટેલોની ખૂબી વર્ણવતાં કહે કે, પાડાને પેન્ટ પહેરાવે તે પટેલ !

દોઢેક દાયકાનો અમારો ટૂંકો છતાં આત્મીય સંબંધ હતો. મારાં લખાણ વાંચીને પીઠ થાબડે અને ઠપકારે ય ખરા : અલ્યા મણિલાલ, ખેડૂતના છોકરા તરીકે ભલે તે ખેતી ન કરી, પણ કલમી ખેતી સારી કરે છે, એમ કહે તો કંબોઈના કોઈ ધર્મસ્થાન વિશે "ગ્રામગર્જના"માં કોઈનો લેખ છપાયો હોય તો આવું અંધશ્રદ્ધાને બળ આપતું લખીને, મણિલાલ, "ગ્રામગર્જના"નું સ્તર નીચું ન લાવો, તેમ પણ વિના સંકોચે સ્પષ્ટ કહે. શબ્દો ચોળી કે ચોરીને બોલવાનું તેમના સ્વભાવમાં ન હતું. ફોન આવે એટલે હું પૂછું કે બોલો, મંગુબાપા, આજે તમારી શું અમંગળ વાણી છે ? … તેમની અમંગળ વાણીમાં છુપાયેલાં માંગલ્ય અને માધુર્યને હવે માણવા નહીં મળે. … અલવિદા, મંગુબાપા !

**(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧૬.૧૧.૨૦૧૧)**

(૨૫, ન્યુ અખંડ આનંદ સોસાઈટી, ગોપી અન્નક્ષેત્ર પાસે, નવા વાડજ, અમદાવાદ ૩૮૦ ૦૧૩)

# ‘જે હાક સાંભળીને ઊભા થયા નહીં … માણસ અને મડાંનો મતલબ બતાવ તું’

**• વિપુલ કલ્યાણી**

મારા મહેરબાનો ! હું ય તમારી જોડાજોડ અદમ ટંકારવીનું બહુમાન કરવામાં સહૃદય સામેલ છું. ઊભો થયો છું “ઓપિનિયન”કાર રૂપે; પરંતુ અકાદમીનું છોરું છું, તેથી તે વડેરી સંસ્થા વતી પણ, ટટ્ટાર, ખડા રહેવાની અહીં ચેષ્ટા છે.

દાયકાઓ પહેલાં, સાંભરી આવે છે, મરહૂમ અંજુમ વાલોડીનું કેન્દ્રીય અકાદમીવતી માતબર બહુમાન થયેલું. તેમ મહેક ટંકારવી તેમ જ દિવંગત ભાનુશંકર ઓધવજી વ્યાસનું પણ તત્કાલીન ગુજરાત સરકારે ઉચિત કદર કરેલી. હજુ હમણાં, અદમ ટંકારવી ઉપરાંત બળવંત નાયક અને જગદીશ દવેને ય તળ ગુજરાતની અવ્વલ સાહિત્યિક સંસ્થાઓએ પોંખેલા.

પરંતુ આ વેળાની તદ્દન નોખી વાત બની છે. અહીં તો મુંબઈસ્થિત સંસ્થા, ‘ઇન્ડિયન નેશનલ થિયેટરે’, અદમ ટંકારવીનું તાજેતરમાં બહુમાન કર્યું છે - ‘કલાપી પારિતોષિક’ વડે. અને હું ય પોરસાઉં છું. અને અદમભાઈનાં દુખણાં લઈ લઈને અમે ય આ વધાઈમાં હાજરાહજૂર છીએ.

“મુંબઈ સમાચાર”માં ‘ચિટચેટ’ નામે સ્થંભ આવે છે. સંચાલક નંદિની ત્રિવેદીએ, ગયા ઑગસ્ટ દરમિયાન, આદમ ઘોડીવાળા ઉર્ફે અદમ ટંકારવી સાથે, એકવાર વાતચીત માંડી હતી. તેમાં એક સવાલ હતો : ‘તમારે માટે સૌથી મૂલ્યવાન શું ?’ તો જવાબમાં આ પારિતોષિક મેળવનાર સજ્જન કહેતા હતા : ‘પરમ તત્ત્વ સાથે સંવાદ રચાય અને માલિક રાજી થાય એવું જીવન જીવાય એ મારે માટે સૌથી અગત્યનું છે. દુનિયામાં રહીએ પણ દુનિયાના નહીં - અલિપ્ત રહીને કર્મ કરતાં રહેવાનું.’


વાહ ! વાહ !! – કહેવાનું જ મન થાય. … ખેર !

હર્ષદ ત્રિવેદી સંપાદિત “શબ્દસૃષ્ટિ”ના, ‘કવિતા અને હું’ કેન્દ્રગામી વિષય જોડાજોડ, ‘દીપોત્સવી વિશેષાંક : ૨૦૧૧’માં અદમ ટંકારવી ‘ગઝલાષ્ટક’ લઈને આવે છે. આરંભે જ ખુદને સવાલે છે : ‘શબ્દ ક્યાંથી જડ્યો ?’ અને પછી, પોતે જ જવાબ વાળે છે : ‘એ પ્રશ્નનો સાફસૂથરો ઉત્તર હજુ જડ્યો નથી.’ અને પછી અદમસાહેબની શબ્દ-ગાડી દોડવા લાગી છે :

‘મારા ગામ ટંકારીઆની ગામઠી શાળામાં દાખલ થયો ત્યારે શિક્ષણનું માધ્યમ હતું ઉર્દૂ. બે વર્ષ પછી આઝાદી આવી, અને શાળાએ ગુજરાતી માધ્યમ અપનાવ્યું. ઘરમાં, ગામમાં ગુજરાતી બોલાય પણ તે પ્રશિષ્ટ નહીં. એમાં ઉર્દૂની છાંટ અને બોલી ભરૂચી. પરભાતિયાં, હાલરડાં એવું કશું સાંભળવા ન મળે. ગામમાં પુસ્તકાલય નહીં. હાઈસ્કૂલમાં ગયો ત્યારે પ્રથમવાર “ઝગમગ”, “રમકડું” અને ગોલીબારનું “ચક્રમ” જોયું. હઝલસમ્રાટ ‘બેકાર’ની એક દીકરી અમારા ગામમાં પરણાવેલી. વરસેદહાડે



અદમ ટંકારવી




તેઓ ટંકારીઆ આવે અને બેત્રણ દિવસ રોકાય. અમે તેમની પાસે બેસી શાયરોની, મુશાયરાની વાતો સાંભળીએ. પછીથી તેમનું સામયિક “ઇન્સાન” વાંચતો થયો.

‘“ઇન્સાન”માં વાંચ્યું કે, સુરતમાં એક તરહી મુશાયરો છે, જેની પંક્તિ છે : હવે લાગી રહ્યું છે વારતા પૂરી થવા આવી. ત્યારે હું નવમાં ધોરણમાં ભણું. મને થયું આ પંક્તિ પર ગઝલ લખું. છંદનું ભાન નહીં, પણ લય પકડાય. “ઇન્સાન”માં ગઝલો વાંચીને કાફિયા, રદીફની સમજ પડેલી. ઉપનામ રાખ્યું અદમ. નામ આદમ, એમાંથી કાનો કાઢી નાખ્યો. ગામનું નામ ટંકારીઆ, તેથી સાથે જોડ્યું ટંકારવી. પંક્તિને આધારે પ્રથમ ગઝલ લખાઈ તેમાં શૅર આવ્યો :

**જખમ જીવલેણ છે તેનો તમે કંઈ શોક ના કરશો,**
**મને સંતોષ છે કે, બે ઘડી તમને મજા આવી.**

‘જખમ હતો એ નક્કી. શેનો ? તેની ગતાગમ નહીં.

‘આલમેઅરવાહમાંથી છૂટા પડ્યા તો - વિચ્છિન્નતાનો હોય, શબ્દ એને રૂઝાવશે એવી અપેક્ષા હોય. એ ગઝલમાં અન્ય શૅર આવો :

**તમારા સમ સિફતથી મેં જ દિલને સાચવી લીધું,**
**જગતમાં તો ઘણી ચીજો મને લલચાવવા આવી.**

‘કદાચ, ગઝલની દાબડીમાં દિલ સચવાશે એવી હૈયાધારણા હોય.

‘એ અરસામાં વાર્તાકાર વલીભાઈ પટેલ કોક લગ્નપ્રસંગે અમારે ગામ આવેલા. એમને આ પ્રથમ ગઝલ “ઇસ્લાહ” માટે આપી. ગઝલ વાંચી એમણે કહ્યું : વજનમાં છે, શેરિયત છે, “ઇસ્લાહ”ની જરૂર નથી. “ઇન્સાન”ને પ્રગટ થવા સારુ મોકલ. મોકલી. બીજે મહિને “ઇન્સાન”માં પ્રગટ થયેલી જોઈ મોં જોણાંનો આનંદ અનુભવ્યો !’

વારુ, ‘કૂંડાળું’ નામે અદમ ટંકારવીની એક અછાંદશ કવિતા છે.

**કવિતાનું કૂંડાળું**
**સવર્ણ સંવેદન**
**વર્ણીય વિશ્વદર્શન**
**આભડછેટિયા અભિવ્યક્તિ**
**ન્યાતીલું નિરૂપણ**
**મરજાદી મર્મ**
**ભદ્ર ભાષાકર્મ**

**અછૂત / હડધૂત / વંચિત / શોષિત / પીડિત / વ્યથિત**

**કૂંડાળા બહાર**

**સમાજાભિમુખ કવિતા ?**
**સમાજ એટલે અમે –**
**પેલા નહીં**
**સમાજ એટલે પહેલા –**
**છેલ્લા નહીં**

**બહુજનસમાજ તમારી કવિતાને અડતો નથી**
**કેમ કે,**
**તમારી કવિતા બહુજનસમાજને અડતી નથી**

ડિસેમ્બર 2009 વેળા, કવિનો એક કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે. નામ છે : ‘ઓથાર’ ૨૦૦૨. બધું મળીને 41 કૃતિઓ છે, ને તેમાં છ જ ગઝલ છે. બાકીની સઘળી અછાંદશ. પ્રકાશ ન. શાહ સંગ્રહને ‘મહેણું ભાંગતી મથામણ’ કહીને જણાવે છે : ‘જુગતરામ દવેએ વેડછી પંથકમાં આદિવાસી શિક્ષણની જે ધૂણી ધખાવી, દર્શક એને એકલવ્યનું પ્રાયશ્ચિત કહેતા. એક રીતે, અદમ ટંકારવીની આ સર્જક મથામણ એ કૂળની છે.’ અને પછી એ ઉમેરે છે : ‘તળ ગુજરાત, એની કથિત મુખ્યધારા, છેવટે તો આપણ સૌ 2002ના ઘટનાક્રમના સંદર્ભમાં જે દાયિત્વ નથી નભાવી શક્યા એનું મહેણું અહીં ડાયસ્પોરી છેડેથી કંઈક ભાંગી રહ્યું છે.’

‘સંવેદનબધિર ચૂપકીદીને ચીરતી એક ચીસ જેવી’ આ રચનાઓ અંગે ડંકેશ ઓઝાએ તો મજબૂતાઈએ ‘એક ગ્રામ સત્ય’ ચિંધી બતાવ્યું છે.

ડંકેશભાઈના કહેવા મુજબ, 'ગુજરાતીમાં સાંપ્રત ઘટનાઓની પ્રતિક્રિયારૂપે સાહિત્ય પ્રમાણમાં ઓછું લખાય છે. હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓની સરખામણીએ ગુજરાતી સાહિત્યકાર વધુ ઠાવકો, વિવેકી હોય એવું લાગ્યા કરે છે ! શું કારણ હશે ? આવા વિષયે કોઈ સામાજિક સંશોધન થતું નથી. આશા રાખીએ કે એકવીસમી સદી આવા સંશોધનની પણ સદી બની રહે !'

ડંકેશભાઈ કહે છે તેમ 'ઢાઈ અક્ષર પ્રેમકા'નો કબીરી સંદેશ કે 'રઘુપતિ રાઘવ રાજારામ'નો ગાંધી સંદેશ આપણાને પચ્યો નહીં અને જચ્યો પણ નહીં. આપણે તો શુદ્ર-ભદ્ર, કૌંસ-ક્રોસના અક્ષરોમાં અટવાતા રહ્યા. 'પહેલે કસાઈ, બાદમેં ઈસાઈ'ના ભીંતલખાણો ચિતરતા રહ્યા અને 'તેરી મેરી ક્યા હૈ સગાઈ ? હમસબ હૈ ભાઈ-ભાઈ' વાળી વાતનો મર્મ ન પામી શક્યા. કારણ :

**સાક્ષરશ્રી 'સ' વાળું પૃષ્ઠ ખોલવા મથે**
**ને સામે આવે 'ન' વાળું પૃષ્ઠ**
**ને તેમાં ન્યાત શબ્દ પછી આવે**
**ન્યાય**
**હવે શું થાય ?**
**સુજ્ઞશ્રી મૂંઝાયખિજાયધૂંધવાયકિન્નાયગિન્નાય**
**ગુજરાતી કક્કામાં આવે 'સ'ની પહેલાં 'ન'**

કનડગતનું કારણ કક્કાનું ઘડતર હતું અને તેથી જ પોતાનો કક્કો ખરો કર્યો !

'2002નો પ્રગટ ઉલ્લેખ અને આક્રોશ કાવ્યસંગ્રહમાં હોય તો તેની કવિને આભડછેટ નથી, બલકે ઓથાર તો એમને ઉતારવો છે જો ઉતારી શકાય તો !' ડંકેશભાઈ વધુમાં જણાવે છે તેમ, 'પરંતુ તે અતિ મુશ્કેલ છે. લોકસંગીતની માફક, કવિતા મારફત કવિ સમુદાયનું ઋણ ફેડવા કલમ ઉઠાવે છે, અને ઊઠે છે એક ચીસ, જે 'ઓથાર'ના પાને પાને સંભળાય છે અને બે કાને આડા હાથ દેવા વાચકને મજબૂર કરે એવી તીવ્રતા તેની છે.'

કવિને માટે સવાલ સીધો–સાદો છે; પરંતુ આપણા દરેક માટે ? લો, વાંચીએ :

**જેના પર તલવાર ઝીંકાય એ ગરદન તમારી**
**હોય તો ?**
**જે આગમાં ફંગોળાય એ સંતાન તમારું હોય**
**તો ?**
**જે ગોળીથી વીંધાય એ ભાઈ તમારો હોય તો ?**
**જે સળગાવાય એ ઘર તમારું હોય તો ?**
**જે લૂંટાય એ દુકાન તમારી હોય તો ?**
**જે ઘવાય એ સ્વમાન તમારું હોય તો ?**
**તાત્પર્ય**
**હું તમે, તમે હું, અદલાબદલી, સ્થાન ફેર**
**હું ઘરમાં, તમે રાહતછાવણીમાં**
**હું તાવું, તમે તાવણીમાં**

આશાનું કિરણ છેલ્લી ગઝલમાં વરતાય છે. આપણામાં દરેકને ફરી શ્રદ્ધા અને વિશ્વાસનું રોપણ કરવાને સારુ શાયર મથે છે :

**ઝમકઝોળઝબ ઝળહળે છે હજી**
**દિલાસાના દીવા બળે છે હજી**
**નથી સાવ ઊફરા અધૂકડા અલગ**
**કદમ આ તરફ પણ વળે છે હજી**
**આ આખી ય વસતી નરાધમ નથી**
**કોઈક દેવુભા પણ મળે છે હજી**
**સમાયુક્ત સંવેદ સાબૂત છે**
**કકણકમકમાટી કળે છે હજી**
**બધાં છિન્ન છૂટાં છવાયાં નથી**
**કોઈક ક્યાંક તો સાંકળે છે હજી**
**કોઈ પ્રાણ રેડી ગઝલ ગાય છે**
**ગઝલ્હીન કો' સાંભળે છે હજી**
**છે આવરદાનાં એય બળિયાં, જુઓ**
**દયા ડોસી દરણાં દળે છે હજી**

હવે અંત ભણી જઉં તેની સાથોસાથ, આ 'ઓથાર'ના શાયર, અદમ ટંકારવીએ, ઉર્ફે આદમ ઘોડીવાલાએ, 26 ઑગસ્ટ 2003ના "ઓપિનિયન" સામયિકમાં, 'ફૅર પ્લે' નામે એક વિચારશીલ અને રચનાત્મક લેખ આપ્યો હતો. સંસ્થાકીય કોમવાદને નાથવાને સારુ આદમભાઈએ કરેલા સૂચનો ભણી ફેર ધ્યાન લગાવવા, સૌને અને દરેકને, અરજ કરી વિરમીશ. લેખક, કવિની આર્ષવાણી રજૂ કરતાં કરતાં, કહેતા હતા : 'ગુજરાતના ઝનૂનની અહીંયા આયાત કરવાને બદલે અહીંની 'ગુડ પ્રૅક્ટિસીસ'ની ગુજરાતમાં નિકાસ કરવાનો અભિગમ આપણા માટે અને લાંબે ગાળે ગુજરાત માટે વધુ હિતાવહ લાગે છે. સ્વસ્થ, વિકાસલક્ષી ગુજરાતના નિર્માણમાં રચનાત્મક સહયોગ આપીને જ આપણે સાચા અર્થમાં 'ફ્રૅન્ડ્ઝ ઑવ્ ગુજરાત' બની શકીએ.'

આ અવસરે આ બધું કહેવાની તેમ જ આદમભાઈ વિશે બે-પાંચ સારા સારા શબ્દો કહેવાની, સગવડ કરી આપવા સારુ આયોજકોનો હું સહૃદય આભારી છું.

**પાનબીડું :**

' … … પ્રશ્ન આખા માનવસમાજનો છે. તેને તો સમિધો અને પુષ્પો ચઢાવવા પણ કોઈ જોઈએ છે અને જૂતાં મારવા પણ કોઈક જોઈએ છે ! ઑડને સાચું કહેલું કે, જે માનવજાતે હિટલર અને સ્તાલિન પેદા કર્યા હોય ત્યાં આપણા પર આપણને વિશ્વાસ કેમ કરીને રહે ? પછી તો બધા બચાવનામાં અને તે દ્વારા આને સાચો અને પેલાને ખોટો સાબિત કરવાનું જ રહે કે બીજું કંઈ ? કવિ હર્ષદ ત્રિવેદી તેથી જ કહે છે :

'જે હાક સાંભળીને ઊભા થયા નહીં
માણસ અને મડાંનો મતલબ બતાવ તું'

– **ડંકેશ ઓઝા**

હૅરો, 07.11.2011

**(સદ્ભાવ : લેસ્ટર મધ્યે, 13.11.2011ના યોજાયેલા 'અદમ ટંકારવી સન્માન સમારંભ'માં રજૂ થયેલું વક્તવ્ય)**

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

## ગુજલિશ ગઝલ

**• અદમ ટંકારવી**

ક્વેશ્ચન ટૅગમાં બંધાઈ ગયા
વ્હાય ને વૉટમાં ખોવાઈ ગયા

પહેલાં તો હરપળે હતા હોમસિક
ધીરે ધીરે પછી ટેવાઈ ગયા

છોકરી સાચ્ચે ચીઝકૅક હતી
સહેજ ચાખી અને વટલાઈ ગયા

લ્યો, પીતા થઈ ગયા હલાલ બીઅર
શેખજી કેટલા બદલાઈ ગયા

આઈ ડોન્ટ થિન્ક યુ વિલ ઑવર સી હિમ
ભૂરી આંખોમાં એ ખોવાઈ ગયા

થઈ ગયા આપણે કલર બ્લાઈન્ડ
આ વિલાયતથી લ્યો અંજાઈ ગયા

પેલો ઍરો હજી છૂટ્યો જ નથી
તે છતાં આપણે વીંધાઈ ગયા

ચૅઈસ્ટ ઈંગ્લિશમાં થોડી વાત કરી
બોલતાં બોલતાં ગૂંચવાઈ ગયા

આજ તો એ રીતે શી પોર્ડ ઑન મી
આખેઆખા જુઓ ભીંજાઈ ગયા

આપણે નાઈધર હિઅર નૉર ધૅર
એક વૉઈડમાં ખોવાઈ ગયા

લૂંટવા આવ્યા યુનાઈટેડ કિંગડમ
ને અદમ આપણે લૂંટાઈ ગયા

•

અહિયા ત્યાં વહેંચાઈ છે
લાગણી એન આર આઈ છે

કોટે વળગી એ રીતે
જાણે કે નૅકટાઈ છે

મારી વાતમાં કેવળ યુ
તારી વાતમાં આઈ છે

તારી લાઈફ ડિસ્કોડાન્સ
ને મારી ભવાઈ છે

છોડ બ્રિટનની વાત અદમ
એ પણ વ્હાઈટ લાઈ છે

**[200 Halliwell Road, BOLTON,
Lancashire BL1 3QJ U.K.]**

# અદ્‌ભૂતના અવધૂત : પ્રાધ્યાપક મધુસૂદન કાપડિયા

• ભરત શાં. શાહ

અમેરિકામાં ગુજરાતી ભાષા અને સાહિત્યના ભવિષ્ય અંગે જેટલું લખાયું છે, તેના પ્રમાણમાં વર્તમાન અને ભૂતકાળ વિષે નહીંવત જ લખાયું છે. અમેરિકામાં ગુજરાતી ભાષાની ગૌરવગાથા ઉપરના આ લેખને જો માત્ર બે શબ્દોમાં જ પૂરો કરવો હોય તો હું કહીશ : મધુસૂદન કાપડિયા. કોઈને કદાચ ‘શા માટે?’ એવો પ્રશ્ન થાય તો તેના પ્રત્યુત્તર માટે મારે આગળ લખવું જ રહ્યું.


પ્રશ્ન સર્વથા ઉચિત જ છે. ગુજરાતી સાહિત્યમાં મધુભાઈનું પ્રદાન દીવો લઈને શોધવા જઈએ તો પણ નહીં દેખાય. નથી તેમણે લખી કોઈ મહાનવલ કે લઘુનવલ. નથી લખ્યું કોઈ મહાકાવ્ય, કે કોઈ મહાનિબંધ. 'સમગ્ર' શબ્દથી શરૂ થતાં મથાળાવાળું કોઈ પુસ્તક પણ તેમના તરફથી બહાર નથી પડ્યું. છતાં ય ગુજરાતી સાહિત્ય વિષેની કોઈપણ વાત મધુસૂદન કાપડિયાના નામોચ્ચાર સિવાય લાંબી ચાલી શકે નહીં.

એ નામોચ્ચાર પણ ક્યારેક તો જાણે કોઈ भयानां भयं भीषणं भीषणानाम એવી કોઈ ભયપ્રદ વ્યક્તિનો હોય તે રીતે જ થાય. જેઓ તેમના નામ માત્રથી કચવાય તેઓ પણ બીજી બાજુ તેમના તરફથી પ્રશંસાની અભિલાષા પણ એટલી જ તીવ્રતાથી સેવતા હોય એમ લાગે. નવાસવા તો ઠીક, પણ સિદ્ધહસ્ત લેખકો પણ ટીકાના ભયથી તેમની પ્રશંસાનો લોભ ખાળી રાખે. એવું નથી કે કોઈ જ તેમના સુધી પહોંચી જ ન શકે. સવાલ એ છે કે ત્યાંથી પાછું કોણ આવી શકે.

હું મારા જાત અનુભવ ઉપરથી આ લખું છું. ઉપર લખેલા બધા જ ભાવો મેં પણ અતિ શુદ્ધ સ્વરૂપે ચાખ્યા છે, માણ્યા છે, અને ક્યારેક તે મને ચર્ચ્યા પણ છે. તે છતાં પણ, દિનપ્રતિદિન મધુભાઈ તરફનો મારો અહોભાવ વધતો જ રહ્યો છે, અને ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપરના તેમના ચડતા જતા ઋણથી હું વધારે અને વધારે પ્રભાવિત થતો રહ્યો છું.

ચાલીસથી વધારે વર્ષો પહેલાં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં તેઓ ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે, અને વિજ્ઞાનના એક વિદ્યાર્થી તરીકે જોડાયા ત્યારથી આજ સુધી અમારો સંબંધ ઊંડો અને ઊંડો થતો રહ્યો છે. તેમનાં પત્ની સુશીલાબહેન કે જે પોતે પણ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રધ્યાપિકા હતાં, તેમને પણ હું તેઓ ‘કાપડિયા’ બન્યાં તે પહેલાં મળેલો. નર્મદના તૈલચિત્રની છાયામાં બેસીને, કૉલેજના પુસ્તકાલયમાં ગુજરાતી પુસ્તકોનું કાર્ડ કૅટલૉગ અમે ત્રણેએ તૈયાર કરેલું.

ગુજરાતી શાળામાંથી એકાએક અંગ્રેજી માધ્યમમાં આવી પડેલા મારા જેવા વિજ્ઞાનના વિદ્યાર્થીઓને તો ગુજરાતીનો વર્ગ માના ખોળા જેવો લાગે. વળી ગુજરાતીના રસિયાઓને તો માનું દૂધ પીધા જેવી તૃપ્તિ પણ થાય. મધુભાઈ તાજા જ એમ. એ. થઈને આવેલા. તે વખતે પણ ફૂટડા લાગતા હતા. તેમના વર્ગોમાં 'પીવા ગામ અગિયારના લોક આવે' તેમ બીજી કૉલેજોના વિદ્યાર્થીઓ પણ આવતા. ગુજરાતીના વર્ગમાં કદિ યે હાજરી લેવાની જરૂર ન પડતી. એક દિવસ અમારા



‘અમારી કૃતિઓમાં ગુર્જર ભારતીની વીણાના સૂર અને અમેરિકાની ગિટારના ઝંકારનું સંમિશ્રણ છે, જેનું સંગીત અનેરું છે.’
– મધુસૂદન કાપડિયા

GURJARI DIGEST : JULY 31, 2011

આશ્ચર્ય વચ્ચે તેમણે ધ્યાનપૂર્વક હાજરી લીધી. પછીથી અમને ખબર પડેલી કે તે તો તેમના લગ્નમાં કોને કોને આમંત્રણ આપવું તે નક્કી કરવા માટે.

'દર્શક'ની નવલકથા ‘દીપનિર્વાણ’ની વાર્તા મધુભાઈ વર્ગમાં હપ્તાવાર ધારાવાહી તરીકે કહે. તે વાર્તા ઘરે જઈને હું મારાં બા, ભાઈ હસમુખ અને બહેન અરુણાને અક્ષરશઃ કહી સંભળાવું. તેમના ઊંડા રસને કારણે મારે વર્ગમાં સવિશેષ ધ્યાન આપવું પડતું, કે જે જરા પણ મુશ્કેલીભર્યું કામ ન હતું. થોડા જ સમયમાં તો હું પણ એકપાઠી બ્રાહ્મણ બની ગયો.

‘ગુજરાતી પુસ્તકોની બીજી આવૃત્તિ થતી નથી, સિવાય કે તે પાઠ્યપુસ્તક બને’, એ પ્રસ્તાવના સાથે મધુભાઈએ (તે વખતે અમે તેમને 'સાહેબ' કહેતા, આજે પણ ક્યારેક ક્યારેક કહું છું) હાકલ કરી કે ‘આ પાઠ્યપુસ્તકો ખરીદજો, અને પછી વેચી ન દેતા. આટલું જ કરશો તો પણ તમે ગુજરાતી સાહિત્યની ઉત્તમ સેવા કરી ગણાશે.’ આજ સુધી મારા ઘરમાં ‘સરસ્વતીચંદ્ર સંક્ષિપ્ત’, રમણલાલ દેસાઈની ‘દિવ્ય ચક્ષુ’, અને પાઠક સાહેબની ‘દ્વિરેફની વાતો ભાગ :1’ છે.

કૉલેજ પતાવી મેડિકલ કૉલેજમાંથી ડૉક્ટર બનીને હું અમેરિકા આવ્યો. એ દસેક વર્ષના ગાળા પછી મારી નાની સાળી નયનાના લગ્નમાં ફિલાડેલ્ફીઆમાં અમારો પાછો ભેટો થઈ ગયો. અમેરિકામાં ગુજરાતી ભાષાનો એ પ્રાગૈતિહાસિક કાળ હતો. ગુજરાતીના એ બંને પ્રાધ્યાપકોનો એ કસોટીનો સમય હતો. અમેરિકામાં તેઓ જીવે શી રીતે? મધુભાઈએ ભાષાશાસ્ત્ર (Linguistics) અને પુસ્તકાલય વિજ્ઞાનનો અભ્યાસ આરંભ્યો. દરમ્યાન અમારો સંબંધ મૈત્રીમાં પરિણમતો ગયો.

જો કોઈ (જે કોઈ? જે જે કોઈ?) મધુભાઈની વેરભાવે ભક્તિ કરતું હોય, તો તે સર્વેની હાર્દિક ક્ષમાયાચના કરીને મારે કબૂલ કરવું જોઈએ કે તેમનો અમેરિકાથી ભારત પાછા જવાનો વિચાર માંડી વળાવવામાં મારો ફાળો પણ હતો. ‘સાહેબ ત્યાં જઈને તમે શું કરશો? ગુજરાતીના નિષ્ણાતની જરૂર તો અહીં અમેરિકામાં વધારે છે. ખાવાપીવાની ચિંતા પણ ના કરશો. તમારા પ્રત્યેક શિષ્યને ત્યાં એક એક મહિનો રહેશો તો ય આખી જિંદગી નીકળી જશે’. તેમણે રોકાઈ જવાનું નક્કી કર્યું. અને તે દિવસે અમેરિકામાં ગુજરાતીનો કુંભ મુકાયો.

આ લેખ, નથી તો મધુભાઈની જીવનકથા કે નથી મારી આત્મકથા તેથી આપણે આગળ વધીએ. પ્રિયકાંત મણિયાર તેમના ભાઈને મળવા અને ફરવા માટે અમેરિકા આવેલા. મધુભાઈની આંગળીએ અમે પણ ફિલાડેલ્ફીઆ તેમના ખાનગી કાર્યક્રમમાં ગયા. મધુભાઈએ મને કરાવેલી અનેક ઓળખાણોમાં પ્રથમ તે. પ્રિયકાંતનો એ પ્રવાસ એક સાહિત્યયાત્રા જ બની ગયો.

શરૂઆતમાં તો ન્યૂ બ્રન્ઝવિક(ન્યૂ જર્સી)માં તેમના નાનકડા ઍપાર્ટમેન્ટમાં સાહિત્યિક કાર્યક્રમો થતાં રહ્યા. કવિઓ, લેખકો, ગાયકો, વાદકો, ચિત્રકારો, સમાજસેવકો, સૌ ત્યાં આવતા. મધુભાઈની નિશ્રામાં બેસીને એ સૌની પાસેથી રસનું આકંઠ પાન કરવા મળ્યું. ભારતમાં જેમને દૂરથી માત્ર સ્ટેજ ઉપર જોઈને ચલાવી લેવું પડત, તે સૌના સત્સંગનો લાભ મળ્યો.

આજે તો આપણા સદ્‌ભાગ્યે અમેરિકામાં ઉત્તમોત્તમ સર્જકોનો એક કાફલો ઊભો થયો છે. ભારતથી પણ એકએકથી ચડિયાતા સર્જકોની જાણે કે એક વણઝાર આવવાની શરૂ થઈ છે. એ સૌના સર્જનની પ્રક્રિયામાં મધુભાઈનો ફાળો ગણનાપાત્ર છે, એમ કહેવું એ એક ઘોર અતિશયોક્તિ જ કહેવાય. પણ વાચકો અને શ્રોતાઓમાં એ બધાંના સર્જનને સમજવાની અને માણવાની અભિવૃત્તિ રચવાનું કામ કરીને મધુભાઈએ તેમને એક વ્યાસપીઠ તૈયાર કરી આપી.

બધા જ સર્જકો અને કળાકારો સારા વક્તા હોય એવી આશા તો ઠગારી જ નીવડે. મધુભાઈ શ્રોતાઓને એ સૌનો પરિચય આપે, સર્જકોને

પોતાને પણ ખ્યાલ ન હોય તેવી તેવી તેમના જીવન અને કવન વિષેની ખૂબીઓ દર્શાવે, તેમની કૃતિઓની લાક્ષણિકતાઓ બતાવે, અને તેમને શબ્દોના હાર પહેરાવે, કાર્યક્રમનું સમાપન પણ એટલું જ રસભર્યું હોય. વક્તાની નબળાઈ તો આપણને ક્યાં ય ભૂલાવી દે.

કાર્યક્રમની પહેલાં વક્તાને સભામાં આવનાર શ્રોતાઓનો પરિચય આપી રાખે, તેમની બુદ્ધિમત્તાના ધોરણનો ખ્યાલ આપે, નકામી અને હલકી રચનાઓ રજૂ કરવાની સ્પષ્ટ મના કરે, આગ્રહ કરીને ઉત્તમ કૃતિઓની પસંદગી કરાવે. કવિઓ જો પોતાની રચનાઓ ભૂલી ગયા હોય, તો સુશીલાબહેન પોતાના સ્મૃતિભંડારમાંથી તે સત્વરે કાઢી આપે. મધુભાઈ પોતે પણ એક વિદ્યાર્થી જેમ હોમવર્ક કરે, ઝીણવટપૂર્વક અભ્યાસ કરે, અને પછી એનાં ફળ સૌને પ્રેમથી ખવરાવે. કાર્યક્રમ માટે ૬૦-૭૦ ચૂનંદા મિત્રદંપતીને ફોન કરે, તેમને પાનો ચડાવે, ગોળ ગોળ કરી નાખે, અને આગ્રહપૂર્વક (જાણે કે તેની જરૂર હોય) તેમને નિમંત્રે, અને કાર્યક્રમ પછી જમાડી અથવા ચા-નાસ્તો કરાવીને વિદાય કરે.

તેમણે ઍપાર્ટમેન્ટમાંથી ઘરમાં-હાઉસમાં પ્રયાણ કર્યું ત્યારે તેમની પહેલી શરત એ હતી કે એ ઘરમાં સો-એક માણસ બેસી શકે તેવડો મોટો એક ખંડ તો હોવો જ જોઈએ. આજે તો ઘણા સાધનસંપન્ન લક્ષ્મીપતિઓનાં ભવનોમાં આલીશાન સભાગૃહો થયાં છે, અને તેમાં સાહિત્યિક સમારંભો પણ થાય છે. મને કોઈની ટીકા અભિપ્રેત નથી, પણ હું જે વાત કરું છું તે નિરાડંબરી સાહિત્યસદનની છે.

ગુજરાતી સાહિત્યમાં મારું અજ્ઞાન એ વખતે પણ અગાધ હતું. માત્ર પ્રિયકાંત જ નહીં, આદિલ મન્સૂરી, મધુ રાય, લાભશંકર ઠાકર, સિતાંશુ, જોસેફ મૅકવાન અને બીજાં અનેક ધુરંધરોને હું કાળક્રમે ઓળખતો થયો તે મધુભાઈના પ્રતાપે. ભારતમાં અને અમેરિકામાં મારા જેવા અનેકને તેમણે 'સાહિત્ય સંગીત-કલા-વિહીન' એવાં 'ઢોરમાંથી' ઉગારી લઈને 'કીધાં મનેખજી!' એમ કહી શકાય.

આજે હું કદાચ ભગવતીકુમાર શર્મા ઉપર એક મહાનિબંધ લખી શકું. પણ ઍકેડેમીનું પ્રમુખપદ સ્વીકારીને તરત જ સ્વેચ્છાએ તેમને મળીને (અગાઉ મધુભાઈએ વર્ષો પૂર્વે આપેલું, પણ પછીથી વિસરાઈ ગયેલું) આમંત્રણ તાજું કરવા હું સૂરત જઈને ભગવતીકુમાર શર્માને મળ્યો તે વખતે, હું તેમની 'અસૂર્યલોક' સુદ્ધાં એક પણ કૃતિથી પરિચિત ન હતો. મધુભાઈ તથા ઍકેડેમીની કૃપાથી ભગવતીભાઈ સાથે ત્રણ મહિના સત્સંગનો લાભ મળ્યો.

નોકરીનો મહા કંટાળો નર્મદ પછી સૌથી વધારે કદાચ મધુભાઈમાં જ હશે. એક વાર મારી પત્ની ઉષા અને હું એક અઠવાડિયાની રજાઓ લઈને તેમને ત્યાં રહેલાં. સાંજે મધુભાઈ નોકરીએથી પાછા આવે ત્યારે સાવ ઢીલાઢચ, વળગણીએ નાખવા જેવા થઈ ગયા હોય. રાત્રે સાડા નવ-દસ વાગે એટલે બીજા દિવસે વહેલા ઉઠવાની પૂર્વતૈયારી રૂપે, અધૂરી વાત પૂરી કરતાં કરતાં, પરાણે સૂવા જવા માટે ઊઠે. એવામાં 'મેઘદૂત'નો એકાદ શ્લોક યાદ આવે, અને જોતજોતામાં તો મધુભાઈ જાણે કે સોળે કળાએ ખીલી ઊઠે. તત્કાળે 'પૂર્વમેઘ' અને પછીની રાત્રે 'ઉત્તરમેઘ' રસાસ્વાદ સાથે, રાત્રે બે વાગ્યા સુધી જાગીને સંભળાવે.



નાના મોટા સેંકડો સમૂહોમાં અને અમેરિકાનાં કેટલાય રાજ્યોમાં, તેમણે કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો છે. આર. પી. શાહ અને બીજાં મારાં ૫-૬ મિત્રો યુગલો કે જે એ વર્તુળની બહાર 'ન્યૂયોર્ક ગ્રુપ' તરીકે ઓળખાય છે, તેમની હાજરીમાં રાત્રે બે અઢી વાગ્યા સુધી જાગીને આજ સુધીમાં ૨૫-૩૦ કાવ્યો અમે મધુભાઈની સાથે માણ્યાં છે.

ગુજરાતી સાહિત્ય ઉપરાંત ટાગોરનું બંગાળી સાહિત્ય તથા સંસ્કૃતનાં રત્નો, જેવાં કે 'શાકુંતલ' અને 'ઉત્તરરામચરિત્ર' ઉપર તેમણે રસની છોળો ઊડાવી છે. અખો, નરસિંહ, મીરાં, દયારામ, હરીન્દ્ર દવે, જયંત પાઠક, એ સૌનો એમણે John the Baptistની જેમ પ્રચાર કર્યો છે. કોઈને કશાકનું અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરાવવું હોય, કોઈ ગુજરાતી શબ્દની મુશ્કેલી હોય, કે ભગવદ્ગીતામાંનાં કર્મ, જ્ઞાન, કે ભક્તિ ઉપર નહીં, પણ ગીતામાં રહેલા કાવ્ય ઉપર પ્રવચન કરાવવું હોય, તો મધુભાઈનો ફોન જોડાઈ જ જાય.

ઍકેડેમીના માધ્યમ વડે મધુભાઈએ કરેલી ગુજરાતી સાહિત્યની સેવાઓ સુવિદિત છે. ઍકેડેમીના પ્રતિવર્ષ આવતા જુદા જુદા મહેમાનોની કૃતિઓનો અભ્યાસ કરી, તેનો સભ્યોને પરિચય થાય તે માટે અથાગ મહેનત કરી "દેશવિદેશ"ના અંકો તૈયાર કરવા, જાણીતા અને નવોદિત લેખકોનાં પુસ્તકોનાં આમુખ લખવાં, ગુજરાતી નાટ્યસ્પર્ધાઓમાં નિર્ણાયક થવું, તેવાં અનેક કામો થાય તે તો વધારામાં.

શ્રોતાઓમાં શિસ્તનો આગ્રહ રાખે એટલું જ નહીં, મહેમાનોને પણ કાબૂમાં રાખે, અલબત્ત, પ્રેમ અને વિવેકથી. પુરુષોત્તમ ઉપાધ્યાયને મક્કમતાથી કહી દે કે ફલાણું ગીત તો નથી જ ગાવાનું, બીજી એક વાર કહે કે, 'પુરુષોત્તમભાઈ, તમે જો ગીતોનો આસ્વાદ કરાવશો, તો પછી હું ગાવા માંડીશ!' પુરુષોત્તમભાઈ પણ દિલથી સાંભળી લે. 'દર્શક' માટે અનન્ય ભક્તિભાવ, છતાં પણ એક અવલોકનમાં તેમની નવલકથા 'કુરુક્ષેત્ર'નાં તો મધુભાઈએ ભીંગડાં ઉખાડી નાખેલાં. એક જાણીતાં ગાયિકાને કોઈકે પૂછ્યું કે 'જાહેરમાં ગાતાં તમને ગભરામણ ન થાય?' પ્રશ્ન તો અપ્રસ્તુત જ હતો, પણ તેમણે જવાબ આપ્યો, 'ના, આમ તો ન થાય.' પછી થોડીવાર અટકીને ઉમેર્યું, 'સિવાય કે કાર્યક્રમ મધુભાઈને ત્યાં હોય!'

'રંગલો'ના નામે સુવિખ્યાત જયંતી પટેલ પણ જો બહુ રંગમાં આવી જાય તો મધુભાઈ સાચવીને તેમની પીચકારી લઈ લે. તેથી ઊલટું, જેમની સામે ચૂંટણીમાં ઊભા રહ્યા તે 'આદિલ'ની કવિતાની મુક્તકંઠે પ્રશંસા કરે, અને તેમનાં 'અંધકાર' ઉપરનાં કાવ્યોની શ્રેણી પર તો પ્રગટપણે ઓવારી જાય.

અમેરિકાના ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમણે એક માપદંડ સ્થાપ્યો. 'અમેરિકામાં તો આવું ચાલશે' એવું ધોરણ તેમણે સ્વિકારવવા ન દીધું. કંઈ પણ અધકચરું તો ન જ ચાલે. નવા લેખકો અને કવિઓને ઉત્તેજન આપે, પણ તે તેમની આગવી રીતે, ઢબૂરીને નહીં પણ ઢંઢોળીને; પંપાળીને નહીં, પણ પડકારીને! કોની કૃતિ છે, લેખક નવો છે કે ખ્યાતનામ, એ કંઈ ન જોતાં, માત્ર 'એ કૃતિ કેવી છે?' એ જ ધોરણથી એનું મૂલ્યાંકન કરે,

જરૂર પડે ત્યાં ચાનક પણ ચડાવે. '.... મને ઝંઝેડ્યો, છંછેડ્યો, છેવટે ધમકી પણ આપી કે, તમારી જાતને તમે અમર તો નથી માનતા ને?' કહીને 'દર્શક' પાસે, પોતાના ઘરમાં સૂતરના તાંતણાની નજરકેદમાં રાખીને 'ઝેર તો પીધાં છે જાણી જાણી'નો દસકાઓથી લટકતો રહેલો ત્રીજો ભાગ પૂરો કરાવ્યો, અને 'સતાં સદ્ભિઃ સંગઃ'ને પણ દેહ ધારણ કરાવ્યો. બૉસ્ટન સ્થિત ચંદ્રકાંત શાહ લિખિત નાટક 'માસ્ટર ફૂલમણિ' જેવા કેટલાંયને પ્રેરણા કરી, અને અત્યારે આપણી હયાતીમાં છે તે "ગુર્જરી"ના ગ્રાહક ન થનારા કેટલાંયનો ઊધડો લઈ લીધો.

મધુભાઈ કેવળ કાવ્યનો જીવ છે. અલબત્ત, કાવ્યની તેમની વ્યાખ્યામાં ગીતાનો 'વિભૂતિયોગ' આખેઆખો આવી જાય. અપ્રિય પણ હિતકર બોલનાર એ એક દૂર્લભ વક્તા છે. તેમને અનુરૂપ શ્રોતાઓ હંમેશાં મળે જ તેમ નથી હોતું. જે થોડાઘણા 'માંહી પડ્યા તે મહાસુખ માણે' છે, તેવા તેમના ચાહકોનો એક Virtual દરબાર છે. તેમાં ઘણાં ઘણાં સાહિત્યનાં રત્નો અને પારખુ ઝવેરીઓ છે. તેમની પાસે બેસવાનો લહાવો મને પણ વર્ષોથી મળતો રહ્યો છે.

સાહિત્યમાં ભલે નવ રસ હોય, પણ મધુભાઈને સૌથી પ્રિય રસ એક જ છે, અને તે છે – અદ્ભૂત! પછી ભલેને તે અદ્ભૂત-શૃંગાર હોય કે અદ્ભૂત-કરુણ કે અદ્ભૂત-હાસ્ય. આપણને એ નવે ય રસોમાં વ્યાપી રહેલ અદ્ભૂતનું દર્શન અને અનુભૂતિ કરાવવાની ધૂણી ધખાવીને અમેરિકામાં બેઠેલા આ અવધૂતનું ગુજરાત સદા ય ઋણી રહેશે.

e.mail : bharatkumarshah@pol.net




**'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના પ્રમુખ અનિલભાઈ કાગળવાળાનું, ૧લી મે ૨૦૧૧ના રોજ, 'શતાબ્દીએ સંભારણાં' પ્રસંગે ઉદ્‌બોધન. છબિ સૌજન્ય : નીરજ શાહ**

# અનિલ કાગળવાળાનું નિધન

જાણીતા ત્વચારોગ વિજ્ઞાની અને ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ અનિલભાઈ રમણલાલ કાગળવાળાનું, શનિવાર, 12 નવેમ્બર 2011ના દિવસે, ટૂંકી માંદગીને કારણે અહીં અવસાન થયું છે. પત્ની, પ્રફુલ્લાબહેન; પુત્રી, નેહા તેમ જ પુત્ર, અમીય દિવંગતના પરિવારમાં શેષ છે.

અનિલભાઈનો જન્મ 4 ઑક્ટોબર 1933ના રોજ સુરત મુકામે થયો હતો. એમણે સુરત તેમ જ મુંબઈમાં અભ્યાસ કરેલો. સન 1964થી 1966 વેળા, એમણે 'ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશન'ના મંત્રીપદેથી સેવાઓ આપી હતી. 1967 વેળા, વિલાયત સ્થાયી થવા પરિવારસહ આવેલા. દક્ષિણ લંડનમાં આવી કિંગસ્ટન હૉસ્પિટલ સાથે સંકાળાયેલા અનિલભાઈ અકાદમીમાં ય આશરે ૫।। દાયકાથી સક્રિયપણે સંકળાયેલા રહ્યા હતા.

## અનિલભાઈનાં સંભારણાં

**• લાલજી કે. ભંડેરી**

અનિલભાઈ કાગળવાળા આમ તો ખરેખર અમારા પાડોશી. થોડી જ શેરીઓ પછી એમનું નિવાસસ્થાન. તેથી એમને નિયમિત છાપું લેવા જતાં જોવાનું થતું. કદી એવો અનુભવ નહોતો થયો કે તેઓ ઉતાવળમાં કે જલદીમાં હોય. એવો જ તેમનો ઠંડો, શાંત અને નિખાલસ સ્વભાવ; અને સદાય મલકાતો ચહેરો. કોઈ વખત અનિલભાઈ છાપું લઈ પાછા ઘેર તરફ વળતા હોય તો તેમના ઘેર બેસીને ચા-નાસ્તા સાથે ગપસપ મારવાનો મોકો પણ મળતો. આ બધું હવે એકદમ ઓચિંતાનું બંધ થયું તેથી તેમની વિદાયનો જબ્બર આઘાત લાગ્યો છે.

વ્યવસાયે અનિલભાઈ પોતે દાકતર અને ચામડીના નિષ્ણાત. હું કોઈ વાર પૂછતો, 'ડૉક્ટર સાહેબ, હવે તો તમારી ઉમ્મર થઈ. તમે ક્યારે નિવૃત્ત થશો?' તો તેઓ હસીને કહેતા, 'હૉસ્પિટલે જવાથી મારો સારો એવો સમય પસાર થઈ જાય છે, અને મને આ ઉમ્મરે પણ કામ કરવું ગમે છે.'

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના લગભગ બધા જ કાર્યક્રમોમાં અનિલભાઈ અને હું સાથે જ જતા. ગુજરાતી ભાષા સાથેનો તેમનો લગાવ પણ સારો એવો. એટલે કોઈ વાર તેમની સાથે સાહિત્ય કે ભાષાલક્ષી ચર્ચા કરવાની પણ તક મળતી. અકાદમીના કાર્યક્રમોમાં નવી પેઢીની ગેરહાજરી અને અસક્રિયતાનો તેમને ખૂબ રંજ રહેતો.

જ્યારે અમારે કાર્યક્રમોમાં જવાનું થાય ત્યારે જવા-આવવા માટે અનિલભાઈ હંમેશાં પોતાની જ ગાડી લે તેવો આગ્રહ રાખતા. અકાદમીના કાર્યક્રમોમાં નાસ્તા-પાણી અથવા ભોજનની વ્યવસ્થા કરવાની હોય, ત્યારે અનિલભાઈ, પોતે દાકતર હોવા છતાં પણ, વગર પૂછ્યે આપોઆપ જ મારા ભેરુ બની, નાસ્તા-પાણી કે ભોજન પીરસવા માટે જોડાઈ જ ગયા હોય. તે ઉપરાંત, કાર્યક્રમ પહેલાં તેમ જ કાર્યક્રમ પતી ગયા બાદ ખુરશીઓ ગોઠવવામાં અને અન્ય જરૂરી વ્યવસ્થામાં મદદરૂપ થતા જ હોય. મેં કદી ય એવું નથી અનુભવ્યું કે તેઓ એક મહેમાનની જેમ ઊભા ઊભા જોયા કરે. એટલા તેઓ નિરભિમાન અને નમ્ર હતા.

અનિલભાઈનો જબરદસ્ત અને અમૂલ્ય ફાળો અને યોગદાન અકાદમીની વાર્ષિક પરીક્ષાઓ દરમિયાન રહ્યાં હતાં. આ પરીક્ષાઓનું આયોજન, એ દિવસોમાં, દર વર્ષે પ્રેસ્ટન મેનૅર હાઈ સ્કૂલમાં કરવામાં આવતું અને તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસતા. પ્રતિ વર્ષ પરીક્ષાઓ પૂર્વે, તે દરમિયાન અને પરીક્ષાઓ બાદ, અનિલભાઈ તેમની ઈસ્પિતાલની જવાબદારીઓ છોડી, સતત હાજર રહી પરીક્ષાની સુઘડ વ્યવસ્થા અને સંચાલનમાં સક્રિય રહી, નિ:સ્વાર્થપણે સેવા આપતા. સવારે આઠ વાગ્યાથી મોડી સાંજ સુધી, હંમેશાં સાથે ને સાથે જ રહેતા. કોઈવાર કોઈ વિદ્યાર્થીનાં વાલીને તેડવા આવતાં મોડું થતું કે, કોઈ કારણસર સમયસર ન પહોંચી શકતાં ત્યારે અનિલભાઈ જે તે વિદ્યાર્થીને તેમને ઘેર પહોંચાડવાનું કામ કરતાં પણ અચકાતા નહિ. તે ઉપરાંત, પરીક્ષાઓ દરમિયાન પરીક્ષકો માટે નાસ્તા-પાણી કે ભોજન લાવવાની તેમ જ પીરસવા માટેની વ્યવસ્થામાં પણ મદદરૂપ થવા હંમેશાં તત્પર રહેતા.

e.mail : vijya_bhanderi@yahoo.co.uk

•

કવિ અનિલ જોશીના અવસરે ગેયટન લાઈબ્રેરીમાં અનિલભાઈ કાગળવાળાને મળવાનું બન્યું તે તો હજુ હમણાંની તાજાતર બિના. ને એ હવે ગયા ! માની શકાતું નથી.

છેલ્લી ઘડી લગી, અનિલભાઈ પ્રવૃત્ત રહ્યા. એમનો વિનયી - વિવેકી તેમ જ માયાળુ સ્વભાવ, અકાદમી માટેની એમની સતત હૂંફસહાય, 'ઓટલો' માંહે એમની આગેવાની સદાય સાંભરશે.

**- સુષમા સંઘવી**

e.mail : sushma@sherwoodtherapy.co.uk

•

આ દુ:ખદ સમાચાર સાંભળી હું તો થીજી ગયો છું. મારે માટે અનિલભાઈ સાચા અર્થમાં સજ્જન હતા. માયાળુ અને સમજદાર હતા. એ હંમેશ આંતરિક શાંતિ અનુભવતા. એમની સાથે હજુ લાંબો પરિચય કેળવી શકાયો હોત તો …

**- ફારુક ઘાંચી**

e.mail : fdghanchi@hotmail.com

•

અલબત્ત, આ આઘાતકારી સમાચાર છે. એ હવે હયાત નથી તેમ માનવું જ અઘરું છે. એમની ખોટ સદાય રહેશે.

**- પંચમ શુક્લ**

e.mail : spancham@yahoo.com

•

અનિલભાઈ ગયાના સમાચાર જાણ્યા ત્યારથી હજુ કળ વળતી જ નથી. હમણાં સુધી તો એ આપણી સાથે હતા; પછી જાણ્યું કે ઈસ્પિતાલમાં એ માંદગીને બિછાને છે. અને હવે એ રહ્યા નથી. પરમ કૃપાળુ પરમાત્મા એમને પરમ શાંતિ આપે.

**- ભદ્રા વડગામા**

e.mail : bhadra.v@btinternet.com

•

આ આઘાતકારી સમાચારે અમને વ્યથિત કર્યા છે. એ એક ઉદ્દાત સજ્જન અને નિરાભિમાની વ્યક્તિ હતા. અકાદમીના માહોલમાં સૌને એમના માટે સ્નેહ અને આદર રહેતો. શેષ પરિવારને શાતા મળજો.

**- દયા અને મનસુખ શાહ**

e.mail : mansukhshah123@btinternet.com

•

અકાદમીનો ઉપપ્રમુખ અને પછીથી પ્રમુખ હતો, એ વર્ષો દરમિયાન, અનિલ કાગળવાળા સાથે કામ કરવાનો મને અવસર મળેલો. એ એક સોજ્જા, શાંત, પરગજુ, વિવેકી અને અનુભવી વ્યક્તિ હતા. પ્રમુખ તરીકે અકાદમીનું સુકાન સંભાળ્યા પછી, એકનિષ્ઠભાવે, એ અકાદમીની સેવામાં રત રહ્યા. માસિકી વાચકસભાની બેઠકોમાં એમની સક્રિયતા ખાસ કરી સહેજે આગળ તરી આવતી.

**- વલ્લભ નાંઢા**

e.mail : vallabh324@aol.com

# ગુફ્તગૂ –

## માતૃભાષાનું મહત્ત્વ અને લિપિશિક્ષણ – નવી રીતે

**• જગદીશ દવે**

આ સમયમાં બ્રિટનમાં માતૃભાષાઓને માટે પ્રોત્સાહક વાતાવરણ નહોતું. શાળાના સંચાલકો પણ વાલીઓને કડક સૂચના આપતા કે તેમનાં સંતાનો શાળામાં પણ માતૃભાષાનો ઉપયોગ અન્ય સ્વભાષી વિદ્યાર્થીઓ સાથે ન કરે. તેમ કરનાર વિદ્યાર્થીઓને નાનીમોટી સજાઓ થયાના દાખલા નોંધાતા. ઘરમાં પણ વાલીઓ અંગ્રેજીનો જ વપરાશ રાખે તેવો આગ્રહ રખાતો. આ બધું વિદ્યાર્થીઓના હિતમાં જ છે, અંગ્રેજી આ રીતે સર્વત્ર ન વાપરે તો તેનું ભવિષ્ય – તેની ‘કરિયર’ જોખમાશે તેવો ડર બતાવાતો.

ત્યાં એક સુખદ પરિવર્તન આવ્યું. શૈક્ષણિક મનોવિજ્ઞાનીઓ (એજ્યુકેશન સાઇકોલોજિસ્ટો)એ પોતાનાં સંશોધનો દ્વારા જાહેર કર્યું કે બાળક માતૃભાષા જાણે અને વાપરે તો તે અન્ય ભાષાઓ પર પણ સરળતાથી કાબૂ મેળવી શકે છે. માતૃભાષાનું જ્ઞાન હોવું તે તેના અંગ્રેજીની જ્ઞાનપ્રાપ્તિ માટે અવરોધક નથી; બલકે ઉપકારક બની શકે છે. એટલું જ નહીં; અન્ય વિષયોની સમજણમાં પણ તે કામમાં આવી શકે છે.

એટલે શાળાઓમાં ક્રમશઃ પરિવર્તન આવવા લાગ્યું. દિવાળી, જન્માષ્ટમી, મોહરમ જેવા સમયગાળાના કાર્યક્રમનાં આયોજનો શરૂ થયાં. નવરાત્રીના તહેવારોમાં શાળામાં શ્વેત–અશ્વેત, ગુજરાતી–અગુજરાતી બધાં ગરબા ગાતાં દેખાવા લાગ્યાં. વાલીઓ પણ ઉત્સાહભેર શાળાઓમાં જઈ માર્ગદર્શન આપતા થયા. આથી ભાષાશિક્ષણ માટે સાનુકૂળ વાતાવરણ સર્જાવા માંડ્યું.

આનો હવે ઉપયોગ કરી લેવાનો હતો. હવે બાળકોને ગુજરાતી વાંચવા–લખવા, બોલવામાં રસ પડે તેવું આયોજન વિચારવાનું હતું. વર્ગોમાં આવતા વિદ્યાર્થી પ્રેમથી, ઉત્સાહથી આવતા થાય તે જોવાનું હતું.

જુદા જુદા વર્ગોમાં જતાં તેમની સાથેની વાતચીતમાં લગભગ એક જ સૂર નીકળતો : 'Gujarati is funny, Gujarati is boring' – ‘ગુજરાતી વિચિત્ર છે, ગુજરાતી કંટાળાજનક છે !’ કમળનો ‘ક’ અને ખડિયાનો ‘ખ’ ઘૂંટવાની તેમની તૈયારી નહોતી. ‘ઉતરડ’ જોઈ જ ન હોય એને ઉતરડનો ‘ઉ’ ક્યાંથી મગજમાં બેસે ? ‘ખાટલો’ જ જોયો ન હોય એને ‘ઈસ’નો ‘ઈ’ તો ન જ ચાલે ને ! ભારતથી આવેલાં પાઠ્યપુસ્તકોની કક્કો–બારાખડી આ જ પ્રકારનાં ચિત્રોથી ભરપૂર અને આને જ આધારે શિક્ષણ અપાય !

એટલે એક વર્ગમાં જઈ મેં તેમને અંગ્રેજી ‘S’(એસ) લખવા કહ્યું. તરત બધાં તૈયાર ! બ્લેક બોર્ડ પર વિદ્યાર્થીએ ‘S’ લખ્યો એટલે મેં કહ્યું, ‘આ ગુજરાતીનો ‘ડ’ છે ! બીજા વિદ્યાર્થીને તેની વચ્ચે લીટી કરી કાપવા કહ્યું અને તેમ કરતાં, આ ગુજરાતીનો ‘ક’ છે તેમ જણાવ્યું. ત્રીજાને તેની નીચે ‘હુક’ જેવી નિશાની કરવાનું કહી ગુજરાતીનો ‘ફ’ બનાવડાવ્યો, જ્યારે ચોથાને ‘S’ની વચ્ચેથી ‘C’ જેવો કૌંસ કરવા કહ્યું એટલે બની ગયો ગુજરાતીનો ‘હ’. પાંચમાને ‘S’ કરીને નીચેનો છેડો વચ્ચે લાવી જોડવા કહ્યું તો બની ગયો ગુજરાતીનો ‘ઠ’ ! આમ એક ‘S’માંથી ગુજરાતીના ‘ડ, ક, ફ, હ, ઠ’ તૈયાર થઈ જતાં જોઈ સૌ ખુશ ! તેમાંથી એક વિદ્યાર્થીને ત્રણ ‘S’ લખી પહેલા અને ત્રીજાને કાપવા કહી શબ્દ બનાવ્યો, વંચાવ્યો ને વંચાયો પણ ખરો ‘કડક’. મેં અર્થ આપ્યો – Strict or Strong. તરત એક છોકરી કહે, Our Math teacher is very strict. If we say she is કડક, she will not understand! This is my language! આનન્દ થઈ ગયો ! આ મારી ભાષા છે ! મારી ભાષા જાણનાર જ તેને જાણી શકશે ! આ ભાષામાં હું મારાં ગુજરાતી ભાઈ–બહેનો સાથે વાતચીત કરી શકીશ ! એક મોટી વાતનો જાણે સહજ સ્વીકાર થઈ ગયો.

દર અઠવાડિયે શનિવારે ભરાતા આ વર્ગોમાં બીજા શનિવારે તેમને પહેલાં

### આવતી કાલના વાર્તાકારોનું આજનું માસિક



ગુજરાતી ભાષામાં હાલ બીજા સાહિત્યપ્રકારોની સરખામણીએ વાર્તાનું સ્વરૂપ ગુણવત્તા અને ફાલની દૃષ્ટિએ ઝંખવાઈ રહ્યું છે. ત્યારે સશક્ત અને તેજસ્વી એવા નવા વાર્તાકારોની નવી શ્રેણીના ઉદ્‌ગમ, સંવર્ધન અને પ્રતિષ્ઠા કરવાના એકમાત્ર ઉદ્દેશ સાથે વાર્તાકાર મધુ રાયના સંપાદન હેઠળ, અને બીજા કેટલાક સમર્થ સાહિત્યકારોના સહયોગમાં, ખાસ નવોદિતો માટેના નવા વાર્તામાસિક “મમતા”નો પ્રારંભ તા. ૧૧–૧૧–૧૧થી થયો છે.

આ ઝુંબેશના પહેલા ચરણરૂપે વાર્તાક્ષેત્રે નવી પ્રતિભાઓને શોધીને બહાર લાવવા માટે “મમતા”એ એક વિશેષ વાર્તાસ્પર્ધાનું આયોજન કર્યું છે. તેમાં ભાગ લેવા માટે જાણ્યા-અજાણ્યા તમામ વાર્તાકારોને જાહેર નિમંત્રણ છે, આ વાર્તાસ્પર્ધાના નિયમો નીચે મુજબ છે : 1. વાર્તાસ્પર્ધાનું પરિણામ જાહેર થયાની તારીખ સુધીમાં જેમનું એક પણ પુસ્તક પ્રકટ ન થયું હોય તેઓ જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. 2. વાર્તાનું લખાણ સરળ હોય અને વાર્તાતત્ત્વ સુરેખ હોય તે જરૂરી છે. 3. વાર્તા કોઈ સામયિક, દૈનિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજે કશેય પ્રકાશિત કે પ્રસારિત થયેલી ન હોવી જોઈએ. 4. વાર્તાની શબ્દસંખ્યા મહત્તમ 2000 શબ્દોની છે. તે ઓપન વર્ડ ફોર્મેટમાં ટાઇપ કરેલી હોય અને તેની જોડણી ‘સાર્થ જોડણીકોશ’ અનુસાર હોય તે ઇચ્છનીય છે. 5. વાર્તાના મથાળે માત્ર વાર્તાનું શીર્ષક જ હોવું જોઈએ. લેખકનું નામ, સરનામું, ટેલિફોન, સેલ ફોન નંબર અને ઇ–મેલ આઇડી વગેરે માહિતી એક અલગ કાગળમાં જે તે શીર્ષકના સંદર્ભ સાથે આપવી અનિવાર્ય છે. આ સ્પર્ધામાં પ્રથમ આવનારી વાર્તાને રૂા. ૫૧,૦૦૦નું પારિતોષિક અને બીજા અને ત્રીજા સ્થાને આવનારી વાર્તાઓને રૂા. ૨૧,૦૦૦ અને રૂા. ૧૧,૦૦૦નાં પારિતોષિકો એનાયત થશે.

સ્પર્ધામાં આવેલી તમામ વાર્તાને પ્રકટ કરવાનો પ્રથમ હક “મમતા” માસિકને રહેશે. ઇનામી સિવાયની વાર્તાઓ પણ પ્રગટ થયે તેનો યોગ્ય પુરસ્કાર પણ ચૂકવવામાં આવશે. પણ તે દરમ્યાન એ વાર્તાને પ્રગટ કરવા માટે અન્યત્ર મોકલી શકાશે નહીં. સ્પર્ધકે વાર્તા સાથે પોતાનો વાર્તાસંગ્રહ પ્રગટ ન થયો હોવાની, મોકલેલી વાર્તા સંપૂર્ણપણે પોતાની મૌલિક અને અપ્રગટ હોવાની, પ્રગટ કરવા માટે ક્યાં ય મોકલી ના હોવાની અને હવે ક્યાં ય મોકલશે નહીં તેવી બાહેંધરી સાથે આશરે પચાસ શબ્દોમાં પોતાનો પરિચય અને પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ મોકલવો જરૂરી છે. સ્પર્ધકો પોતાની વાર્તાની એક નકલ સાચવી રાખે તેવું સૂચન છે; કારણ કે વાર્તાની હસ્તપ્રત પાછી મોકલવાનું શક્ય નથી. સ્પર્ધામાં પારિતોષિકો માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. પરિણામના અનુસંધાનમાં કોઈ વાંધા કે વિવાદને માટે અવકાશ નથી. આ સ્પર્ધા અંગે કોઈ પત્રવહેવાર, એસએમએસ કે ફોનચર્ચા થશે નહીં.

વાર્તા મોડામાં મોડી ડિસેમ્બર ૩૧, ૨૦૧૧ સુધીમાં, નીચેના સરનામે મળી જશે તો જ સ્પર્ધામાં ભાગ લેવાને પાત્ર ગણાશે. વાર્તા મોકલવાનું સરનામું : ‘વાર્તાસ્પર્ધા’, એ. વી. ઠાકર, “મમતા” માસિક. 977/2, સેક્ટર 7–સી, પથિકાશ્રમ બસ ડિપોની સામે, ગાંધીનગર – 382 007. વર્ડ કે પીડીએફ ઈ–મેઈલથી મોકલવાનું સરનામું : mamatamonthly@hotmail.com

ભારતમાં વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ (૧૨ અંક) ઉપરના સરનામે સ્વીકારાશે. અમેરિકામાં વાર્ષિક લવાજમ $ 30 (૧૨ અંક) લવાજમનો ચેક ‘Chicago Art Circle’ના નામે 1468-Sandburg Drive, Schaumburg, IL 60173, USA સરનામે મોકલવો. સંપાદક : મધુ રાય. તંત્રી, મુદ્રક, પ્રકાશક : એ. વી. ઠાકર. સહ સંપાદક : રમેશ તન્ના. પરામર્શક : રજનીકુમાર પંડ્યા, બકુલ બક્ષી, બળવંત જાની, કનૈયાલાલ ભટ્ટ. વ્યવસ્થાપક : મનોજ ગાંધી.

't' આટલું દોરવા કહ્યું. આ પાયા ઉપર ત, ન, મ, ભ, આપ્યા. શબ્દ બનાવ્યો 'મફત'. અર્થ આપ્યો – free of cost અને કહ્યું, આ આવડે તો દુનિયાભરમાં ક્યાં ય મુશ્કેલી નહીં પડે !

ત્યાં એક બીજો, અવિસ્મરણીય બનાવ બન્યો. એક વિદ્યાર્થી ઊભો થયો. કહે, 'Now I know the meaning of my father's name. He is Mafatlal! He is free of cost!' ને વર્ગમાં હાસ્યનાં મોજાં ફરી વળ્યાં !

મેં કહ્યું, 'હવે ઘરે જઈને તારા પપ્પાને આ વાત ન કહેતો!' તો કહે, 'Well, leave it to me.' એ મારા પર છોડી દો ! સ્વતંત્ર મિજાજ, સ્વતંત્ર ખુમારી ધરાવતાં એ બાળકો ! ઈંગ્લેંડમાં જન્મી ઉછરેલાં બાળકો ! મારું માને ખરાં ?

પછીના શનિવારે તેના પિતા સાથે તેને શાળામાં પ્રવેશતા જોઈ હું ગુંચવાયો. કદાચ કંઈ ફરિયાદ કરવા આવ્યા હશે ? પણ તેમણે તો તરત મારો હાથ પકડી જોરથી હસ્તધૂનન કર્યું ! કહે, 'Thanks and congratulations! My son never wanted to come to this Gujarati School. Today he dragged me here!' આભાર અને અભિનન્દન, મારો દીકરો આ ગુજરાતી શાળામાં આવવા કદી તૈયાર થતો નહોતો ! આજે એ મને ખેંચીને અહીં લઈ આવ્યો છે ! - તેમની વિદાય પછી એ સુપુત્રને કારણ પૂછતાં તેણે કહ્યું, 'I want to know the meaning of my mother's name and my sister's name and all of my relatives. In Gujarati every name has a meaning. Isn't it? મારે મારી બા, બહેન ને બધાં સગાંનાં નામોનો અર્થ જાણવો છે. કારણ ગુજરાતીમાં તો બધાનાં નામોનો અર્થ હોય છે, ખરું ને ?

અને આમ ગઢ જીતાયો. પછી તો, પ ષ ય થ // ટ ઢ // લ બ ખ વ ળ // ર સ શ// દ ઘ ધ છ ઈ // જ // ગ ણ ઝ ચ અ // ઉ ઊ જેવા આમ, સરખા મરોડ અને આકારો ધરાવતા અક્ષરોનાં જૂથો દર શનિવારે આપતાં જઈને દસ શનિવારમાં તેમને કક્કા પર કાબૂ મેળવતાં કરી મુક્યાં.

ગુજરાતી ભાષાનું લેખન funny અને boring લાગતું હતું તે હવે તેમના જ શબ્દોમાં interesting બની રહ્યું.

[93A, Harrow View, HARROW, Middlesex, HA1 4SZ, U.K.]
**(સદ્ભાગ્ય : "સન્ડે ઈ–મહેફીલ" – વર્ષ: સાતમું – અંક : 230 – 06.11.2011**

# – એતાનશ્રી

### 'એવા રે અમે એવા ...' -

• મુંબઈથી બહાર પડતા ગુજરાતી દૈનિક, "મુંબઈ સમાચાર"માં દર ગુરુવારે પ્રગટ થતા 'વર્ડ-નેટ' વિભાગના પ્રણેતા, દીપક મહેતા અંગ્રેજી 'ટ્રેડમાર્ક અને કૉપીરાઈટરક્ષિત' શબ્દપ્રયોગોનો અર્થહીન અને સમજ વગરનો ઉપયોગ કરવા માટે જાણીતા બન્યા હોવાનું લાગે છે. ઉદાહરણ : 'ડાયલોગ' એટલે 'સંવાદ'.

હવે 'ડાયલોગ' મથાળા હેઠે દીપકભાઈ જે લખે છે તેને 'સંવાદ' કેમ કહેવાય? અંગ્રેજી શબ્દ વાપર્યા સિવાય જો ચેન જ ન પડતું હોય તો તેમણે 'મૉનોલૉગ'(એકોક્તિ) શબ્દ વાપરવો જોઈએ.

'વર્ડનેટ', 'બૂક માર્ક' આ બન્ને શબ્દો 'ટ્રેડમાર્ક અને કૉપીરાઈટરક્ષિત' છે. દીપકભાઈ આ શબ્દોનો અર્થ સમજ્યા વિના "મુંબઈ સમાચાર"માં જાણે કે તતૂડી ફૂંક્યે રાખે છે. આ બાબતની તેમને જાણ કરનારાને તેઓ રમણભાઈ નીલકંઠ અને ભટ્ટંભટ્ટીય ભાષાના હિમાયતી ગણે છે અને ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવાના દીપકભાઈના આ પ્રયોગો સામે અમે વિરોધ કરીએ છીએ, એમ લખી, હાંસી ઉડાવે છે.

અમે - એટલે મારા જેવા ભાષાશુદ્ધિના આગ્રહી ભટ્ટંભટ્ટીય ભાષાનો આગ્રહ નથી કરતા. અમારો અકળાટ–કકળાટ તો, જે અંગ્રેજી શબ્દો માટે ગુજરાતી શબ્દો સુલભ હોય તેવા તેવા શબ્દો માટેયે સ્વેચ્છાએ અંગ્રેજી શબ્દો દીપકભાઈ અને તેમના સાથીઓ ગુજરાતી ભાષામાં ઘુસાડ્યે રાખે છે તે સામે છે.

કવિ નર્મદ, રામનારાયણ પાઠક, ક.મા. મુનશી, શિવકુમાર જોશી, ચૂનીલાલ મડિયા કે ગુણવંતરાય આચાર્ય ભટ્ટંભટ્ટીય ભાષામાં નહોતા લખતા. કવિ નર્મદનાં લખાણોમાંથી ચૂંટી ચૂંટી એક નવા પુસ્તકના સર્જક કેમ સ્વેચ્છાએ અંગ્રેજી શબ્દોના અર્થ જાણ્યા સિવાય ધકાવે રાખે છે તે જ સમજાતું નથી ! વધુમાં, ગુજરાતી ભાષા પરના સ્વૈચ્છિક અત્યાચાર પણ તેઓ મુંબઈની પચરંગી ગુજરાતી પ્રજાના લાભાર્થે કરે છે તેવી સફાઈ જાણે કે મારતા હોય તેમ પહેલી નજરે દેખાઈ આવે છે. મુંબઈ–અમદાવાદની પ્રજા નર્મદના જમાનામાં પણ પચરંગી હતી અને આજે પણ છે. ફરક એટલો જ કે ૧૯મી અને ૨૦મી સદીમાં ગુજરાતી સાહિત્યના સર્જકો 'મોટા' હતા. આજના જેવા વામણા નહોતા. મુંબઈની પચરંગી ગુજરાતી પ્રજા, શુદ્ધ ગુજરાતી નહિ સમજે તેમ કહેવું તે મુંબઈની ગુજરાતી આલમના અપમાન કર્યા બરાબર છે.

અહીં 'વર્ડનેટ' ને બદલે 'શબ્દજાળ' લખવાનો અમે આગ્રહ નથી કરતા; પણ આ મથાળા નીચે જે લખાણ છપાય છે તે માટે 'સાહિત્ય–આસ્વાદ' અથવા '૧૯મી સદીનું ગુજરાતી સાહિત્ય' કે એવો જ કોઈ શબ્દપ્રયોગ વધુ ઉચિત ગણાત. મારી દૃષ્ટિએ તો આ વિભાગને 'કાતર-ગુંદરની કરામત' નામ આપવું જોઈએ ! જૂનાં પુસ્તકોમાંથી યથેચ્છ ઊતારા તો ખરા જ; પણ ઘણા મૌલિક કહી શકાય તેવા લેખોમાં, તે લેખ માટે કયા પુસ્તકમાંથી સામગ્રી એકઠી કરી છે તે વિશે દીપકભાઈ હમેશાં મૌન સેવે છે. પત્રકારત્વના સર્વ સામાન્ય નિયમનો આ ભંગ ગણાય છે તેની તેમને ફિકર નથી.

ભાષાસમૃદ્ધિ અને શબ્દકોશ : જગવિખ્યાત અંગ્રેજી શબ્દકોશમાં નવા નવા શબ્દો ઉમેરાય છે અને તેથી અંગ્રેજીભાષાનું શબ્દભંડોળ વિકસતું જાય છે, એ વાત બિલકુલ સાચી; પણ નવા નવા શબ્દ ઉમેરવા માટે દરેક શબ્દકોશના પ્રકાશક આગવા અને આકરા નિયમો પાળે છે. ગમે તે વ્યક્તિને પોતાને મન ફાવે તે પ્રમાણે નવા શબ્દો ઉમેરવાનો અધિકાર નથી. ઑક્સફર્ડ ઈંગ્લિશ ડિક્શનરી વર્ષ દરમિયાન નવા શબ્દોની ચાર પુરવણી બહાર પાડે છે અને વર્ષને અંતે પુરવણીમાં ઉમેરાયેલા શબ્દો નવી આવૃત્તિમાં આમેજ થાય છે.

પણ નવા શબ્દો પૂર્તિમાં આમેજ થાય અથવા કરાય તે પહેલાં પ્રકાશન સંસ્થાના ભાષા નિષ્ણાત નવા શબ્દો વિશે સંશોધન કરે છે. આ નિષ્ણાતો દિનપ્રતિદિન અસંખ્ય વર્તમાન પત્રો, નવાં પુસ્તકો, ખાસ વિષય માટેના પ્રકાશનો, સરકારી પ્રકાશનો, લોકભોગ્ય સાહિત્ય - Pop culture magazinesમાં વપરાતા નવા શબ્દોની ૪" x ૬" કદના કાર્ડ પર નોંધ કરે છે. હવે આ નોંધ કમ્પ્યૂટર પર કરવામાં આવે છે. આ નોંધમાં શબ્દ કયા પ્રકાશનમાં વપરાયો, કયા પાના પર વપરાયો, કયા સંદર્ભમાં વપરાયો અને તે જ પ્રકાશનમાં કેટલી વખત આ નવો શબ્દ વપરાયો તેની નોંધ લેવાય છે.

ઉપર પ્રમાણેની નોંધ બાદ એ નવો શબ્દ કેટલા સમયથી પ્રચલિત છે તેની પણ નોંધ લેવાય છે (જેથી નવા શબ્દોનો વ્યવહારમાં કેટલો વપરાશ (usage) છે તેની માહિતી મળે છે.) અને ત્યાર બાદ આવા શબ્દોની યાદી શબ્દકોશની તંત્રી–સમિતિ સમક્ષ રજૂ થાય છે. પસંદ થયેલા શબ્દોમાંથી કયા શબ્દો આગામી આવૃત્તિમાં આમેજ કરવા તે વિશે ચર્ચા થાય છે, સંવાદ-વિસંવાદ થાય છે અને ત્યાર બાદ નવા શબ્દો તંત્રીમંડળની બહુમતિથી આગામી આવૃત્તિમાં દાખલ કરાય છે. દીપકભાઈ મહેતા આવી કોઈ શબ્દકોશની સમિતિના કે કાર્યકારી મંડળના સભ્ય હોય તો તેની મને જાણ નથી.

આપણા આળસુ અને ક્યારેક અજ્ઞાની સંપાદકો, તંત્રીમહાશયો અને કામચલાઉ અથવા કલાકના દરે રોજી મેળવતાં અર્ધદગ્ધ લેખક-લેખિકાઓ પોતાની મતિ અને મરજી પ્રમાણે અંગ્રેજી શબ્દોનો પોતાના લખાણમાં છૂટથી વપરાશ કરે છે. ક્યારેક આ પ્રકારનું લખાણ 'સ્ટાઈલ' કે 'ઇ-સ્ટાઈલ'ને નામે નવા લિબાસમાં રજૂ થાય છે.

દીપકભાઈને અને તેમના જેવા (દિલગીરીથી લખવું પડે છે) અનેક કહેવાતા વ્યવસાયી પત્રકારો, શાળા–કૉલેજના શિક્ષકો, ચૂંટાયેલા અને ન–ચૂંટાયેલા નેતાઓ, અભિનેતાઓ, તંત્રી અથવા પ્રકાશકોના સગાંસંબંધી એક દિનકા સુલતાન બની, છાપામાં લખતા થાય છે અને તે ક્યારેક નિષ્ણાત તરીકે ઓળખાય છે. પરિણામે ગુજરાતી પત્રકારત્વમાં 'આંધળાના ગામમાં કાણિયો રાજા' જેવી દશા જોવા મળે છે.

પુસ્તક વિવેચન : વર્ડનેટના આ જ અંકમાં ("મુંબઈ સમાચાર", નવેમ્બર ૩, ૨૦૧૧) દીપકભાઈએ વર્તમાનપત્રો અને વિજ્ઞાપન વિશેના એક મહાનિબંધના પ્રકાશન વિશે વિવેચન કર્યું છે અને તેમાં લેખિકાએ તે મહાનિબંધમાં સુધારા–વધારા ન કર્યા તે બદલ તેમની ટીકા કરી છે. આ બાબતમાં સામાન્ય નિયમ આ પ્રમાણે છે : પીએચ. ડી.ની પદવી માટે લખાયેલો મહાનિબંધ યથાવત્ પ્રકાશિત થાય (જેથી વાચક આ પ્રકાશનની સ્વતંત્ર તુલના કરી શકે) અથવા પ્રકાશકના આગ્રહથી કે સ્વેચ્છાએ લેખક સુધારા-વધારા સાથેની આવૃત્તિ પ્રસિદ્ધ કરે અને તે બાબતે તે પુસ્તકમાં ખાસ નોંધ મૂકે. પ્રકાશનનો આ સર્વ સામાન્ય રિવાજ છે તે બાબત દીપકભાઈ તદ્દન અજાણ હોય, તેમ તેમનું પુસ્તક વિવેચન વાંચતાં સમજાય છે.

દીપકભાઈએ વિજ્ઞાપન કે જાહેરખબરનાં જે ઉદાહરણો આપ્યાં છે તે વિશે વિશ્લેષણ કરવાનું તેમને (દીપકભાઈને કે લેખિકા બહેનને? તે સ્પષ્ટ નથી) ઉચિત નથી લાગ્યું. દીપકભાઈને કદાચ આ વિશ્વકરણના યુગમાં જાહેરખબરનું કેટલું મહત્ત્વ છે અને ગત જમાનામાં તે જાહેરખબર કેવી રીતે લખાતી - છપાતી તે જાણવાનું કે તે વિશે બે શબ્દ લખવાનું કેમ નહીં રુચ્યું હોય ?

આ વિવેચન લેખમાં દીપકભાઈએ ભારતીય અટક, મહારાષ્ટ્રીયન અટક્નું ખોટું ભાષાંતર કર્યું છે. અ.કા પ્રિયેવકર, પરાવલંબી, ત્યાર પછી પ્રિયેવકરને દીપકભાઈએ પ્રિયોપકર બનાવ્યા છે. ખરું નામ અને અટક છે અનંત કાકોબા પ્રિયોળકર અથવા અ. કા. પ્રિયોળકર.

બાપુરાવ નાઈક અને અનંત પ્રિયોળકરને ઓળખાવતા તેઓ 'અગુજરાતી' છે તેમ દીપકભાઈ કહે છે. મારી અલ્પમતિ પ્રમાણે 'બિન ગુજરાતી' શબ્દ વધુ યોગ્ય ગણાત. હકીકતમા બાપુરાવ નાઈક કે પ્રિયોળકર ગુજરાતીભાષી હતા કે કેમ તે વાત મહત્ત્વની નથી. કારણ કે આ બંને વ્યક્તિઓએ તેમનાં પુસ્તક અંગ્રેજીમા લખ્યા છે. બાપુરાવ નાઈકના Typography of Devnagari (Three Volume set). તપાસ કરતાં ખબર પડી કે આ ત્રણ ભાગની પ્રથમ આવૃત્તિ અમેરિકામાં લગભગ પંદરસો ડોલરની કિંમતે મળે છે. પોસ્ટેજનો ખર્ચ અલગ!

અનંત પ્રિયોળકરનું The Printing Press in India : Its Beginnings and Early Development (Published by Marathi Samshodhan Mandal, Mumbai) (1958) પુસ્તક જગ વિખ્યાત છે.

દીપકભાઈ જે સલાહ લેખિકાને આપે છે તે દીપકભાઈએ પોતે જ અપનાવી હોત અને ઇન્ટરનૅટ પર તપાસ કરી હોત તો તેમને આ માહિતી મળી શકત. બોલો, હવે નાઈક અને પ્રિયોળકર 'અગુજરાતી' કે 'બિનગુજરાતી' હતા કે કેમ તે મહત્ત્વની હકીકત લાગે છે?

આ જ લેખમાં 'ટ્રેલર્સ' શબ્દ વાંચ્યો. તેનો અર્થ 'વિશ્વાસઘાતી' કર્યો છે. વિશ્વાસઘાત માટે એક અંગ્રેજી શબ્દ છે 'ટ્રેઈટર - Traitor'. દીપકભાઈની કે લેખિકાની આ શબ્દ સમજવામાં કે છાપવામાં ભૂલ થઈ હોવાનો સંભવ છે.

વધુ કાંઈ નહિ તો દીપકભાઈ મહેતા આ વાંચ્યા બાદ 'ગુજરાતી પત્રકારત્વ અને વિજ્ઞાપન'ના લેખિકા શર્મિષ્ઠા ચુનીલાલ શાહની, તેમના પુસ્તકની અનુચિત અને બિનજરૂરી ટીકા કરવા બદલ માફી માંગી ઉત્તમ પત્રકારત્વનું ઉદાહરણ આપે તો કેટલું સારું !

દીપકભાઈ લખે છે કે 'પહેલા વિભાગમાં ચાર પ્રકરણ છે જે મોટે ભાગે પરાવલંબી છે'. આ 'પરાવલંબી' શબ્દે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. દીપકભાઈ સંપાદિત 'વર્ડનેટ'ના બધા જ લખાણ 'પરાવલંબી' કહી શકાય. અરે, દીપકભાઈએ લખેલા લેખ પણ 'પરાવલંબી' કહેવાય. ફરક માત્ર એટલો કે દીપકભાઈ પોતાના લેખ કયા પુસ્તકના આધારે કે 'અવલંબે' છે, તે જણાવતા નથી. લેખિકાને જે 'ગુના' માટે દીપકભાઈ પડકારે છે તે 'કાતર અને ગુંદરની બાટલી'નો આધાર તો દીપકભાઈ પણ લે છે જ ને? પણ 'પોતે કરે તે લીલા'ના નિયમ મુજબ, દીપકભાઈને આ બાબત વગોવવા તે ઉચિત નથી.

હવે, 'વર્ડનેટ'ની પ્રણાલિકા મુજબ 'ક્વિઝ' : 'વર્ડનેટ' વિભાગની શરૂઆતથી આજ દિન સુધી 'ફરદુનજી મર્ઝબાન'નો 'વર્ડનેટ'મા કેટલા વખત ઉલ્લેખ થયો છે? જવાબ નીચે જણાવેલ ઇ-મેઇલપર આ લેખ વાંચ્યા બાદ એક કલ્લાકમાં મોકલી આપવો. સાચા જવાબ આપનારના નામ આ લેખકના આ પછીના પરદેશી ભાષાના શબ્દોના ઉચ્ચાર અને ગુજરાતી ભાષાને વર્ણશંકરી ન બનાવવા વિષેના લેખ સાથે પ્રસિદ્ધ કરવામાં આવશે. (દીપકભાઈ કે તેમના મિત્રો, સગાં-સંબંધી તથા "મુંબઈ સમાચાર"ના કર્મચારીઓને આ 'ક્વિઝ'માં ભાગ ન લે, તેવી વિનંતી.)

**- હરીશ ત્રિવેદી**

e.mail : harisht895@sbcglobal.net

## ભલે હીંગના વઘારને બદલે બાર્બેક્યૂ સૉસની સ્મેલ આવે

• "ઓપિનિયન"નો ૧૭મો ડિજિટલ અંક વાંચવાની મજા આવી. લખાણોમાં આનંદ અને જિજ્ઞાસા વધારનાર સમૃદ્ધિ હતી.

તમારા વાંગારી માથાઈ અંગેના લેખમાં એક સુંદર ત્રૂટી જોવા મળી. લેખના બીજા પાને, વાંગારીના ચિત્ર હેઠળ 'વારાંગી' છપાયું છે. વાંગારી લડાયક વૃત્તિનાં હોવાથી કદાચ 'વારાંગી' વધુ બંધબેસતું લાગ્યું હશે !

આરાધના ભટ્ટના પિતાપ્રેમની વાતો વાંચવી ગમી.

નીલેશ રાણાની દ્વિધા દરેક મૂળ ભારતીય જે પશ્ચિમમાં વસેલા છે, તેમની દ્વિધા લાગી. સારી જીવનસરણી, પૈસા અને સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની અવેજીમાં, પશ્ચિમનું જીવન આપણને સારા પડકાર પણ આપે છે - જેમ કે લગ્ન પહેલાં સંભોગ, ભારતની સંસ્કૃતિ અને ધર્મથી વિખૂટાપણું વગેરે પશ્ચિમમાં રહેનાર મૂળ ભારતીયોએ આ બાબત વધુ હૈયાબળાપો કરવાનો હોય છે, તેનું કારણ તેમની ભૂલ ભરેલી ધારણા કે ભારતમાં માબાપે આવા પડકાર નથી ઝીલવાના. આ સાચું નથી.

આજના ઉપગ્રહી સંચારના જમાનામાં જીવનસરણી બધે જ સમાન થતી જાય છે. સંસ્કાર અને સંસ્કૃતિ હવે દરેક વ્યક્તિ અને દરેક પરિવારની વૈયક્તિક જવાબદારી થઈ ગયાં હોય, એમ લાગે છે. આપણે આ માટે સમાજ કે દેશને જવાબદાર ન માનીએ. બધાં જાણે જ છે કે નવરાત્રી પછી મુંબઈ - અમદાવાદની કન્યાઓમાં સગર્ભાવસ્થાના આંકડા ટોચ પર જાય છે. દિલ્હીમાં પંજાબી પરિવારોમાં ઇંગ્લિશ બોલવું એ ઉત્તમ ગણાય છે. હિન્દી બોલવું તે મધ્યમ અને પંજાબી નથી આવડતું તેમ કહેવું શ્રેષ્ઠ ગણાય છે. તો ન્યૂયૉર્કર ગુજરાતીઓ જો થોડું ઘણું ગુજરાતી બોલે તો પાડ માનવો.

છેલ્લે, અદમ ટંકારવીની ગઝલો ગમી. પણ પૂછું કે ધાણીફૂટ ગુજરાતી એટલે શું ? શા માટે નિરાશ થાઓ છો ? એમનાં નામ અને ગઝલમાં મળીને આઠ ફારસી શબ્દો મેં શોધ્યા છે. તે આવું ગુજરાતી જો ધાણીફૂટ હોય તો આપણી સાવકી બહેન ઇંગ્લિશને અપનાવો ને, યાર ! હું ફૂલાય થવાનો છું તે પણ ધાણીફૂટ જ કહેવાય, ભલે ધાણીમાં હીંગના વઘારને બદલે બાર્બેક્યૂ સૉસની સ્મેલ આવે.

**- ચેતન શાહ**

e.mail : chetan.gshah@gmail.com

## રિદ્ધિ વગરની સિદ્ધિ

• કેટલાક દિવસોથી અમે બહાર હતાં, દરમ્યાનમાં "ઓપિનિયન" આવ્યું અને પલાંઠીવાળી કમ્પ્યુટરમાં ગોઠવાઈ ગયું હતું. દીપકભાઈનો લેખ પુસ્તક પ્રકાશન ઈચ્છુકો માટે ઉપયોગી છે. બીજું બધું પણ વાંચી તાજેમાજે થઈ ગયો. "ઓપિનિયન"ની પ્રિન્ટેડ વર્ઝનમાં પાનાંની મર્યાદા હતી, ડિજિટલમાં આ પ્રશ્ન રહેતો નથી; હા, સમયનો કદાચ અભાવ રહે. ગુણવત્તાસભર અને વાંચનક્ષમ્ય સામગ્રી અત્યારે બહોળા વર્ગમાં પહોંચે છે, તે તમારી રિદ્ધિ વગરની સિદ્ધિ છે, જે તમને બીજાંથી અલગ અલગારી ઓલિયા બનાવે છે. દેવું, સારું દેવું, એ તમારો મુદ્રાલેખ બન્યો/બનાવ્યો. તમારા મિત્ર હોવાનું મને ગૌરવ છે.

**- પ્રવીણ પટેલ 'શશી'**

e.mail : pcpatelxshashi@aol.com

## તંતોતંત સંસ્કારી સજ્જનની વિદાય

• ગુજરાતી સાહિત્ય અકાદમીના વિવિધ કાર્યક્રમોમાં લાંબા અરસાથી અનિલભાઈ કાગળવાળાને મળવાનું બન્યું છે. એ ભારે વિનયી અને વિવેકી હોવાનો મારો અનુભવ છે. એ તંતોતંત સંસ્કારી સજ્જન હતા. અકાદમી સાથે એ સક્રિયપણે જોડાયેલા રહ્યા તેથી પુરવાર થાય છે કે એમને ગુજરાતી ભાષા-સાહિત્યનાં સંવર્ધનનાં કામોમાં રસ હતો. મારી જેમ બીજા અનેકો પણ આ શાંત અને ખુશમિજાજી આગેવાનની ખોટ અનુભવશે, તેની મને ખાતરી છે.

દિવંગતના આત્માને શાંતિ મળજો અને શેષ પરિવારને શાતા મળજો.

**- રોહિત બારોટ**

e.mail : rohitbarot@gmail.com

## તપનો અંદાજ

• ઑક્ટોબર અંક પર વિહંગાવલોકન દૃષ્ટિએ નજર કરી લીધી છે. આટલું સરસ અને સુંદર સામયિક આપવા માટે તમારો આભાર માનું છું. આ અંકોનાં સંપાદનકામ માટે કેટકેટલું તમારે તપ કરવાનું બનતું હશે તેનો સહજ અંદાજ મળી રહે છે. ધન્યવાદ.

**- વલ્લભ નાંઢા**

e.mail : vallabh324@aol.com

## ભાવોન્માદની પળ

• ઓ મારા મહેરબાન ! (૯૨ વર્ષની વયે પહોંચેલા) મહાત્માનો અવાજ સ્પષ્ટપણે મને સાંભળવા મળ્યો. મારા માટે એ ભાવોન્માદની પળ હતી. આભાર.

**- રજની પી. શાહ**

e.mail : rpshah37@hotmail.com

• "ઓપિનિયન"નો ઑક્ટોબર અંક વાંચી રહ્યો. પૂર્વવત્ તમે સારા લેખો આપવાના રાખ્યા છે. અભિનંદન.

**- જયંતી એમ. દલાલ**

e.mail : jmdalal@rediffmail.com

## વાંગારી માથાઈ લેખનાં ઓવારણાં ને બીજું બધું ...

• વાંગારી માથાઈ વિશે વાંચવાની મજા પડી. અને કેટલીક કવિતાઓ ય ગમી. આ 199મો અંક છે જાણી આનંદ પામ્યાં. "ઓપિનિયન" હજુ ઊંચા સોપાન સર કરે તેવી અભ્યર્થના !

**- ચંદ્રા અને સુરેશ શાહ**

e.mail : cshah@singnet.com.sg

• આટઆટલી 'લિન્ક્સ' માટે આભારી છું. "ઓપિનિયન"નો 199મો અંક મેળવીને ય રાજી થઈ. વાંચવાની મજા પડી. વાંગારી માથાઈ અંગે તમે લખેલો લેખ ખરેખર સારો રહ્યો.

**- ઉષા ઠક્કર**

e.mail : ushathakkar@yahoo.com

• નિયમિતપણે "ઓપિનિયન" પાઠવવા માટે આભારી છું. દરેક અંક પોતાની રીતે આગવો બનતો આવ્યો છે. માનવ-રસને કેન્દ્રમાં રાખીને પ્રકાશ્ય અને અપ્રકાશ્ય સામગ્રી લેખો તેમાં રસપ્રદ રીતે આમેજ હોય છે. આથીસ્તો, તમે ખરેખર અભિનંદનના અધિકારી છો.

**- જયન્ત જોશી**

e.mail : jvrjoshi@yahoo.com

• વાંગારી માથાઈ બાબતનો લેખ ખૂબ જ પ્રોત્સાહક રહ્યો. તમે દર્શાવી છે તેવી તેવી એમને અડીનડી મુશ્કેલીઓ તેમ જ એમણે મેળવેલી સિદ્ધિઓ બાબતની વિગતો કોઈ પણ ભારતીય સામયિકોમાં ભાળી નહીં. મારાં અભિનંદન તથા શુભ કામનાઓ સ્વીકારજો.

મીરાંબહેન ભટ્ટ તથા કાંતિભાઈ શાહને આની મુદ્રિત પ્રત મોકલવા તમને અનુરોધ કરું.

**- જયંતીલાલ શાહ**

e.mail : jsshah@molygraph.com

## કરૂરા વનમાં ઓશવાળની વાંગારી માથાઈ સ્મૃતિ કેન્દ્રની યોજના

• "ઓપિનિયન"નો 26 ઑક્ટોબર 2011નો અંક મને મોકલવામાં આવ્યો છે. ઓશવાળ સમાજના શૈક્ષણિક અને રાહત કાર્ય બૉર્ડ હેઠળ દિવંગત સન્નારી સાથે કામ કરવાની અમને તક મળી છે.

કરૂરા જંગલને બચાવવામાં વાંગારી માથાઈનો અગ્રગણ્ય હાથ હતો. તે વિસ્તારમાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્રની રચના કરવાનાં કામમાં અમે સક્રિયપણે મંડેલા જ છીએ. આ કેન્દ્રની રચના કરવાનું એમને સપનું હતું અને મોટા ભાગનું એમની સ્મૃતિમાં કામ કરાતું રહેશે.

હવે પછીની પ્રગતિથી અમે તમને માહિતગાર રાખશું.

**- રાજેશ દેવચંદ શાહ**

Chairman
Managing Committee
Karura Forest Environmental Education Centre
e.mail : belmillfeeds@wananchi.com

## તાજા પવનની હળવી સુરખી

• 'અલવિદા – મારી આંગ્લભૂમિ' નામે મારો લેખ "ઓપિનિયન"ના આ ઑક્ટોબર અંકમાં ત્વરાએ સમાવવા માટે આભારી છું.

મારાં અનેક સ્નેહી-સગાં-મિત્રોને આ ડિજિટલ અંક મોકલી આપવાની મેં છૂટ લીધી છે. તેમાંનાં, વળી, કેટલાકોએ તેમના સ્નેહીમિત્રોને પાઠવી આપ્યો છે, કેમ કે તેમને "ઓપિનિયન" પસંદ પડ્યું છે. તેમને તે તાજા પવનની હળવી સુરખી લાગી છે.

અહીંથી વિદાય થઈએ છીએ તેને કારણે સાહિત્યિક મિત્રોની અમને ખોટ લાગ્યા વિના રહેવાની નથી. પરંતુ તે સૌ સાથે સંપર્ક જાળવી શકાય તે માટે "ઓપિનિયન" સહાયક નીવડશે, તેની ખાતરી છે. આ સૌ મિત્રો મુંબઈ આવે જાય ત્યારે અમારો સંપર્ક જરૂર કરે, તેવી આશા સેવીએ.

તમને તથા વાચકોને સહૃદય 'આવજો' કહીએ છીએ.

**- રજનીકાન્ત જે. મહેતા**

e.mail : rajnilamehta@gmail.com

**(અનુસંધાન છેલ્લા પાન પરેથી)**

સુલોચનાને વિચાર આવ્યો, 'બજારુ સ્ત્રીઓને પૈસા અને સાથે પ્રેમ પણ મળે છે; મને તો પ્રેમને બદલે પૈસા મળે છે ! હું તો તેમનાથીયે બદ ?' અંગ્રેજી મૂવી 'ઝીઝી'નું એક ગીત યાદ આવ્યું:

A necklace is love
Diamond is love
An ugly black cigar is love.

એક દિવસ બપોરે ત્રણ વાગ્યે ડૉ. ઘરે આવ્યા. 'કેમ આટલા વહેલા ?'

'થાક લાગ્યો હતો એટલે ઑફ લીધો. પેટમાં અને છાતીમાં અકળામણ લાગે છે. મને એક 'આલ્કા' આપે છે ? સ્ટમક અપસેટ થયું લાગે છે.'

'રાયન સ્મિથને બોલાવું ?' ડૉ. સ્મિથ એમના મિત્ર હતા અને ડૉ. જાનીના કલીગ હતા, નામાંકીત હાર્ટ સ્પેશિયાલીસ્ટ પણ હતા.

'ના રે ના, 'આલ્કા'ની જ જરૂર છે.' એકાદ દિવસ ઘરે આરામ કર્યો. બીજે દિવસે સારું લાગ્યું એટલે સુલોચનાને 'ચિન્તા ન કરીશ' કહીને ઉપડવા તૈયાર થયા.

'કામે ચડતાં પહેલાં રાયનને બતાવજો. કમસે કમ એક કાર્ડિયોગ્રામ તો કઢાવી લો. મશીન તો તમારી ઓફિસમાં જ છે.' સુલોચનાએ સૂચન કર્યું.

'તું પ્રૅક્ટિસ કરવાનું બન્ધ રાખ. ડૉક્ટર હું છું કે તું ?' કહી વિદાય થયા.

સવારના દર્દીઓને તપાસી સાંજનો રાઉન્ડ લેતાં ફરી પાછી બેચેની થઈ આવી. છાતી પર કોઈ હાથીએ પગ મુક્યો હોય તેવું લાગ્યું અને ડાબા હાથમાં ખાલી ચડી હોય તેવો આભાસ થયો. એ દિશા બદલી ઈમરજન્સી રુમ તરફ ઉપડ્યા. નર્સની ડેસ્ક પાસે પહોંચ્યા અને આખા શરીરે પરસેવો વળી ગયો, હાંફ ચડી ગયો, હાથ ઠંડા પડી ગયા. નર્સ કંઈ પૂછે તે પહેલાં તો તે ઢગલો થઈને નીચે પડ્યા.

હોશિયાર નર્સે જીભ નીચે નાઈટ્રો મૂકી, ભોંય પર સુવડાવી, ઑક્સિજન આપવાનું શરુ કરી દીધું. ઈમરજન્સી રુમમાં લઈ જઈને સારવાર શરુ કરી દીધી.

ડૉક્ટર જાની જ્યારે ભાનમાં આવ્યા ત્યારે એમની નજર પહેલાં તો ઉપર ટીંગાયેલી બૉટલ પર ગઈ. સેલાઈન અપાઈ રહ્યું હતું. ડૉક્ટર સ્મિથ બાજુમાં ઊભા હતા. 'ડૉલટ, આઈ સૉ યોર ઈ.કે.જી. સૉરી, યુ હેડ એક્યુટ હાર્ટ–એટૅક ! લકી યુ વર ઈન ધ હૉસ્પિટલ, એલ્સ યુ વુડ હેવ બીન ઈન ધ મોર્ગ.' એનજિયોગ્રામ લીધો, એકબે ધમનીઓમાં અવરોધ કળાયો, એન્જિયો–પ્લાસ્ટી કરી અને શરીરમાં બધે લોહી ફરવા લાગ્યું. ઈ–પાસની જરુર ન દેખાણી.

આઈ.સી.યુ.ના 205માં રુમમાં દાખલ કર્યા.

અમીનું ધ્યાન રાખવાની વ્યવસ્થા કરી, સુલોચના તો ડૉ. જાની પાસે પહોંચી ગઈ. અંદર જઈને કહે, 'પોતાને ડૉક્ટર કહેનારા રુમ નંબર 205ના દેશી દર્દી, કેમ છો ?' રુમમાં આવી, બાજુમાં બેસી એણે ડૉ. જાનીનો હાથ પકડ્યો.

ડૉ. દોલત જાનીના મોં પર એક સ્મિત ફરકી ગયું. 'વેલ, માય લેડી ડૉક્ટર, એનો આધાર તો તમારા પર જ છે ! ...'

પછી સુલોચનાનો હાથ પ્રેમથી પંપાળતાં ઉમેર્યું, 'સુલુ ! આપણી અમીને નવા ડૅડી જોઈતા હતા ને ? બિલકુલ નવા તો નહીં; પણ જૂનામાંથી, સ્વાનુભવે સુધરેલા નવા ડૅડી તો એને જરુર મળશે.'

[લેખકના વાર્તાસંગ્રહ 'પાનખરની કુંપળ'માંથી સાભાર.]

5-Phillip Court, JOHNSON CITY, TN 376045 - USA
e.mail : mehtaj@mail.etsu.edu

**(સદ્‌ભાગ્ય : 'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : સાતમું – અંક : 218 – May 22, 2011)**

•••••••••••••••••

**ક્યાંય ના જરી ક્લેશ હો; ને ક્યાંય ના જરી ક્લાન્તિ હો;**
**સર્વને હો તાઝગી પ્રાત:ફૂલોની, શાન્તિ હો.**
**વ્યોમમાંયે શાન્તિ હો, ને ભોમમાંયે શાન્તિ હો,**
**વ્યોમભોમની મધ્ય રોમેરોમ સોમ શી શાન્તિ હો.**
**પૃથ્વી તો કંપે હજી ક્યારેક; એ જંપી નથી,**
**હો ધરીમાં સ્નિગ્ધતા, ને ક્ષુબ્ધતાને શાન્તિ હો.**
**એક જે હતું પૂર્ણ તે ખુદ કણકણોમાં ચૂર્ણ છે,**
**એ પૂર્ણપણમાં હોય તેવી ચૂર્ણકણમાં શાન્તિ હો.** **– 'ઉશનસ્'**

# ડૉક્ટર ઈન ધ હાઉસ ?

• જયન્ત મહેતા

ગઈ કાલે જ એમની ચાર વરસની દીકરી અમીના બોલેલા ચાર શબ્દો હજુ મન્દિરના ઘંટની જેમ કાને વાગતા હતા : 'Mom, can we get another dad when our dad goes to work ? મારી સાથે કોઈ વખત પ્લે નથી કરતા. He is always tired when he is home.' અને ડૉ. જાનીનું માથું ભમી ગયું. તે ઓછું હોય તેમ આજે બપોરના બે વાગ્યા છે અને હજી લંચ લેવાની ફુરસદ મળી નથી. હૉસ્પિટલનું કૅફેટેરિયા બન્ધ થઈ ગયું. સેન્ડવીચ–શૉપમાંથી એક ફ્રોઝન સેન્ડવીચ લઈ, માઈક્રોવેવમાં ગરમ કરી, હજી તો બેઠા જ ત્યાં બીપર વાગ્યું. 'બીપ, બીપ, બીપ ...'

'જમ્પીને જમવા પણ ન દે !' એમ બબડતા ડૉક્ટરે ફોન ઉપાડ્યો. 'યા, ધીસ ઈઝ ડૉ. જાની .. ડીડ યુ પેજ મી ?' અવાજમાં ગુસ્સો, અકળામણ અને અધીરાઈ હતાં.

'યસ ડૉક્ટર, સોરી ટુ ટ્રબલ યુ, બટ ...' નમ્ર અવાજે નર્સનો અવાજ આવ્યો.

'યસ, વૉટ ? મારી સેન્ડવીચ ઠરે છે. બોલ, છે શું ?' ડૉ. જાનીના અવાજમાં રોષ હતો.

'મિસ્ટર જહૉનસન ઈન રૂમ નંબર 206 હેઝ ચેસ્ટ પેઈન.'

'ઓહ, ધૅટ ફૅટ ગાઈ ! ગીવ હીમ સમ નાઈટ્રો એન્ડ રન કાર્ડિયોગ્રામ.' ઉતાવળમાં જવાબ આપી ફોન મૂકી દીધો.

લંચ પતાવે ત્યાં સુધીમાં પાંચછ વખત બીપિયારીએ પજવ્યા. 'એન્ડ અમી વૉન્ટ્સ અનધર ડેડી ...' પાછી પેલી વાત યાદ આવી. મૂડ ગરમ હતો અને હવે બૉઈલ થવાની અણીએ પહોંચ્યો.

ડૉક્ટર દોલત જાની ૧૫ વરસ પહેલાં ભારતથી અમેરિકા આવેલા. ત્યારે અહીંના શરૂઆતના દિવસો કપરા હતા; પણ હવે સારી પ્રૅક્ટિસ બન્ધાઈ ગઈ હતી. ખૂબ પૈસા મળ્યા અને ફાજલ સમય ખોઈ બેઠા. ડૉક્ટરની બીઝી જિન્દગીની આ મોટી રામાયણ. કટાણે મળે તે જંક ફુડ ખાઈ લેવો પડતો હોય, બીપર પર દોડતી જિન્દગીમાં શ્વાસ ખાવાનો સમય ન હોય, ત્યાં કસરત કેમ કરી શકાય ! વધતું વજન અને માથું કાઢતી ફાંદ, ચહેરા પર વ્યગ્રતાની કરચલીઓ, હવે જાણે ઈસ્ત્રી કરી હોય તેવી કાયમી થઈ ગઈ હતી. રાબેતા મુજબ 55 વરસે વાળ પણ ધોળા થવા આવ્યા. જાણે વૃદ્ધત્વની ચાડી ખાતા ન હોય !

એકધારી આ જિન્દગીમાં દર્દીઓથી પણ કંટાળો આવતો. બીજા હલકા પર્યાય ન હોવાથી હૉસ્પિટલે આવી પડેલા દર્દીઓને તે ખાલી 'ધૅટ ફૅટ ગાઈ', 'રૂમ નંબર 206', 'ધૅટ ક્રેઝી બીચ વીથ ડાયાબિટીઝ' કે 'ન્યુમોનિયાવાળો બુઢ્ઢિયો' તરીકે ઓળખતા. દર્દીને પોતાના નામને બદલે દર્દના નામથી, બાહ્ય લાક્ષણિકતાથી જ ઓળખવાની કુટેવ મનમાં જડ ઘાલી બેઠેલી.

'એન્ડ અમી વૉન્ટ્સ અનધર ડેડી ... હં.' તેની સાથે બાસ્કેટબૉલ તો શું સ્ક્રેબલ રમવાનો સમય પણ નથી મળતો. સુલુ સાથે પિક્ચર જોવા છેલ્લે ક્યારે ગયાં હતાં એ પણ યાદ કરવું અઘરું હતું. 'સાલો ટાઈમ જ નથી મળતો ... !' એમ કહી મનોમન સાન્ત્વના મેળવતા.

સાંજે આઠેક વાગ્યે દોલત જાની ઘરે પહોંચ્યા. બારણું ખોલી દાખલ થયા અને સુલુને સજ્જ થઈને બેઠેલી જોઈ ડઘાઈ ગયા. ટાપટીપથી પૅસ્ટલ કલરની સાડીમાં તૈયાર થઈ, 'આમીરાઝ'થી મઘમઘતી, માથામાં ગુલાબનું ફૂલ ખોસી બેઠેલી સુલુ, જરા તુમ્બડું ચડાવવાને બદલે હસે તો કેવી સારી લાગે એમ થયું – અને બીજી જ પળે તુમ્બડાનું કારણ પોતે જ હશે એવી ભ્રાન્તિ થઈ. સુલુએ કાંડે નજર નાખી કહ્યું, 'લેઈટ અગેન, માઈ લવ !'

'લેઈટ ફોર વૉટ ?' આદત પ્રમાણે તાડૂકીને ડૉક્ટર બોલ્યા.

'મહેરબાન, બીજાઓને કહો છો પણ તમારે મેમરી માટે ઝીંકોબા લેવાની જરૂર છે. કોઈ ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શનની જરૂર નથી.' પછી ઉમેર્યું, 'અને જરૂર હોય તો એક સારા ડૉક્ટરનેયે હું જાણું છું. ગયા અઠવાડિયે અમીની વર્ષગાંઠ ભૂલી ગયા ! મીણબત્તી ઠરી ગઈ, એના મોં પરનાં આંસુઓ સુકાઈ ગયાં; પણ મહેરબાન તો દરદીના હાથ પકડી બેઠા રહ્યા હતા. આજે લગ્નની પન્દરમી એનિવર્સરી છે. ઘર છે એટલું તો યાદ રહ્યું તેટલું સારું; પછી વાઈફ છે કે દીકરી છે તે યાદ રાખે કે નહીં તે ગૌણ બાબત છે ...' સુલોચનાના અવાજમાં ગુસ્સો, હતાશા, અકળામણ અનેક ઊર્મિઓનું મિશ્રણ હતું.

'શી નાવ વૉન્ટ્સ અનધર હઝ્બન્ડ !' મનમાં ડૉક્ટર બોલ્યા અને લૂલો બચાવ રજૂ કર્યો, 'મારે યાદ રાખવાનું કંઈ ઓછું છે ? ભૂલી પણ જવાય !'

'યુ પ્રૉમિસ્ડ કે આપણે બહાર જમવા જઈશું, પિક્ચર જોઈશું.'

'ઓહ ! સોરી, બટ યુ ડોન્ટ હેવ ટુ નેગ મી ! લુક, હું થાકી ગયો છું. કાલે જઈએ તો ?'

સુલોચના મૌન રહી. હતાશ મને અન્તે તેણે સમ્મતિ આપી. 'ઓ.કે.; પણ આવતી એનિવર્સરી પર હું રાહ નહીં જોઉં.' જરા ધમકી આપી ને પછી જરાક મરકીને બોલી, 'મેં નક્કી કર્યું છે કે પેશન્ટ તરીકે જ હું હૉસ્પિટલમાં દાખલ થઈ જઈશ તેથી મળી શકાય.'

ડૉક્ટર કટાક્ષ માટે તૈયાર નહોતા. એની કમાન છટકી. 'આ બધી મહેનત ... આ પૈસા તમારાં બધાં માટે જ છે ... અમીને સારી કૉલેજમાં ડૉલર જોઈશે ને ?'

સુલુ શીંગડાં ભરાવવા તૈયાર હતી. 'હાઉ નાઈસ ઓફ યુ ! હું ભગવાનને પ્રાર્થના કરું છું કે આ ભણેલો, કમાઉ વર આપ્યો છે, આ મર્સીડીઝ અને સાબ જેવી ગાડીઓ આપી, ઈન્ડોર જાકુઝી અને આઉટડોર પૂલવાળું પાંચ બેડરૂમનું ઘર આપ્યું ... ઘણો પાડ. પછી એબ્સન્ટી હસ્બન્ડ જેવી ચીજ માટે ફરિયાદ શાને કરું !'

સુલોચના ઉપર જઈને કપડાં બદલવા લાગી. પાછી આવી ત્યાં ડૉક્ટર તો ફેમિલી રૂમમાં એમનું મોં છાપા તળે ઢાંકી ઊંઘી ગયા હતા. ટીવી પર કોઈ કૉમેડિયન અક્કલ વગરની જોક કરતો હતો અને એવું જ અક્કલ વગરનું ઓડિયન્સ તાળીઓ પાડતું હતું. 'આ અક્કલવાળા શાહમૃગની જેમ માથું ઢાંકી ઊંઘી ગયા છે.' સુલોચનાને વિચાર આવ્યો.

સુલોચનાએ ટીવી બન્ધ કર્યું. શોધીને એક સીડી ચાલુ કરી અને 'હાય રે વો દિન ક્યું ના આયે ...' ના શબ્દો ગુંજી ઊઠ્યા. ભૂતકાળ નજર સામે આવી ગયો. સંગીત અને નૃત્યનો તેને કેવો શોખ હતો ! અને આજે ક્યાં જતો રહ્યો ? લાવ, ભાગી જાઉં ? ઈંડિયા જતી રહું ? અમીનું શું થશે ? મારા મનમાં આનન્દ ન હોય તો મારા છોકરાંને કેવી રીતે જીવન માણતાં શીખવાડી શકું ? આનન્દ વગરનું જીવન જીવન જ ન કહેવાય ને ! કોઈ પ્રેમી શોધી લઉં ? અને તરત જ વિચાર આવ્યો કે ભારતીય નારીથી આવો વિચાર થઈ શકે ?

ભારતીય નારી એટલે સુખ મેળવવાનો કોઈ હક્ક જ નહીં ? પડ્યું પાનું નિભાવવામાં જ આનન્દ મેળવવો રહ્યો ? એ તે કઈ જાતનો આનન્દ ?

અઠવાડિયા પછી સુલોચનાએ દોલતને કહી દીધું, 'લુક, ડિયર, તમે અમારે માટે જેટલા પૈસા બનાવ્યા છે તેના અડધા પણ અમને પૂરતા છે. હવે વધુ નથી જોઈતા. તો આપણે છૂટાછેડા લઈ લઈએ તો કેમ ?

ડૉક્ટર ચમક્યા. 'પછી ? પછી કોની સાથે રહીશ ?'

'કોઈની સાથે જ જો રહેવું હોય તો તમે શું ખોટા હતા ? અને કોઈ બીજો દિલવાળો સંગી મળે તો સમાનધર્મી સાથે કેમ ન રહેવું ? અને છૂટાછેડા લીધા પછી તમને શી નિસ્બત કે હું શું કરું છું અને કોની સાથે – અને આજે અમસ્તીયે શી નિસ્બત છે તમને ?'

ડૉક્ટરે કુણા પડી જરા વિનન્તી કરી, 'એક વરસ ખમી જા. આવતે વરસે પાર્ટનર લઈ લઈશ અને સાત દિવસને બદલે ચાર દિવસની પ્રૅક્ટિસ કરી દઈશ. શનિ–રવિ તો ડૉક્ટર કાર્ટરને આપવાનું નક્કી કર્યું જ છે ...'

ડૉક્ટરે રીઝવવા ઉમેર્યું, 'મેં થોડા વખત પહેલાં ડાયમંડનો એક સેટ પેલા ઝવેરીને ત્યાં જોયેલો. હાઉ અબાઉટ ધૅટ એઝ એનિવર્સરી ગિફ્ટ ફ્રોમ મી ? અથવા તો સરસ સંગીત માટે 'બોઝ'ની નવી સાઉન્ડ સિસ્ટમ.'

**(અનુસંધાન 23 પાન પરે)**

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.11.2011]